ત્યારે મારી પાસે 'સમય' નહોતો
જ્યારે મારો 'સમય' હતો.
કરુણતા જીવનમાં એ સર્જાઈ છે કે
આજે મારી પાસે સમય જ સમય છે
પરંતુ આજે મારો સમય નથી !

**સુખના સમયમાં માણસને દુઃખી પાસે જવાનો સમય નથી હોતો અને એના ખુદના જીવનમાં જ્યારે દુઃખો આવે છે ત્યારે કોઈ સુખીને એની પાસે આવવાનો સમય નથી હોતો ! અને બને છે એવું કે દુઃખના સમયમાં માણસને જ્યારે બીજા તરફથી સમય પણ નથી મળતો ત્યારે એ માનસિક સ્તરે એ હદે તૂટી જાય છે કે ક્વચિત્ આપઘાતના માર્ગે પણ ચાલ્યો જાય છે. તમે દુઃખીને સંપત્તિ નથી આપી શકતા એમ ને ? ચાલશે. તમે એને સ્મિત તો આપો ! તમે સ્મિત આપી શકો એટલા પણ ઉદાર નથી એમ ને ? ચાલશે. તમે એને સમય તો આપો ! જો તમે સમય આપવા પણ તૈયાર નથી તો માનજો કે તમારું જીવન સર્વથા વ્યર્થ છે.**

માત્ર ૩૫/૪૦ વરસની વયના એ સર્જ્યન ડૉક્ટર છે. પ્રવચનમાં એ આવે તો ખરા પણ પ્રવચનમાં આવતા મહત્ત્વના મુદ્દાઓ એ પોતાની પાસે રહેલ નાની ડાયરીમાં નોંધી પણ લે. એક દિવસ હું પ્રવચન કરીને આવ્યો અને એ ડૉક્ટરે પોતાના મુખે જ ચારેક દિવસ પહેલાં પોતાના જીવનમાં જ બનેલો પ્રસંગ કહી સંભળાવ્યો.

✣ ✣ ✣

મહારાજ સાહેબ ! આજે ઘરેથી હૉસ્પિટલ જવા નીકળ્યો ત્યારે મનમાં સંકલ્પ કરી લીધેલો કે રસ્તામાં જે પણ સફાઈકામ કરનાર માણસ મને દેખાશે એની પાસે ગાડી ઊભી રાખીને મારી શક્તિ પ્રમાણે પણ હું એને કંઈક આપીશ જ.

શું કહું આપને ?

હૉસ્પિટલની એકદમ નજીક પહોંચવા આવ્યો ત્યાં સુધી મારી નજરે એક પણ સફાઈકામવાળો ચડ્યો નહીં. મને મનમાં દુઃખ પણ થયું કે મારું પુણ્ય ઓછું જ લાગે છે.



જિંદગીમાં પહેલી જ વાર તો આવો મંગળ સંકલ્પ કર્યો છે અને મારી નજરે સફાઈકામવાળો ચડતો જ નથી. અલબત્ત, આમાં મારો દોષ પણ હતો કારણ કે હું ઘરેથી નીકળ્યો ત્યારે સમય થઈ ગયો હતો સવારના આઠ વાગ્યાનો. સફાઈકામવાળા તો વહેલી સવારના સફાઈકામ કરીને રવાના જ થઈ જતા હોય છે.

પણ,

આશ્ચર્ય સર્જાયું. અચાનક મારી નજર રસ્તાથી થોડેક દૂર રહેલ દુકાન પર પડી અને ત્યાં એક સફાઈકામવાળાને ઊભેલો જોયો. મારું હૈયું આનંદિત થઈ ગયું. મેં રસ્તાની એક બાજુ ગાડી ઊભી રાખી અને બૂમ લગાવીને એને નજીક બોલાવ્યો. એ નજીક આવ્યો. મેં ખીસામાં હાથ નાખી પાકીટ બહાર કાઢ્યું. પાકીટમાં રહેલ નોટોમાંથી પહેલી નોટ જે હાથમાં આવી એ બહાર કાઢી. એ નોટ ૫૦૦ ની હતી. મેં પ્રસન્નતાપૂર્વક સફાઈકામવાળા સામે એ નોટ ધરી દીધી.

'પણ શું કામ ?'

**'રસ્તાઓ બગાડવાનું કામ અમે કરીએ છીએ અને અમારા દ્વારા બગડતા રસ્તાઓ સાફ કરવાનું કામ તમે બધા કરો છો. બસ, એ જવાબદારી વફાદારીપૂર્વક નિભાવવા બદલ મારા તરફથી આ ૫૦૦ રૂપિયા તને ભેટ !'**

મહારાજ સાહેબ ! આપ વિશ્વાસ નહીં કરો પણ પૂરી દસ મિનિટની રકઝક બાદ એના હાથમાં ૫૦૦ ની નોટ પકડાવવામાં મને સફળતા મળી. નોટ આપ્યા બાદ મેં ગાડી start તો કરી પણ મને વિચાર આવ્યો કે દર્પણમાં જોઉં તો ખરો કે એના ચહેરા પર હાવભાવ કેવા છે ?

અને મેં જે જોયું એ જોઈને હું સ્તબ્ધ બની ગયો. 'એ બે હાથ જોડીને મારી ગાડીને નમસ્કાર કરી રહ્યો હતો !' જીવનમાં પ્રથમ વાર જ થયેલ આ સાત્ત્વિક અનુભવે મારું હૈયું અત્યારે ય આનંદથી ફાટફાટ થઈ રહ્યું છે !'

મેં એ રસ્તાને સાચવી લીધો
કારણ કે
મારે એ રસ્તે જ પાછું વળવાનું હતું.
મેં એ ઘરાકને સાચવી લીધો
કારણ કે
એ ઘરાક સાથે જ મારે પુનઃ સોદો કરવાનો હતો.
મેં એ ડૉક્ટરને સાચવી લીધા
કારણ કે
મારે એ ડૉક્ટર પાસે જ પુનઃ તબિયત
બતાવવા જવાનું હતું.

આ વૃત્તિ તો આ જગતમાં કોને સુલભ નથી એ પ્રશ્ન છે. જે રસ્તે પાછા વળવાનું હોય છે એ રસ્તાને તોડી નાખવાની ભૂલ કયો ડાહ્યો માણસ કરે છે ? જે ઘરાક પાસે પૈસા કમાવાના હોય છે એ ઘરાક સાથે બગાડવાની ભૂલ કયો ડાહ્યો વેપારી કરે છે ? જે ડૉક્ટર પાસે જ પોતાના દર્દનો ઈલાજ હોવાનું દર્દીને ખ્યાલમાં આવી જાય છે એ ડૉક્ટર સાથે બગાડવાની બેવકૂફી કયો સમજુ દર્દી કરતો હોય છે ? કોઈ જ નહીં.

પણ સબૂર !

**પીડાના જે રસ્તે આવતી કાલે મારે ગુજરવાનું નિશ્ચિત જ છે એ પીડાના રસ્તે આજે કોક ગુજરી રહ્યું છે એ જોયા પછી એના પ્રત્યે મારા મનમાં સહાનુભૂતિ પેદા કરવાનું અને એની પીડાને હળવી કરવા સહાયભૂત બનવાનું મારા માટે સરળ તો નથી જ. કારણ ? મારી આંખ સામે મારો પીડામુક્ત વર્તમાન જ હોય છે. પીડાયુક્ત ભાવિને નીરખી શકું એવી દૃષ્ટિ મારી પાસે ઉપલબ્ધ હોતી જ નથી.**

✣ ✣ ✣

રવિવારીય શિબિરનો સમય હતો સવારના દસ વાગ્યાનો પણ એક યુવક સવારના નવ વાગે મારી પાસે આવીને બેસી ગયો હતો અને પોતાને શિબિરમાં આવતી વખતે જે





સુખદ અનુભવ થયો હતો એની વાત મને જણાવવા માગતો હતો. મેં એને એ અંગેની સંમતિ આપતા જે વાત કરી એ એના જ શબ્દોમાં.

'મહારાજ સાહેબ, અહીં આવવા માટે હું કાયમ સાઈકલ રિક્ષાનો જ ઉપયોગ કરતો રહ્યો છું તદનુસાર હમણાં પણ હું સાઈકલ રિક્ષામાં જ આવ્યો. બન્યું એવું કે આજે રવિવાર હોવાથી રસ્તા પર એટલી ભીડ પણ નહોતી અને એટલો વાહનવ્યવહાર પણ નહોતો...સાઈકલ રિક્ષા તેજ ગતિએ જઈ રહી હતી અને પાછો એમાં હું એકલો જ બેઠો હતો.

એમાં બન્યું એવું કે અચાનક એક વૃદ્ધ માણસે હાથ ઊંચો કરીને સાઈકલ રિક્ષાને થોભાવી.

'ક્યાં જવું છે ?' રિક્ષાવાળાએ પૂછ્યું,
'ગુજરાત એપાર્ટમેન્ટ'
'બેસી જાઓ'
'કેટલા રૂપિયા લાગશે ?'
'દસ'
'દસ ?'
'હા'

'પણ મારી પાસે તો બે જ રૂપિયા છે' પેલા વૃદ્ધે કહ્યું. પળભર રિક્ષાવાળો વિચારમાં પડી ગયો અને તુર્ત જ એણે વૃદ્ધને કહ્યું, 'બેસી જાઓ'

રિક્ષામાં એ વૃદ્ધના બેસી ગયા પછી મેં રિક્ષાવાળાને પૂછ્યું,

'દસ રૂપિયાની જગાએ માત્ર બે જ રૂપિયામાં આ વૃદ્ધને તેં રિક્ષામાં લઈ લીધા એની પાછળ કોઈ કારણ ખરું ?'

**'એક જ કારણ. આવતી કાલે આ વૃદ્ધાવસ્થાના શિકાર મારે પણ બનવું જ પડવાનું છે ને ? આજે આ વૃદ્ધ પ્રત્યે મેં સહાનુભૂતિ બતાવી છે તો આવતી કાલે હું વૃદ્ધ થઈશ ત્યારે મારા પ્રત્યે ય કોકને સહાનુભૂતિ દાખવવાનું મન થશે જ એવી મને શ્રદ્ધા છે'**

રિક્ષાવાળાના આ VISION ને હું મનોમન વંદી રહ્યો.

દોષોનો ભાગાકાર કરતા રહ્યા વિના,
ગુણોનો ગુણાકાર કરતા
રહેવામાં સફળતા મળે
એવી જો કોઈ જ સંભાવના નથી તો
જીવો પ્રત્યેની મૈત્રીની
બાદબાકી કરતા રહીને
પ્રભુ પ્રત્યેની ભક્તિનો સરવાળો કરતા રહેવામાં
સફળતા મળે એવી સંભાવના ય ક્યાં છે ?

**ખબર નહીં પણ મનની આ ચાલાકી કહો તો ચાલાકી અને લાચારી કહો તો લાચારી, બદમાશી કહો તો બદમાશી અને કમજોરી કહો તો કમજોરી એ છે કે એને 'ગુણપ્રાપ્તિ'ની સાધના કરવામાં જેટલો રસ છે એટલો રસ 'દોષત્યાગ'ની સાધનામાં નથી. એને 'પ્રભુભક્તિ માં પાગલ બનવાનો જેટલો રસ છે એટલો રસ 'જીવમૈત્રી' જમાવવામાં નથી. અને એનું જ આ દુષ્પરિણામ આવ્યું છે કે ગુણપ્રાપ્તિનો સમ્યક્ પુરુષાર્થ પણ સાચા અર્થમાં સફળ બન્યો નથી. પ્રભુભક્તિ પાછળની સાચી પણ પાગલતા સાચા અર્થમાં મંજિલ પ્રાપ્તિ કરાવનારી બની નથી.**

✣ ✣ ✣

પર્વાધિરાજ પર્યુષણા બાદ પાંચ રવિવારની શિબિરની જાહેરાત થઈ ચૂકી હતી. યુવક અને યુવતીઓનો શિબિરપ્રવેશનો પાસ મેળવી લેવા ભારે ધસારો પણ હતો અને એમાં એક દિવસ પ્રવચનમાં વાત ઉપાડી.

'તમારી ઑફિસમાં કે તમારી ફૅક્ટરીમાં, તમારા ઘરમાં કે તમારી દુકાનમાં કામ કરી રહેલા માણસોને તમારે ત્યાં કામ કરવા મળ્યું એનો લાભ શો ?'

'એટલે ?'

'એટલે આ જ કે તમે પ્રવચનમાં આવો તો એમને ય પ્રવચન સાંભળવા કેમ ન લઈ આવો ? તમે શિબિરમાં આવો તો એમને ય શિબિરમાં લઈ કેમ ન આવો ? પ્રવચનશ્રવણ





દ્વારા તમે જીવન પરિવર્તનનો લાભ ઉઠાવો તો એમનાં જીવન પરિવર્તનમાં તમે નિમિત્ત કેમ ન બનો ? કહી ન શકો એમને કે પ્રવચનના સમય દરમ્યાન આપણે ઑફિસ બંધ રાખશું પણ ચાલો તમો સહુ પણ પ્રવચન સાંભળવા.

દિલ્લીના તમામ માણસોને પ્રવચનમાં લઈ આવવા તમે સમર્થ ન હો એ સમજાય છે પણ તમારા જ માણસોને પ્રવચનમાં લાવવાની સમર્થતા તો તમારી પાસે છે જ ને ? એ આત્માઓનાં હિત માટે આટલો ભોગ જો તમે આપશો તો તમારું હિત પણ અકબંધ બની જશે'

પ્રવચનમાં થયેલ આ પ્રેરણા બાદ એક યુવક મળવા આવ્યો અને એણે જે નિર્ણય કર્યો એની વાત એના જ શબ્દોમાં.

'ગુરુદેવ, મારે ત્યાં કામ કરી રહેલ માણસોની કુલ સંખ્યા ૨૮ ની છે. એ તમામ માણસો માટે શિબિરનાં ફૉર્મ હું લઈ ગયો છું. શિબિર પ્રવેશની ફી પણ એમની હું જ ભરવાનો છું અને શિબિરમાં પહેરવાનાં એ સહુનાં સફેદ વસ્ત્રો પણ હું જ સીવડાવવાનો છું.'

'સરસ. પણ એ સહુ શિબિરમાં આવશે ખરા ?'

'ન શું આવે ? મેં એ સહુને કહી દીધું છે કે **તમે જેટલી શિબિરમાં જશો એ દરેક શિબિર દીઠ મારા તરફથી તમને એક એક હજાર રૂપિયાની પ્રભાવના છે. ૨૮ માણસો પાંચે ય શિબિરમાં આવે તો મારા તરફથી બધું મળીને કુલ રૂપિયા એક લાખ ચાલીસ હજાર પ્રભાવના પેટે મારે એમને આપવાના આવે ! પ્રભાવના તો ગૌણ છે. પ્રવચનોના માધ્યમે એ સહુનાં જીવન સુધરી જાય તો મારા એ બધા જ પૈસા લેખે લાગી જાય !'**

મહાન
બન્યા પછી જ
સત્કાર્ય શરૂ કરવાની વાત
ન કરશો,
સત્કાર્ય
શરૂ કરી જ દો.
એ તમને મહાન બનાવીને જ રહેશે.

હા. **અધ્યાત્મ જગતનું આ ગણિત એમ કહે છે કે અહીં એક નાનકડું સુકૃત પણ તમારામાં મહાનતાનું બીજારોપણ કરી દેવા સક્ષમ છે. શુકલ પક્ષમાં ચન્દ્રનો એક વાર પ્રવેશ થઈ જવા દો. એ ચન્દ્ર સોળે કળાએ ખીલી ઊઠતા પૂર્ણિમાના ચન્દ્રનું ગૌરવ પામીને જ રહે છે. તક મળતાં જ એક એક રન લઈ લેતો બૅટ્સમૅન સેન્ચ્યુરી લગાવી દેવામાં સફળ બની જાય એ શક્યતા જરાય ઓછી તો નથી જ.**

✣ ✣ ✣

સુરતમાં ચાતુર્માસ દરમ્યાન સર્વત્ર પાણી ફરી વળ્યા હતા. પરિસ્થિતિ એવી વિકરાળ બની ગઈ હતી કે સમયસર જો સહાય ન મળે તો જાનહાનિનો આંકડો ઘણો મોટો થઈ જાય. મુંબઈ શું કે મદ્રાસ શું ? કચ્છ શું કે રાજસ્થાન શું ? અમદાવાદ શું કે કલકત્તા શું ? ચારે ય બાજુથી દાનનો જંગી પ્રવાહ સુરત તરફ વહી રહ્યો હતો. એ દાન માત્ર સંપત્તિરૂપે જ નહોતું. અનાજ રૂપે પણ હતું તો વસ્ત્રોરૂપે પણ હતું, વાસણ રૂપે પણ હતું તો દવા રૂપે પણ હતું.

એ અંગે પ્રવચનમાં અહીં પણ પ્રેરણા કરી અને ઉદારદિલ દાતાઓએ રકમ લખાવવામાં કોઈ કસર ન છોડી. પ્રવચન પૂરું થઈ ગયું અને સાંજના એક યુવક મળવા આવ્યો.

'ગુરુદેવ એક શુભ સમાચાર !'

'શું છે ?'



'પ્રવચન મંડપની બહાર એક શાકવાળો બેસે છે. આજના પ્રવચનના શબ્દો એણે પોતાના સ્થાને બેઠા બેઠા સાંભળ્યા. સુરતના પૂરપીડિતો અંગે જે ફંડ થયું એમાં એને પણ કંઈક આપવાનું મન થયું અને એ ૫૦૦ રૂપિયા આપી ગયો.'

'આપી ગયો કે લખાવી ગયો ?'

'ના. આપી જ ગયો'

'શું વાત કરે છે ?'

'હા. ૫૦૦ રૂપિયા આપતા એ એટલું બોલી પણ ગયો કે આનાથી વધુ રકમ લખાવી શકવાની મારી સ્થિતિ નથી એટલે હું આટલી નાનકડી રકમ જ આપું છું.'

અને

**એ પછીના રવિવારના જાહેર પ્રવચનમાં ૨૫૦૦-૩૦૦૦ ની મેદની વચ્ચે જ્યારે એ શાકવાળાનું બહુમાન કર્યું ત્યારે સહુએ એને તાળીઓના ગડગડાટથી વધાવી તો લીધો પણ આનંદ, આશ્ચર્ય અને અહોભાવથી સહુની આંખોમાં હર્ષનાં આંસુ પણ આવી ગયા.** વિશેષ આશ્ચર્ય તો એ સર્જાયું કે જેઓએ આ ફંડમાં રકમ ઓછી લખાવી હતી કે લખાવી જ નહોતી એ સહુએ પણ શાકવાળાના આ સુંદર યોગદાનમાંથી પ્રેરણા લઈને રકમનો આંકડો કાં તો વધારી દીધો અને કાં તો મંડાવી દીધો.

આ બહુમાન વખતે શાકવાળાના ચહેરા પર આનંદના અને આશ્ચર્યના જે ભાવો હતા એ અહીં શબ્દોમાં આલેખી શકાય તેમ નથી. આ ફંડમાં સૌથી મોટી રકમ લખાવનારનું બહુમાન થયું ન હતું ત્યારે શાકવાળાનું થયેલ આ બહુમાન સહુને માટે સુખદ ચર્ચાનો વિષય બની ગયું હતું.

કપડાં

ન જ બગડવા જોઈએ.

ચા

ન જ બગડવી જોઈએ.

ફર્નિચર ન જ બગડવું જોઈએ.

શાક ન જ બગડવું જોઈએ.

દિવસ ન જ બગડવો જોઈએ.

આ આગ્રહો તો બરાબર છે પણ

મન ન જ બગડવું જોઈએ.

આ આગ્રહના સ્વામી ક્યારેય બન્યા ખરા ?

**કમાલની વાસ્તવિકતા એ છે કે તમારા લાખ પ્રયાસ છતાં ય કપડાં બગડી શકે છે. તમારી મસ્ત સાવધગીરી પછી ય ચા બગડી શકે છે. તમારા અથાક પ્રયાસ છતાં ય ફર્નિચર બગડી શકે છે. તમારી પ્રચંડ કાળજી પછી ય શાક બગડી જવાની સંભાવના ઊભી જ છે. તમારી સુંદર જાગૃતિ છતાં એવાં નિમિત્તો આવીને ઊભા રહી જાય કે જેના કારણે તમારો દિવસ બગડીને જ રહે એની પૂરી શક્યતા છે પણ તમે જો સંકલ્પ કરી દીધો હોય કે મારે કોઈ પણ પરિસ્થિતિમાં કે કોઈ પણ સંયોગમાં મન નથી જ બગડવા દેવું તો એમાં તમારી મસ્ત જાગૃતિ તમને સફળતા અપાવીને જ રહે એવી પૂરી સંભાવના છે.**

અને

હકીકત એ છે કે અહીં મન બગડ્યા પછી બીજું બધું ગમે તેટલું સારું હોય, જીવનમાં પ્રસન્નતા અનુભવાતી નથી અને મન જો સારું છે તો બીજું બધું ગમે તેટલું બગડી જાય છે, પ્રસન્નતા ખંડિત થતી નથી. માટે એક જ કામ કરો. જે જતું કરવું પડતું હોય, એ જતું કરવા તૈયાર રહીને ય મનને સાચવી લો.

'મહારાજ સાહેબ, એક નિયમ આપી દો'

બે સગા ભાઈ એક સાથે વંદન કરીને હાથ જોડીને નિયમ આપી દેવાની વિનંતિ



કરી રહ્યા છે.

## ૫

## 'શનો નિયમ ?'

'એક જ પાર્ટી પાસે અમારે રૂપિયા દસ લાખ લેવાના રહે છે. છેલ્લા કેટલા ય વખતથી એ રકમ મેળવી લેવાના પ્રયાસો કરીએ છીએ પણ એમાં સફળતા મળતી નથી.'

'પાર્ટીની સ્થિતિ ?'

'સારી નહીં'

'રકમ પાછી આવવાની સંભાવના ?'

'ખબર નથી પડતી'

'તો હવે શું કરવું છે ?'

'રકમ છોડી તો નથી દેવી'

'તો ?'

**'એ રકમ મેળવવા માટે પાર્ટી પર હવે દબાણ નથી કરવું કારણ કે એમ કરવા જતાં અમારું મન સતત દુર્ધ્યાનગ્રસ્ત અને દુર્ભાવગ્રસ્ત જ રહ્યા કરે છે. આપે જ વ્યાખ્યાનમાં કહ્યું છે ને કે મનને બગડવા ન દો. બસ, એ મનને અમારે હવે સાચવી લેવું છે અને એ માટે જ અમે આપની પાસે નિયમ લેવા આવ્યા છીએ'**

બોલો,

'એ પાર્ટી પાસેથી દસ લાખની અમારી લેણી નીકળતી રકમ કદાચ આવી પણ જાય તો જ્યારે એ રકમ આવશે ત્યારે એ રકમનો અમારે સન્માર્ગે વ્યય કરી દેવો. અને એ રકમ માટે પાર્ટી પર કોઈ પણ જાતનું દબાણ કરવું નહીં'

બંને ભાઈઓએ હાથ જોડીને જ્યારે આ નિયમ લીધો ત્યારે એ બંનેની આંખોમાં 'મનને સાચવી લીધા'નો હર્ષ સમાતો નહોતો.

હું દુઃખી થઈને
બીજાને સુખ આપવા
તૈયાર ન હોઉં એ તો સમજાય છે
પરંતુ
મારા સુખને અકબંધ રાખીને
બીજાના દુઃખને
ઘટાડવા ય જો હું તૈયાર નથી
તો સમજવું પડે કે
મારા હૃદયને 'કંઈક' થયું છે.

**મને લાડવો પ્રભાવનામાં મળ્યો છે એ તો ઠીક, પેટ મારું ભરેલું પણ છે અને છતાં મારી સામે ખાલી પેટ લઈને ઊભેલા ભિખારીને, એની વારંવારની યાચના છતાં ય હું જો એ લાડવો આપી દેતાં હિચકિચાટ અનુભવું છું તો એક વાત તો નિશ્ચિત છે કે મારું હૃદય કંઈક અંશે પણ કઠોરતાનું અને સંવેદનહીનતાનું શિકાર બન્યું જ છે. એ સિવાય સામાનાં દુઃખ પ્રત્યે આ હદનાં આંખમીંચામણાં શે થાય ?**

એક કામ કરો. તમારું સુખ સલામત જ રહેતું હોય, તમારી અનુકૂળતાઓ અકબંધ જ રહેતી હોય, તમારી સંપત્તિની વ્યવસ્થામાં ય એવી કોઈ ગરબડ ઊભી થતી ન હોય અને એ પછી તમે કોકનું દુઃખ દૂર કરી શકતા હો તો એ દુઃખને દૂર કરવા ય સંમત ન થતા મનને તમે આધીન ન બની જાઓ. એવા સ્વાર્થલંપટ મનના ગુલામ તમે ન બન્યા રહો.

'ગુરુદેવ, ગઈકાલે કમાલ થઈ ગઈ'

લગભગ ૩૫/૩૭ ની વયનો એક યુવક - કે જે માત્ર દસેક દિવસથી જ પ્રવચનમાં આવી રહ્યો હતો - એણે વાતની શરૂઆત કરી.

'કેમ શું થયું ?'

'ગઈ કાલે સાંજના ઑફિસેથી ઘર તરફ આવતા હું મારી જ્યાં ગાડી હતી ત્યાં



પહોંચ્યો તો ખરો પણ ગાડીનો દરવાજો ખોલતા મારી નજર માત્ર થોડાંક ડગલાં જ દૂર પડી અને મેં જે દશ્ય જોયું એ જોઈને હું સ્તબ્ધ બની ગયો'

'શું જોયું ?'

'દસ -બાર વરસની એક બાળકીના હાથમાં થોડાંક મેગેઝીનો હતા અને એક યુવકને મૅગેઝીન બતાવીને ખરીદી લેવા વિનંતિ કરતી હતી. પેલો યુવક કોઈ પણ સંયોગમાં એ મૅગેઝીન લેવા તૈયાર નહોતો.'

એ બાળકીને મેં મારી નજીક બોલાવી. પૂછ્યું,

'બોલ, શું છે ?'

'ભાઈ, સવારથી અત્યાર સુધી મેં કાંઈ જ ખાધું નથી. તમે એક મૅગેઝીન તો ખરીદી લો !'

'પણ હું મૅગેઝીન વાંચતો નથી'

'મારા પેટ સામે તો જુઓ'

'કેટલા રૂપિયાનું મૅગેઝીન ?'

'આમ તો એની કિંમત દસ રૂપિયા છે પણ...'

'પણ શું ?'

'તમે આઠ રૂપિયા આપજો'

'આઠ જ ?'

'હા. મારે કંઈક ખાવું છે' આટલું બોલતાં બોલતાં એ બાળકી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. બાળકીની એ આંસુની ધાર હું જોઈ ન શક્યો.

'તારી પાસે કુલ કેટલાં મૅગેઝીન છે ?'

'અગિયાર'

**અને મેં જ્યારે અગિયાર મૅગેઝીન ખરીદી લઈને એના હાથમાં ૧૧૦ રૂપિયા પકડાવી દીધા ત્યારે એના મુખ પર પ્રગટેલા સ્મિતનાં દર્શને મને એમ લાગ્યું કે હું ખાટી ગયો.'**

ગોળથી જ કાર્ય
સરી જતું હોય તો કરિયાતું પીવાની
જરૂર નથી.
મૌનથી જ કાર્ય
સરી જતું હોય તો શબ્દોચ્ચારણની
જરૂર નથી.
પુણ્યથી જ કાર્ય
સરી જતું હોય તો પાપમાર્ગે
કદમ મૂકવાની
જરૂર નથી.

વાત પણ મગજમાં બેસે તેવી જ છે ને ? મંજિલે પહોંચવા માટે ડામરનો રસ્તો ઉપલબ્ધ હોય છે તો માણસ કાંટાવાળા રસ્તે કદમ ક્યાં મૂકે છે ? વસ્તુ જો મફતમાં જ મળે છે તો એ ખરીદવા માણસ પૈસા ક્યાં ખરચે છે ? વગર દવાએ સાવધગીરી દાખવવા માત્રથી જ રોગ જો રવાના થઈ જાય છે તો માણસ પૈસા ખરચીને દવાના રવાડે ક્યાં ચડે છે ?

બસ, **આ જ ગણિત અપનાવી લેવાનું છે સંસારનાં અનેકવિધ ક્ષેત્રે. પ્રેમથી જ જો કાર્ય થઈ જાય છે તો ત્યાં ક્રોધને સ્થાન આપવાની જરૂર નથી. સરળ વ્યવહારથી જ જો ઈષ્ટ સિદ્ધ થઈ જાય છે તો ત્યાં કપટના શરણે જવા જેવું નથી. ક્ષમા માગી લેવાથી જો સંબંધમાં આત્મીયતા ઊભી થઈ જાય તેમ છે તો અહંના આધિપત્ય હેઠળ રહીને અકડાઈ દાખવતા રહેવાની જરૂર નથી.**

ટૂંકમાં, જે કાર્ય કરવા ઇચ્છો છો એના વિકલ્પ બરાબર વિચારી લો. રસ્તો સીધો ઉપલબ્ધ હોય તો વાંકો ચૂકો રસ્તો નહીં અને પુણ્યના રસ્તે કાર્યસિદ્ધિ શક્ય હોય તો પાપના રસ્તા પર નજર પણ નહીં.

સવારના અમો સહુ મુનિઓ ગયા હતા પ્રભુનાં દર્શન-ચૈત્યવંદન કરવા પ્રભુના



મંદિરમાં. પાપહારિણી નયનરમ્ય પ્રભુ પ્રતિમાનાં દર્શન કરીને અમો સહુ ફરી રહ્યા હતા પ્રદક્ષિણા - બન્યું એવું કે અમારી આગળ એક ભાઈ પણ પ્રદક્ષિણા ફરી રહ્યા હતા. અમે તો ત્રણ પ્રદક્ષિણા કરીને ચૈત્યવંદન માટે પ્રભુસન્મુખ ગોઠવાઈ ગયા પણ આશ્ચર્ય ! એ ભાઈની પ્રદક્ષિણા હજી ય ચાલુ જ હતી. અલબત્ત, વચ્ચે બે-ત્રણ વખત એ ભાઈને પ્રભુસન્મુખ બેઠેલા જોયા પણ પછી તુર્ત જ એ પ્રદક્ષિણા કરવા લાગ્યા. મને મનમાં થયું, દેરાસરની બહાર નીકળ્યા બાદ એ ભાઈ પાસે આ અંગે ખુલાસો તો કરી જ લેવો છે.

દર્શન-ચૈત્યવંદન કરીને અમે બહાર નીકળ્યા અને અમારી સાથે એ ભાઈ પણ બહાર આવી ગયા.

'તમે પ્રદક્ષિણા કેટલી ફરો છો ?' મેં પૂછ્યું

'હું ગણતો નથી'

'એટલે ?'

'એટલે કાંઈ નહીં. શરીર ના ન પાડે ત્યાં સુધી ફર્યા કરું છું. શરીર શ્રમિત થઈ જાય એટલે અટકી જાઉં છું'

'આમ કરવાનું કાંઈ કારણ ?'

**ડાયાબિટીસનું મને દર્દ છે અને ડૉક્ટરે ચાલવાની સલાહ ખાસ આપી છે. શરૂઆતમાં તો હું ચાલવા માટે બગીચામાં જતો હતો પણ ત્યાં ચાલવાનું બનતું હતું લીલા ઘાસ પર અને ત્યાં રહેલા સહુ સાથે ચર્ચા ચાલતી હતી રાજકારણની. મને એમ લાગ્યું કે ચાલવું જ છે તો પ્રભુના દેરાસરમાં જ શા માટે ન ચાલું ? ત્યાં ન હિંસા થાય કે ન કોઈની નિંદા થાય. પ્રભુનાં દર્શનથી પુણ્ય બંધાતું રહે તે નફામાં. બસ, એ દિવસથી બગીચામાં જવાનું બંધ કરીને પ્રભુને પ્રદક્ષિણા આપવાનું શરૂ કરી દીધું છે !'**

પ્રભુ પર શ્રદ્ધા,
એ તો ખૂબ
ઉમદા વાત છે પરંતુ
તપાસો અંતઃકરણને.
ત્યાં માણસ પર
વિશ્વાસ હોવાનું દેખાય છે ખરું ?
જે પથ્થરમાંથી પ્રતિમા પેદા થવાની છે
એ પથ્થર પર બહુમાનભાવ જીવંત અને
જે માણસ પરમાત્મા બનવાનો છે
એ માણસ પર નફરતભાવ જીવંત ?

**મનને સમજવું ભારે કઠિન છે. એ દૂર રહેલા ચન્દ્રનાં દર્શને પાગલ બનવા તૈયાર છે, નજીક રહેલા પિતાનાં દર્શને એના હૈયાના ધબકારા ધીમા જ પડી જાય છે. ઘરમાં રહેલા કૂતરાને રમાડવા એની પાસે સમય જ સમય છે, પોતાના બાબાના મસ્તક પર વહાલનો હાથ ફેરવવા એની પાસે ફુરસદ નથી. વ્યભિચારી ઘરાક પર ભરોસો રાખીને છેતરાઈ જવા એ તૈયાર છે, સાવ નાના માણસ પર એ ભરોસો રાખવા તૈયાર જ નથી. આવા તુચ્છ મન સાથે થતી ધર્મારાધના આત્માને માટે કેટલી લાભદાયી બની રહે એ લાખ રૂપિયાનો પ્રશ્ન છે.**

✥ ✥ ✥

'ગુરુદેવ, આ દિલ્લી છે. અહીં રાજકારણની એવી ભયંકર ગંદકી છે કે જેની અસર હેઠળ અચ્છા અચ્છા સજ્જનો અને સંતો પણ જો આવી જાય છે તો નાના નાના માણસોની તો વાત જ શી કરવી ? લોકોમાં ભલે એમ કહેવાતું હોય કે 'દિલ્લી દિલવાળાની છે' અહીં ચાલાકમાં ચાલક માણસ પણ ઠગાઈ જાય છે તો અહીં સારામાં સારો માણસ બીજાને ઠગવા તૈયાર થઈ જાય છે. આ સ્થિતિ અહીંની છે અને છતાં આપ એમ કહો છો કે તમે છેતરાઈ જવાની તૈયારી રાખીને પણ માણસ પર વિશ્વાસ મૂકો એમ ?'



'હા'

અને આ વાત કરનારો ૩૫ વરસનો એ યુવક સાંજના પ્રતિક્રમણ બાદ રાતના મળવા આવ્યો અને એણે જે વાત કરી એ એના જ શબ્દોમાં.

'મહારાજ સાહબે, આપની પાસેથી નીકળ્યા બાદ મારી પાસેગાડી હોવા છતાં મેં ઘરે જવા સાઈકલ રિક્ષા કરી. ઘર મારું નજીક જ હતું એટલે મને ખ્યાલ હતો કે દસ રૂપિયાથી વધુ પૈસા સાઈકલ રિક્ષાવાળાને મારે નહીં જ આપવા પડે. પણ, આજે એક અખતરો કર્યો.

ખીસામાંથી પાકીટ બહાર કાઢીને મેં રિક્ષાવાળાના હાથમાં આપી દીધું અને એને કહ્યું કે 'ભાડાના જેટલા પૈસા થતા હોય એટલા તું તારી મેળે પાકીટમાંથી લઈ લે અને પાકીટ મને પાછું આપી દે.'

રિક્ષાવાળો આશ્ચર્ય સાથે મારી સામે જોવા લાગ્યો. કદાચ મેં એને જે વાત કરી હતી એના પર એને વિશ્વાસ નહોતો બેસતો પણ મેં એને પુનઃ એ જ વાત કરી ત્યારે એણે પાકીટની ચેન ખોલી અને એમાંથી નોટ બહાર કાઢી.

હું એનાથી થોડોક દૂર ઊભો હતો. મેં જોયું કે એના હાથમાં જે નોટ હતી એ ૫૦૦ની હતી. પળભર તો મને થઈ ગયું કે ૫૦૦ ની નોટ ગઈ જ પણ મારા આશ્ચર્ય વચ્ચે એણે ૫૦૦ ની નોટ પાકીટની અંદર પાછી મૂકી દીધી અને ૧૦ ની નોટ કાઢી લઈને પાકીટ મારા હાથમાં મૂકી દીધું.

'૫૦૦ ની નોટ ન રાખી લીધી ?'

**'શેઠ, હું નાનો માણસ જરૂર છું પણ મારું હૃદય નાનું નથી જ. તમે જો મારા પર વિશ્વાસ મૂકીને નોટો ભરેલું પાકીટ મારા હાથમાં આપી શકો છો તો તમારા એ વિશ્વાસને ચરિતાર્થ કરવાની ખાનદાની હું પણ દાખવી જ શકું છું.'**

દરમાં પ્રવેશતા
પાણીનાં બે-ચાર ટીપાંમાં પણ
કીડીને પૂરનાં દર્શન થતાં હોય તો
એમાં નવાઈ નથી.
વડના નાનકડા ટેટામાં ય
વિશાળ કલિંગરનાં દર્શન
સસલાને થતાં હોય તો
એમાં નવાઈ નથી.
બસ, એ જ ન્યાયે
સંપત્તિની અલ્પતામાં ય સંતોષીને વિપુલ
સંપત્તિનાં દર્શન થતા હોય તો એમાં નવાઈ નથી.

**દુઃખ ભલે ને મોટું છે પણ મન જો એના સ્વીકારભાવમાં છે તો દુઃખ સાવ નાનું બની જાય છે. સંપત્તિ ભલે ને ઓછી છે પરંતુ મન જો સંતુષ્ટ છે તો એ અલ્પ સંપત્તિ પણ એના માટે વિપુલ સંપત્તિ બની જાય છે. આ વાસ્તવિકતા એટલું જ કહે છે કે દુઃખને જો તમે ઘોળીને પી જવા માગો છો તો એના સ્વીકારભાવમાં આવી જાઓ અને સુખને જો તમે શિખરે લઈ જવા માગો છો તો સંતુષ્ટ ચિત્તના સ્વામી બની જાઓ.**

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, 'સંતોષી નર સદા સુખી' એ વાત અમે હજારો વખત સાંભળી હોવા છતાં ખબર નહીં પણ અમને તો અસંતોષમાં જ જીવનનો વિકાસ દેખાય છે. 'તમામ પ્રકારના ઐશ્વર્યનું મૂળ અસંતોષ છે' દુર્યોધનની આ માન્યતા અમારી પણ માન્યતા બની ગઈ હોય એવું અમને લાગે છે. આમ છતાં એક એવા ડૉક્ટરને અમે જાણીએ છીએ કે જેને જોઈને આપને ય કદાચ કહેવું પડશે કે આવો સંતોષી માણસ તો મેં મારી આખી જિંદગીમાં જોયો નથી. આપ હા પાડો તો અમે એમને આપની પાસે લઈ આવીએ' પ્રવચન બાદ કેટલાક શ્રાવકોએ મને આ વાત કરી અને મેં 'હા' પાડતાં બીજે દિવસે તેઓ



એ ડૉક્ટરને લઈને મારી પાસે આવ્યા. મારી અને એમના વચ્ચે થયેલ વાર્તાલાપની નાનકડી અલપ-ઝલપ.

**'મહારાજ સાહેબ, છેલ્લાં વીસેક વરસની દવાખાને જે પણ દર્દી આવે છે એની પાસે ત્રણ રૂપિયા લઉં છું'**

'માત્ર ત્રણ રૂપિયા જ ?'

'હા'

'લગભગ રોજના કેટલા દર્દી તપાસતા હશો ?

'ઓછામાં ઓછા ત્રણસો તો ખરા જ'

'પરવડે છે ?'

'જરાય વાંધો નથી આવતો'

'પરિવારમાં ?'

'બે દીકરી છે. બંને ડૉક્ટર છે. એક દુબઈમાં છે અને બીજી દિલ્લીમાં છે. અમને પતિ-પત્નીને આટલી આવકમાં જરાય વાંધો નથી આવતો. આપને કદાચ વિશ્વાસ નહીં બેસે પણ મારી પાસે મોટર તો નથી પણ સ્કૂટર પણ નથી.'

'ઘરેથી દવાખાને શેમાં આવો ?'

'બસમાં-અને બસના કંડકટરને પણ મારી આ સ્થિતિનો ખ્યાલ હોવાથી એ રૂપિયા દસને બદલે પાંચ રૂપિયા જ મારી પાસેથી લે છે'

'શું વાત કરો છો ?'

'હા. રાતના દવાખાનેથી ઘરે કાં તો ચાલતો આવું છું અને કાં તો કોકના વાહનમાં આવું છું.'

'કમાલ !'

'કમાલ તો શું ? મેં જે ગંજી પહેર્યું છે એ ગંજીમાં પણ દસ-વીસ કાણાંઓ હશે' આમ કહીને એમણે જ્યારે ખમીસનું કોલર ઊંચું કરીને મને ગંજી બતાવ્યું ત્યારે તો હું સ્તબ્ધ જ થઈ ગયો !'

હું રાજનેતાને,
વકીલને,
ડૉક્ટરને,
વેપારીને,
પ્રોફેસરને,
પોલીસને,
સૈનિકને અરે,
સંતને પણ છેતરવામાં સફળ બની ગયો
પણ કમાલ !
મારા અંતઃકરણને હું
ક્યાંય, ક્યારેય છેતરી ન શક્યો.

**આ વાસ્તવિકતા સુખદ એટલા માટે છે કે તમે જો ગલત કરવા નથી જ માગતા તો તમારું અંતઃકરણ તમને સતત સાવધ કરતું જ રહેશે અને આ વાસ્તવિકતા દુઃખદ એટલા માટે છે કે જો તમે ગલત કરવા માગો જ છો તો તમને કોઈ જ રોકી નહીં શકે કારણ કે તમારું અંતઃકરણ તો બાળક જેવું છે. એના ધીમા અવાજને તમે બુદ્ધિના બૂમબરાડામાં ખૂબ સરળતાથી ચૂપ કરી શકશો. પણ સબૂર, અંતઃકરણનો દબાવી દેવાતો આ અવાજ નહીં તો તમને સ્વસ્થતાથી મરવા દે કે નહીં તો તમને શાંતિથી જીવવા દે. એક જ કામ કરો. બીજા કોઈનું માનો કે ન માનો પણ અંતઃકરણનું તો માનો જ.**

'તમે શ્રીમંત છો એની ના નહીં, તમે કદાચ ઉદાર પણ છો છતાં જવાબ આપો. શાક લેવા જાઓ ત્યારે શાકવાળા પાસેથી ઉપરનાં લીમડો અને મરચાં માગી જ લો ?'

'હા'

'પણ શું કામ ?'

'આદત પડી ગઈ છે'

'તમને એમાં તમારું અંતઃકરણ ડંખતું પણ નથી ?'



'શરૂઆતમાં ડંખતું હતું.'

'એક કામ કરો. હવેથી એ પ્રવૃત્તિ બંધ કરી દો. શાકવાળાની મજબૂરીનો લાભ ઉઠાવવામાં કોઈ જ બુદ્ધિમત્તા નથી.'

'પણ આટલાં વરસો સુધી એ ચેષ્ટા કરી એનું શું ?'

'જો વરસોથી તમે એક જ શાકવાળા પાસેથી શાક લેતા હો અને તમારું મન માનતું હોય તો આવતી કાલે એ શાકવાળા પાસે જઈને ખુલ્લી કબૂલાત કરીને ૧૦૦૦ રૂપિયા આપી આવો.'

પ્રવચનમાં કરેલ આ પ્રેરણાને ઝીલી લઈને એક યુવક શાકવાળાને ૧૦૦૦ રૂપિયા આપવા ગયો ત્યારે એને જે અનુભવ થયો એ એના જ શબ્દોમાં.

'મહારાજ સાહેબ, શાકવાળાએ ૧૦૦૦ રૂપિયા લેવાની ઘસીને ના જ પાડી દીધી.'

'શું વાત કરે છે ?'

**'હા. મેં એને સમજાવ્યો પણ ખરો. આટલાં વરસો સુધી તારી પાસેથી લીમડો-મરચાં-કોથમીર ઉપરથી લીધા છે એના પ્રાયશ્ચિત્ત તરીકે આ ૧૦૦૦ રૂપિયા હું તને આપવા આવ્યો છું. તું રાખી જ લે. અમારા મહારાજ સાહેબે અમને આવી પ્રેરણા કરી છે.'**

'તમારા મહારાજ સાહેબ તો કહે ! મારાથી આ રકમ ન જ લેવાય'

'પણ મારે તને રકમ આપવી જ છે.'

'જો તમે રકમ આપવા જ માગતા હો તો એક કામ કરો.'

'શું ?'

'૧૦૦૦ નહીં, ૫૦૦ રૂપિયા આપી દો. અને હું તમને ખુલાસો પણ કરી દઉં છું કે એ ૫૦૦ રૂપિયા હું રાખવાનો નથી'

'તો ?'

'અમારા ગામમાં એક નવું મંદિર બને છે એમાં એ રકમ હું મોકલાવી દેવાનો છું.'

દરેક વખતે
'ન્યાય'ની જ માંગ
આપણે કર્યા કરશું તો પછી
ક્ષમા અને
પ્રેમને આપણે
જીવનમાં ક્યારેય સક્રિય
બનાવી શકશું એવું
લાગે છે ખરું ?
કબૂલ, અન્યાય કોઈને ય ન કરીએ પણ
સર્વત્ર-સદાય-સહુ પાસે ન્યાયની જ
માંગ ન કર્યા કરીએ.

**ભારે ગણતરીબાજ છે મન. ભૂલ જ્યારે સામાની હોય છે ત્યારે એ ન્યાયની માગણી કરતું રહે છે પરંતુ ભૂલ જ્યારે પોતાની હોય છે ત્યારે એ ક્ષમાની, પ્રેમની કે સમાધાનની અપેક્ષા રાખતું હોય છે. સામાની ભૂલ જોવા એ સતત દર્પણની ભૂમિકા ભજવતું રહે છે અને પોતાની ભૂલ એને કોઈ બતાવે છે ત્યારે એ દીવાલનું રૂપ ધારણ કરી બેસે છે. આવું મન જીવનના અંત સુધી નથી તો ક્ષમાનો આનંદ અનુભવી શકતું કે નથી તો પ્રેમની મસ્તી માણી શકતું. અને આ બે ઉદાત્ત પરિબળોના સ્વામી બન્યા વિના સમાપ્ત કરી દેવાતા જીવનને પશુના જીવનથી ઊંચું માનવા મન કોઈ હિસાબે તૈયાર નથી.**

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, આજે મારા પપ્પાએ કમાલ કરી'

રાતના સમયે મળવા આવેલ એક યુવકે વાતની શરૂઆત કરી.

'કેમ શું થયું ?'

'જે બન્યું છે એની વાત તો આપને પછી કરું છું એ પહેલાં મારા પપ્પાના સ્વભાવ અંગે વાત કરું તો એટલું કહી શકું કે એ ઘરમાં હાજર હોય છે ત્યારે અમે બને ત્યાં સુધી



એમની સાથે વાત કરવાનું ટાળીએ છીએ, અમારે બહાર જવાનું થાય છે ત્યારે અમે એમને સાથે લેતા નથી અને એ પોતે બહાર જાય છે ત્યારે અમે એમની સાથે રહેતા નથી.

પરંતુ

બન્યું એવું કે આજે એક પ્રસંગ જ એવો આવી ગયો કે એમાં મારે અને મારી મમ્મીને મારા પપ્પા સાથે જ જવું પડ્યું. ગાડી પપ્પા ચલાવતા હતા. હું અને મારી મમ્મી પાછળની સીટ પર બેઠા હતા.

અચાનક બન્યું એવું કે એક ગલીમાંથી તેજ ગતિએ રિક્ષા બહાર નીકળી અને રિક્ષાવાળાએ રિક્ષા ગાડી સાથે જ ઠોકી દીધી. ભૂલ રિક્ષાવાળાની જ હતી. પપ્પાએ ગાડીને ઊભી રાખી દીધી. બારણું ખોલીને પપ્પા ગાડીની બહાર નીકળ્યા. મને એમ જ હતું કે પપ્પા રિક્ષા ડ્રાઈવરને તમાચો મારી જ દેશે.

પણ આશ્ચર્ય !

પપ્પા રિક્ષા ડ્રાઈવર જ્યાં ઊભો હતો ત્યાં પહોંચી ગયા.

'તને વાગ્યું તો નથી ને ?'

'ના'

'ભલા માણસ, રિક્ષા આ રીતે ભગાવાય ।?'

'મારી ભૂલ થઈ ગઈ'

'આ તો પાડ માન ભગવાનનો કે ન અમને કાંઈ થયું કે ન તને કાંઈ થયું. પણ હવેથી શાંતિથી રિક્ષા ચલાવજે. અને હા. લે આ ૧૦૦૦ રૂપિયા.'

'પણ શેના ?'

'જો તો ખરો. તારી રિક્ષાને કેટલું બધું નુકસાન થયું છે ?'

'મહારાજ સાહેબ, રિક્ષા ડ્રાઈવર આંખમાં આવી ગયેલ આંસુ સાથે પપ્પાના પગમાં પડી ગયો. પપ્પાના આ ઉદાત્ત વર્તાવને જોતાં આપને એટલું જરૂર કહી શકું કે માત્ર પપ્પા જ પ્રવચનમાં નથી આવ્યા, પપ્પામાં પણ પ્રવચન આવી ગયું છે !'

નિખાલસતા,
નિશ્ચિંતતા,
નિર્ભયતા,
નિર્દોષતા અને
નિર્મળતા.
બાળક માત્રમાં આ પાંચ ગુણો હોય છે
એવું નથી.
આ પાંચ ગુણો જેનામાં હોય છે
એ બાળક છે.
આવા 'બાળક'માં આપણો સમાવેશ ખરો ?

વર્તનમાં દંભ નહીં પણ નિખાલસતા. મનમાં ચિંતા નહીં પણ નિશ્ચિંતતા. હૃદયમાં ભય નહીં પણ નિર્ભયતા. વ્યવહારમાં દૂષિતતા નહીં પણ નિર્દોષતા. ચિત્તમાં મલિનતા નહીં પણ નિર્મળતા. આવા ઉદાત્ત ગુણો જે જીવનમાં જોવા મળે એ જીવન ધન્ય બની જાય. એ જીવન જીવનારો પૂજ્ય બની જાય. એવા જીવનનો સ્વામી પરમપદની નજીક પહોંચી જાય.

દુઃખ સાથે કહેવું પડે છે આવા જીવનનાં દર્શન રોજેરોજ વધુ ને વધુ દુર્લભ બનતા જાય છે. જીવનને મંગળમય બનાવતા આવા ગુણો સ્વજીવનમાં પ્રતિષ્ઠિત કરવાનું વધુ ને વધુ કઠિન બનતું જાય છે. બુદ્ધિના જંગલમાં અટવાઈ ગયેલા આજના બહુજનવર્ગમાં ગુણોનો આ વૈભવ લગભગ ગુમ થતો જાય છે. આમ છતાં કોક જગાએ આમાંનો એકાદ પણ ગુણ જોવા મળે છે ત્યારે હૈયું પ્રસન્ન પ્રસન્ન બની જાય છે.

'મહારાજ સાહેબ, બહાર આવશો ?'

માત્ર સાત-આઠ વરસની વયનો એ બાળક હશે. સમય હશે બપોરના બે-અઢી આસપાસનો અને એ બાળકે આવીને મારી પાસે આ વાત મૂકી.

'બહાર એટલે ક્યાં ? તારા ઘરે ?'



'આ ઉપાશ્રયમાં આવવાના પગથિયાં છે ને, ત્યાં'

'કંઈ કામ છે ?'

'હા'

'શું ?'

'આપ ત્યાં આવો પછી કહું'

હું આસન પરથી ઊભો થયો. એના ખભે હાથ મૂક્યો અને કહ્યું, 'તું આગળ ચાલ. હું આવું છું તારી સાથે'

'આપે વાસક્ષેપ લીધો ?'

'ના'

'હું લઈ લઉં ?'

'ચાલશે'

મને એમ કે એનાં દાદા-દાદી કે એવી કોઈ વ્યક્તિ આવી હશે કે જે પગથિયાં નહીં ચડી શકતી હોય અને એને મસ્તકે મારે વાસક્ષેપ નાખવાનો હશે. વાસક્ષેપ લઈને એ મને લઈ આવ્યો પગથિયાં સુધી. ત્યાં પડી હતી એક નાનકડી સાઇકલ !

'મહારાજ સાહેબ, આ સાઇકલ હું આજે જ લાવ્યો છું. આપ એના પર વાસક્ષેપ નાખી દો.'

'સાઇકલ પર ?'

'હા'

'પણ કેમ ?'

**'મારી સાઇકલ સાથે કોઈ ટકરાઈ ન જાય અને હું કોઈની ય સાથે મારી સાઇકલ ટકરાવી ન દઉં એટલા માટે આ સાઇકલ પર આપે વાસક્ષેપ નાખવાનો છે !'** વિસ્મયભાવ સાથે કહેવાયેલા બાળકના એ શબ્દોએ મને સ્તબ્ધ કરી દીધો.

કમજોર પણ ગાય,
પોતાના બચ્ચાને બચાવવા
એકવાર વાઘણ પર આક્રમણ કરી શકે છે.
નાનકડી પણ ચકલી,
સળગી રહેલ વૃક્ષને બચાવી લેવા
એક વાર પોતાની ચાંચમાં પાણી લાવીને
વૃક્ષ પર પાણીનો છંટકાવ કરી શકે છે.
નાનકડો પણ માણસ
પોતાની શક્તિ અનુસાર
પરમાર્થનાં કાર્યો કરવા એકવાર ઘણું બધું
દાવમાં મૂકી દેવા તૈયાર થઈ શકે છે.

**પરમાર્થનાં કાર્યોમાં પ્રશ્ન શક્તિનો પછી આવે છે, ભાવનાનો પહેલાં આવે છે. પ્રશ્ન સામર્થ્યનો પછી આવે છે, હૃદયનો પહેલાં આવે છે. અનુકૂળતાનો પછી આવે છે, ઈચ્છાનો પહેલાં આવે છે. અને જુઓ મનની બદમાશી. એ સતત એમ જ સમજાવ્યા કરે છે કે 'શક્તિ જ ન હોય ત્યાં ભાવના શેં જાગે ? સામર્થ્ય જ ન હોય ત્યાં હૃદય ઝંકૃત શેં થાય ? સંયોગો જ અનુકૂળ ન હોય ત્યાં પરમાર્થની ઈચ્છા ય ક્યાંથી પેદા થાય ? પણ યાદ રાખજો. અધ્યાત્મ જગત ભાવનાની ભૂખ પહેલાં માગે છે, સાધનાનું ભોજન નહીં. આરાધકભાવની પ્યાસ પહેલાં માગે છે, આરાધનાનું જળ નહીં. તમે ભૂખ ઊભી કરો. ભોજનની તપાસ માટે તમે નીકળી જ પડશો. તમે પ્યાસ ઊભી કરો, પાણીની યાત્રાએ તમે નીકળી જ પડશો.'**

'મહારાજ સાહેબ, આ કવરમાં એક કાગળ મૂક્યો છે. આપ વાંચી લેજો અને પછી કાંઈ જણાવવા જેવું લાગે તો મને જણાવજો' આર્થિક ક્ષેત્રે સામાન્ય લાગતા એક ભાઈએ મારા હાથમાં કવર પકડાવી દીધું.

'કાગળ કોનો છે ?'



## 'મારી જ' ૬૧ 'આલોચના છે ?'

'ના'

'તો પછી એમાં જે કાંઈ લખ્યું છે એ તમે તમારા મુખે જ કહી દો ને ? હું તમને સમય આપી દઉં'

'ના. હું એ કહી શકું તેમ નથી'

એ ભાઈના હાથમાંથી મેં કવર લઈ લીધું. એમના ગયા બાદ એ કવરમાંનો કાગળ વાંચવાનું શરૂ કર્યું મેં.

'આજના પ્રવચનમાં આપે કહેલ પરમાર્થની વાત મને ખૂબ જ સ્પર્શી ગઈ છે. એમાં ય બાળકોના જન્મ દિને કેક વગેરે કાપવાને બદલે અબોલ પશુઓને સાચવી લેવાની, ગરીબ બાળકોને જમાડવાની, મૂંગા-બહેરાની સ્કૂલનાં બાળકોને ભોજન આપવાની જે વાતો કહી એ વાતો તો મારા મનનો કબજો જમાવીને બેઠી છે.

અલબત્ત, હું પોતે તો બહુ સામાન્ય માણસ છું. ખૂબ નાના પાયા પર 'કેટરિંગ'નું કામ કરું છું. વિનંતિ આપને એટલી જ કરું છું કે પોતાનાં બાળકોના જન્મદિન નિમિત્તે કોઈને ય અનાથાશ્રમોમાં કે વૃદ્ધાશ્રમોમાં, અંધ-બધિર સ્કૂલોમાં કે હૉસ્પિટલમાં ભોજન આપવાની ઈચ્છા હશે તો એ તમામ માટે ભોજન હું બનાવી આપીશ અને એનો કોઈ જ 'ચાર્જ' હું નહીં લઉં.

હું પોતે એવો શ્રીમંત પણ નથી કે મારા પોતાના જ ખર્ચે એ સહુને ભોજન કરાવી શકું તો હું પોતે એવો દરિદ્ર પણ નથી કે કોકના તરફથી ભોજન અપાતું હોય તો એ ભોજન બનાવી દેવાનો ખર્ચ પણ ન ભોગવી શકું.

બસ, આપને ઉચિત લાગે તો મારી આ વિનંતિની જાણ પ્રવચનમાં સહુને કરી દેજો કે જેથી મને લાભ આપવાનું કોકને મન થાય તો આપી શકે.

તમે કોઈને
ચાહે સંપત્તિ આપો છો કે
ગાડી આપો છો,
ફર્નિચર આપો છો કે
બંગલો આપો છો,
વસ્ત્રો આપો છો કે
મિષ્ટાન્ન આપો છો.
તમે એને ‘જીવન’ નથી આપતા
પણ તમે જેને સમય આપો છો
એને તો તમે જીવન આપો છો કારણ કે
સમયનો સરવાળો
એનું જ નામ તો જીવન છે.

**દુઃખદ આશ્ચર્ય આજના યુગમાં એ સર્જાયું છે કે માણસ બીજાને સંપત્તિ આપતા લાખ વાર વિચાર કરે છે. દુઃખીને વસ્ત્રો આપવાની વાત આવે છે ત્યારે એ હાથ ઊંચા કરી દે છે. જરૂરિયાતમંદને અન્ન આપવાના પ્રસંગમાં એ ગલ્લાં-તલ્લાં કરવા લાગે છે, પોતાના બંગલાની છાયામાં કોકને ઊભા રહેવાની સંમતિ આપતા ય એ અચકાય છે પણ ટી.વી.ને ત્રણ-ચાર કલાકનો સમય આપતા એને કોઈ જ હિચકિચાટ થતો નથી. નિંદામાં એ કલાકોના કલાકો પસાર કરી શકે છે. છાપાંઓ અને મૅગેઝીનોને કેટલો સમય આપવો એનું એની પાસે કોઈ માપ નથી. ધંધામાં કેટલો સમય વિતાવવો એ વિચારવા ય એ તૈયાર નથી. આ સ્થિતિમાં આત્માનું ભાવિ શું ? ગંભીરતાથી વિચારજો.**

‘મહારાજ સાહેબ, એક પ્રશ્ન પૂછું ?’
‘જરૂર’
‘પૈસા વિના આ સંસારમાં જીવાય એવું છે ખરું ?’



૪૯

‘ના’
‘તો પછી પૈસા માટે સમય આપવો તો પડે ને ?’

‘એમ તો રોજ સંડાસમાં ગયા વિના ય ચાલતું નથી પણ એનો અર્થ એવો તો નથી ને કે આખો દિવસ સંડાસમાં જ બેસી રહેવું !’

‘ના’

‘યાદ રાખજો. પૈસા વિના સંસાર નથી ચાલતો એ જેમ એક હકીકત છે તેમ એકલા પૈસા જ વિપુલ હોય અને બીજું કાંઈ ન હોય તો ય સંસાર નથી ચાલતો’

‘એટલે ?’

‘એટલે આ જ કે સંસાર માત્ર પૈસાથી જ નથી ચાલતો. સંસાર ચલાવવા માટે પરિવાર સાથેની આત્મીયતા પણ ટકાવી રાખવી પડે છે. સમાજ સાથેના કેટલાક શિષ્ટ સંબંધો ય સાચવી લેવા પડે છે. પરલોકને સદ્ધર બનાવવા માટે ધર્મને ય આરાધી લેવો પડે છે.

તમને ખબર નહીં હોય પણ માર્ગાનુસારીના જે ૩૫ ગુણો શાસ્ત્રકારોએ બતાવ્યા છે એમાંનો એક ગુણ આ બતાવ્યો છે, ‘ધર્મ-અર્થ-કામને પરસ્પર અબાધા’ અર્થ-કામને બાધા પહોંચે એવો ધર્મ નહીં. ધર્મ-કામને બાધા પહોંચે એવું અર્થોપાર્જન નહીં. અર્થ-ધર્મને બાધા પહોંચે એવું કામસેવન નહીં. આખો ય દિવસ પૈસા પાછળ જ ભાગતાં રહેવામાં આ ગુણનું પાલન શક્ય બને ખરું ?

‘ના’

‘તો નક્કી કરી દો કે સંપત્તિને અમુક સમયથી વધુ સમય મારે આપવો જ નથી.’

‘મહારાજ સાહેબ, નિયમ આપી દો’
‘શેનો ?’
‘છ કલાકથી વધુ સમય સંપત્તિને નહીં’

ભજિયાંની
'ઑફર'ને હું ઠુકરાવી શકું છું
કારણ કે
મારા પેટને એ અનુકૂળ નથી.
એ વ્યક્તિ સાથે બહાર ફરવા જવાના મળતા
આમંત્રણને હું
'ના' પાડી શકું છું
કારણ કે
એ વ્યક્તિનો સ્વભાવ મારા મનને
અનુકૂળ નથી
પણ
આત્માને જે અનુકૂળ નથી એ વસ્તુની
પ્રાપ્તિને, એ વ્યક્તિના સહવાસને હું 'ના'
પાડી શકું છું ખરો ?

**કરુણતા સર્જાઈ છે માનવીના જીવનમાં. શરીરના અને મનના સુખ-દુઃખને કેન્દ્રમાં રાખીને જ એણે પોતાની આખી જીવનવ્યવસ્થા ગોઠવી દીધી છે. તીર્થસ્થાનમાં જતા પહેલાં ય એ 'ભોજનશાળા'ની ચકાસણી કરી લે છે અને શરીર સ્વસ્થ રહેતું હોય તો શિયાળામાં ય હિમાલયની સફરે જવા એ તૈયાર થઈ જાય છે. મનની મસ્તી માટે ટી.વી.ને એ કલાકોના કલાકો આપવા તૈયાર છે અને મનને અકળામણ થતી હોય તો એ પ્રવચનમાં બેસવા ય તૈયાર નથી.**

**પણ સબૂર !**

**આત્માને શું અનુકૂળ છે અને પ્રતિકૂળ છે ? આત્માને માટે શું લાભકારી છે અને નુકસાનકારી છે ? આત્માને માટે હિતકારક શું છે અને અહિતકારક શું છે ? એ જાણવાની કદાચ એની કોઈ તૈયારી નથી. થોડી-ઘણી જાણકારી એને કદાચ છે તો એ જાણકારીને**



**જીવનમાં અમલી બનાવવાની બાબતમાં એ ગંભીર નથી.**

'મહારાજ સાહેબ, એક શુભ સમાચાર'

'શું ?'

'જીવનમાં કદાચ પ્રથમવાર જ આવું સત્ત્વ હું ફોરવી શક્યો છું' લગભગ ૩૫/૩૮ વરસની વયના યુવકના ચહેરા પર આ વાત કરતી વખતે સાચે જ અપાર આનંદ છલકાતો હતો.

'શું સત્ત્વ ફોરવ્યું ?'

'ધર્મના જ કોક કારણસર આજે એક અપરિચિત વ્યક્તિને ત્યાં મારે જવાનું બન્યું હતું. જરૂરી વાત થઈ ગયા બાદ એમણે મને ધંધાની એક નવી લાઇનની વાત કરી.

'તમે આ લાઈન શરૂ કરો તો એક વરસમાં ઓછામાં ઓછી બે કરોડની કમાણી તો પાકી જ !'

'મને રસ નથી'

'પણ શા માટે ?'

'જુઓ. આજે ય હું છ રોટલી ખાઈ શકું છું. રાતના એકદમ શાંતિથી સૂઈ શકું છું. મારા પરિવારને સંતોષ થાય એટલો સમય હું આપી શકું છું. મારા મનને તનાવ મુક્ત રાખી શકું છું. પ્રભુની પૂજામાં એકાદ કલાક તો આસાનીથી આપી શકું છું. ગુરુભગવંતનાં પ્રવચનો ચાલતા હોય તો એ સાંભળવા માટે ય હું સમય કાઢી શકું છું. પ્રસન્નતાની અને પવિત્રતાની આ શ્રીમંતાઈને અત્યારે હું ભોગવી રહ્યો છું. પૈસાની શ્રીમંતાઈ મેળવવા જતાં એ શ્રીમંતાઈનું મારે બલિદાન આપી દેવું પડે જે મને માન્ય નથી. મારા આ સ્પષ્ટ જવાબ સામે પેલી વ્યક્તિને બોલવાનું કાંઈ બચ્યું જ નહોતું.

હૃદય

કોમળતાસભર,

મન

સરળતાસભર,

સ્વભાવ

શીતળતાસભર અને

વચન

મધુરતાસભર

આ તમામનો સરવાળો એટલે જ સમાધિમરણ.

**ગલીના ક્રિકેટનો પણ જેને અભ્યાસ નથી એ નસીબયોગે ટેસ્ટમૅચમાં કદાચ સ્થાન પામી પણ જાય તો ય એ પહેલે જ ધડાકે સેન્ચ્યુરી લગાવી શકે ? અસંભવ ! રેડિયોના જે સ્ટેશન પર ક્યારેય કાંટો મૂક્યો જ નથી એ સ્ટેશન પર કાંટો ગોઠવી દેવાના પ્રયાસને પહેલે જ ધડાકે સફળતા મળી જાય ? અસંભવ ! સ્કૂલમાં જે વિદ્યાર્થીએ ગંભીરતાથી શિક્ષણ લીધું જ નથી એ વિદ્યાર્થીને પરીક્ષામાં પ્રથમ નંબર લાવવામાં સફળતા મળી જાય ? અસંભવ ! જીવનમાં સાધનાના નામે, સરળતા કે સમર્પણના નામે, સાદગી કે સદ્‌ભાવના નામે, સદ્‌ગુણ કે સમતાના નામે જેણે કોઈ મૂડી જ એકઠી કરી નથી એને મરણ સમાધિનું મળી જાય ? અસંભવ !**

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, પપ્પાના કરકસરભર્યા વ્યવહારને જોતાં ઘણી વાર એમ લાગતું હતું કે 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' એ કહેવતમાં પપ્પા ક્યાં ગોઠવાઈ ગયા ? જરૂરિયાત કરતાં ય વધારે પપ્પાની સહિષ્ણુતા જોતાં મનમાં એમ થઈ જતું હતું કે પપ્પા આવા કમજોર ક્યાં બની ગયા ? જતું જ કરતા રહેવાની પપ્પાની વૃત્તિ જોતાં એમ થઈ જતું હતું કે પપ્પા ધંધામાં દેવાળું કાઢી નાખે તો નવાઈ નહીં.

પણ,



## ૨૪

**પપ્પાની આ જગતમાંથી થયેલ ભવ્ય વિદાય જોયા બાદ એમ લાગ્યું કે આપણે જ જૂઠા છીએ, પપ્પા તો સાચા જ હતા. આપણે જ ગલત રાહે છીએ, પપ્પા તો સમ્યક્ માર્ગે જ હતા. આપણે જ ખોટના ધંધામાં છીએ, પપ્પા તો કાયમ નફામાં જ હતા' એક યુવકે પ્રવચન પત્યા બાદ મારી સમક્ષ આ વાત કરી.**

**'એવી ભવ્ય વિદાય થઈ પપ્પાની ?'**

'શું વાત કરું આપને ? છેલ્લાં પાંચેક વરસથી પપ્પા ખૂબ જ અશક્ત બની ગયા હતા. લાકડીના ટેકે ચાલવાનું પણ એમના માટે અશક્ય બની ગયું હતું છતાં ગાડીમાં હું એમને પ્રભુના મંદિરે અચૂક લઈ જતો હતો કારણ કે પ્રભુનાં દર્શન કર્યા વિના મોઢામાં પાણી પણ ન નાખવાના એમને પચ્ચક્ખાણ હતા.'

'ઉંમર એમની ?'

'વિદાય વખતે ૯૩ વરસની'

'શાંતિથી વિદાય થઈ ?'

'એ જ વાત કરું છું આપને. રોજ રાતના હું પપ્પા પાસે જ સૂતો હતો. વિદાયની એ રાતે બાર વાગે પપ્પાએ મને ઉઠાડીને ૧૦૦ ની નોટ આપી.'

'શું કરું આનું ?' 'મેં પૂછ્યું,

'સવારના દેરાસરમાં ભંડાર પર મૂકી દેજે.'

'પણ પપ્પા ! આપણે દેરાસર સાથે જ તો જઈએ છીએ. તો તમે જ ભંડાર પર આ નોટ મૂકી દેજો ને ?'

'ના. હું તને સમજીને કહું છું' પપ્પા બોલ્યા.

પપ્પાના સંતોષ ખાતર એ નોટ મેં મારી પાસે રાખી લીધી. અને પપ્પા ચાદર ઓઢીને સૂતા તે સૂતા. સવારના ઊઠ્યા જ નહીં.' આટલું બોલતાં બોલતાં એ યુવક રડી પડ્યો.

સંપત્તિ,
સુવિધા અને
સુખ,
આ ત્રણમાંથી એક પણ ચીજ
એવી નથી કે
જેને આ સંસારનો એક પણ માણસ
ન ઈચ્છતો હોય.
આમ છતાં એક માણસ
બીજા માણસને છૂટથી સંપત્તિ, સુવિધા અને
સુખ આપવા તૈયાર નથી
એ આશ્ચર્યોનું પણ આશ્ચર્ય જ છે ને ?

**મને ભાવતા રસગુલ્લાં તમને ન પણ ગમતા હોય એ બને પણ પેટ ભરવાની મારી ઈચ્છા તમારી ઈચ્છા પણ ન હોય એ તો ન જ બને ને ? હું તમને રસગુલ્લાં ન આપું પણ મારી શક્તિ હોવા છતાં તમને પેટ પૂરતું ય જો નથી આપતો તો એનો અર્થ એટલો જ થાય ને કે હું તમારા પ્રત્યે કઠોર છું, ક્રૂર છું અને કાતિલ છું.**

**એક કામ ખાસ કરો. સંપત્તિ તમે ભલે સહુને ન આપો. સુવિધા ય ભલે તમે સહુને ન આપી શકો પણ સુખ જો તમે બીજાને આપી શકતા હો તો એ આપવામાં તો કૃપણતા ન જ દાખવો.**

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, ૨૫ માણસનું અમારું સંયુક્ત કુટુંબ છે. ત્રણ ભાઈ અમે, અમારા ત્રણ ભાઈની પત્નીઓ, બહેનો, બાળકો અને અમારા સહુનાં શિરછત્ર તરીકે મમ્મી.'

'પિતાજી ?'

'ગુજરી ગયા છે'

'પરિવારમાં શાંતિ ?'





'ગજબનો'

'સંઘર્ષ ?'

'નામનો ય નહીં'

'કારણ ?'

'મમ્મી'

'એટલે ?'

'મમ્મીનો સ્વભાવ, જતું કરવાની મમ્મીની વૃત્તિ, સુખમાં સહુને સાથીદાર બનાવવાની મમ્મીની ઉદારતા, દુઃખમાં ભાગીદાર બન્યા રહેવાની મમ્મીની તૈયારી, હાથ છુટ્ટો પણ ખરો પણ બંધાયેલો પણ ખરો. ખાસ કરીને વહુઓ અને નોકરો પ્રત્યે ગજબનાક વાત્સલ્ય. આ તમામ પરિબળોને કારણે અમો સહુ જાણે કે સ્વર્ગમાં વસતા હોઈએ એવું અમને લાગી રહ્યું છે.'

'કોઈ સુંદર વ્યવસ્થા ?'

'આમ તો મમ્મીએ ગોઠવેલ બધી જ વ્યવસ્થાઓ અદ્ભુત છે પણ એક વ્યવસ્થા એવી ગોઠવી છે કે જેની કલ્પના કદાચ આપને ય નહીં હોય.

રોજ અમે જમવા બેસીએ ત્યારે અમારી થાળીમાં જે રોટલી આવે એ રોટલી પર ઘી અંદરથી જ ચોપડાઈને આવે પણ ઘરનું કામ કરી રહેલા નોકરો જ્યારે જમવા બેસે ત્યારે એમની થાળીમાં રોટલીઓ લૂખી મુકાય પણ ઘીની આખી લોટી એમની બાજુમાં મુકાઈ જાય. એમને પોતાના હાથે રોટલી પર જેટલું ઘી ચોપડવું હોય એટલું ચોપડવાની છૂટ.'

'આની પાછળ કોઈ કારણ ?'

**'મમ્મીનું એમ માનવું છું કે નોકરોને આખો દિવસ કામો જ કરવાનાં હોય છે એટલે એમના શરીરને વધુ તાકાતવાન રાખવું જોઈએ. એ તાકાત મેળવવા એમને પૂરતા પ્રમાણમાં ઘી આપવું જ જોઈએ.'**

આગને
અડ્યા વિના આગ માટે
કરેલ આગાહી સાચી પડી શકશે.
સર્પને
જોયા વિના સર્પ માટે
કરેલ આગાહી પણ સાચી પડી શકશે.
ક્ષેત્રને
જોયા-જાણ્યા વિના એના માટે
કરેલ આગાહી પણ સાચી પડી શકશે
પણ સબૂર !
માણસને જોયા વિના, જાણ્યા વિના, મળ્યા વિના
એના માટે કોઈ ચોક્કસ આગાહી કરવાથી
જાતને બને એટલી દૂર રાખજો.

**ગલૂડિયું આગળ જતાં કૂતરો જ બનવાનું છે એમાં ના નહીં. ગોટલીમાંથી આંબો જ જન્મવાનો છે, એમાં ના નહીં. બીજનો ચન્દ્ર આગળ જતાં પૂનમનો ચાંદ જ બનવાનો છે એમાં ના નહીં. વસંત ઋતુમાં લીલાંછમ દેખાતાં વૃક્ષો, પાનખરમાં પર્ણહીન બનવાનાં જ છે એમાં ના નહીં; પરંતુ આજનો માણસ આવતી કાલે માણસ જ રહેશે એ નક્કી નહીં. એ રાક્ષસ પણ બની જાય કે એ શેતાન અને પશુ પણ બની જાય. એ દેવ પણ બની જાય કે દેવાધિદેવ પણ બની જાય.**

✣ ✣ ✣

'યુનિસેફ' ના દબાણ હેઠળ ભારતમાં તમામ રાજ્યોમાં સ્કૂલોમાં ભણી રહેલ બાળકોને જાતીય શિક્ષણ [Sex Education] આપવાની સરકારી જાહેરાત થઈ ચૂકી છે. ઠેરઠેર એ માટેના શિક્ષકો માટેનાં તાલીમકેન્દ્રો પણ શરૂ થઈ ચૂક્યા છે. જો આ શિક્ષણ કુમળી વયનાં બાળકોને આપવાનું ચાલુ થઈ જ જાય તો એનાં દૂરગામી પરિણામો કેટલા



ભયંકર આવી શકે એની સમજ આપવા દિલ્હીના એક પ્રતિષ્ઠિત વર્તમાનપત્રના પત્રકાર સાથે મારી મુલાકાત યોજાઈ હતી.

'૧૧૦ કરોડની વસતિ ધરાવતા આ દેશમાં એક પણ ધર્મમાં આ શિક્ષણ માટે સંમતિ નથી. નૈતિકતાના ક્ષેત્રે આ શિક્ષણ ક્યાંય બંધબેસતું નથી. આ દેશની સાંસ્કૃતિક આબોહવા પણ આ શિક્ષણને માફક આવે તેવી નથી અને આ દેશની સામાજિક વ્યવસ્થામાં પણ આ શિક્ષણ ક્યાંય ગોઠવાતું નથી.'

આવી જાતજાતની તર્કબદ્ધ દલીલો સાંભળ્યા પછી એ પત્રકારે મને લાગણીભીના સ્વરે એટલું જ કહ્યું કે

'મહારાજ સાહેબ, આપની આ વેદનામાં અમે આપની સાથે જ છીએ. આપની આ ચિંતા આજથી અમારી પણ ચિંતા બને છે. અમે અમારી તમામ તાકાતથી પ્રજાજનોને આ વિષયમાં જાગ્રત કરીને જ રહેશું.'

એ પત્રકારના ગયા બાદ બીજે દિવસે સવારના હું પ્રવચનમાં જવાની તૈયારી કરી રહ્યો હતો અને ત્યાં એ પત્રકારનો સંઘની ઑફિસ પર ફોન આવ્યો.

'મહારાજ સાહેબને મારા પ્રણામ તો કહેજો જ પણ સાથે એક વાત એ પણ જણાવજો કે આપે જે કાર્ય ઉપાડ્યું છે એ કાર્ય માટે કોઈ આર્થિક સહયોગની જરૂર હોય તો હું રૂપિયા ૫૦,૦૦૦ આપવા માગું છું. વ્યભિચારના ફેલાઈ શકતા આ દાવાનળને બુઝવવામાં મારું આટલું યોગદાન સ્વીકારાશે તો મને ખૂબ આનંદ થશે.'

'પૈસા ખાય એ જ પત્રકાર' અથવા તો 'પત્રકાર પૈસા ખાય જ' આવી બહુજનવર્ગમાં બંધાઈ ગયેલ માન્યતાને ખોટી ઠેરવતું આ પત્રકારનું દૃષ્ટાન્ત આપણને સંદેશ આપે છે કે 'ન કોઈને ય કાયમી ખરાબ માનશો કે ન કોઈને ય કાયમી ખોટો માનશો. તમે ખુદના મનને અને જીવનને અચૂક સારું રાખી શકશો.'

વારસામાં
પુત્રોને પૈસા આપી જવાની
વિચારણામાં રમતા
પપ્પાઓનો તો સંસારમાં
સુકાળ જ સુકાળ છે
પરંતુ
વારસામાં પુત્રોને
પુણ્ય બાંધવાના સંસ્કારો
આપી જવા કેટલા
પપ્પાઓ પ્રયત્નશીલ હશે
એ તો લાખ રૂપિયાનો પ્રશ્ન છે.

**જવાબ આપો. મનને આકર્ષણ કોનું છે ? પુણ્યને ભોગવી લેવાનું કે પુણ્યને બાંધતા રહેવાનું ? સુખને ખેંચી ખેંચીને ભોગવતા રહેવાનું કે કષ્ટો વેઠીને ય સુખને વાવતા રહેવાનું ? સંપત્તિ પાછળ જ પાગલ બન્યા રહેવાનું કે સંસ્કારોને જ જીવનની બહુમૂલ્ય મૂડી માનતા રહેવાનું ?**

**યાદ રાખજો. તમે જો પૈસા પાછળ જ પાગલ હશો તો તમારા પુત્રોને ય તમે એની પાછળની પાગલતા જ વારસામાં આપવાના છો અને તમે પોતે જો સત્કાર્યમાં જ સલામતીનાં દર્શન કરતા હશો તો તમારા પુત્રોને ય તમે સલામત બનાવી દેવા સત્કાર્યોમાં જ જોડતા રહેવાના છો. પ્રશ્ન પુત્રોની જીવનશૈલીનો એટલો નથી જેટલો તમારી ખુદની વિચારશૈલીનો છે. પ્રશ્ન પુત્રોના ભાવિનો એટલો નથી જેટલો તમારા વર્તમાનનો છે.**

✣ ✣ ✣

સત્કાર્યોમાં સંપત્તિનો સદ્વ્યય કરતા રહેવાનું જેમને લગભગ વ્યસન જ પડી ગયું છે એવા એક ભાઈ મારી સામે જ બેઠા છે. એમના આવા ઉદાત્ત સ્વભાવની હું એમની સમક્ષ દિલ દઈને પ્રશંસા કરી રહ્યો છું ત્યારે એ ભાઈ પૂરી નમ્રતા સાથે મને પોતાના



જીવનની આ સુંદર શૈલીનું મૂળ બતાવી રહ્યા છે.

'મહારાજ સાહેબ, સાવ સાચું કહું તો એમ લાગે છે કે પ્રભુ પાત્રતા જોયા વિના મારા પર વરસ્યા છે. ક્યારેય કલ્પી નહોતી એટલી વિપુલ સંપત્તિ આજે મારી પાસે છે. પણ હા. મને આનંદ આજે એ વાતનો એટલો નથી કે મારી પાસે વિપુલ સંપત્તિ છે. આનંદ મને એ વાતનો આજે એટલો છે કે સંપત્તિનો સદ્વ્યય કરતા રહેવાની ભાવના મારા હૈયામાં સતત જીવતી જ હોય છે.'

'આ ભાવના નાની વયથી જ ?'

હા. પણ એ ભાવનાને પ્રગટાવવાનું કામ કર્યું પિતાજીએ. અમે કુલ ત્રણ ભાઈઓ. જ્યારથી કમાતા થયા, પિતાજીએ એક વાત અમારા મનમાં સજ્જડ બેસાડી દીધી.

**'જુઓ. જે પ્રભુની કૃપાથી તમારા હાથ ભરાયેલા રહે છે એ પ્રભુ પાસે ક્યારેય ખાલી હાથે જવાની ભૂલ કરશો નહીં. બીજું, પ્રભુ પાસે ગયા બાદ ત્યાં રકમ મૂકવા ખીસામાં હાથ નાખો ત્યારે બે બાબતનું ખાસ ધ્યાન રાખજો. એક : ખીસામાં જેટલી પણ રકમ હોય એ બધી જ રકમ પ્રભુ સમક્ષ મૂકી દેજો અને બે : એ રકમ મૂકતાં મનમાં જરાય ખચકાટ ન અનુભવશો.'**

મહારાજ સાહેબ, પૈસા બચાવવાના કે પૈસા કમાવાના નહીં પણ પુણ્ય બાંધવાના પિતાજીએ આપેલ આ સુંદર સંસ્કારોનું જ એ પરિણામ છે કે સંપત્તિનો સદ્વ્યય કરતા રહેવાની તક જ્યાં પણ દેખાય છે ત્યાં પળના ય વિલંબ વિના પૂર્ણ પ્રસન્નતા સાથે માત્ર હું જ નહીં, અમે ત્રણે ય ભાઈઓ એ તકને ઝડપીને જ રહીએ છીએ. આશીર્વાદ આપો આપ કે સદ્વ્યય કરતા રહેવાના આ સંસ્કાર અમારા સમસ્ત પરિવારમાં સદાય ધબકતા જ રહે.

સાધન કહો તો સાધન
અને
સામગ્રી કહો તો સામગ્રી,
બહારથી એ કદાચ
સુવિધાજનક લાગતી હશે
પરંતુ
અંદરથી તો એ
અશાંતિજનક અને ઉદ્વેગજનક
જ બની રહેતી હોય એવો
અનુભવ તમારો રોજનો નથી ?

**ગાડી. તમને એમ લાગે છે કે ક્યાંય પણ જવું હોય છે, ગૅરેજમાંથી એને બહાર કાઢો. પૂરઝડપે ભગાવો એને. અને પહોંચી જાઓ સમયસર લક્ષ્ય સ્થાને. પણ આ જ ગાડી પોતાની સાથે અન્ય કેટકેટલી ચિંતાઓ લઈ આવે છે ? પેટ્રોલની ચિંતા, ડ્રાઇવરની ચિંતા, ગૅરેજની ચિંતા, પાર્કિંગની ચિંતા. ઍક્સિડન્ટની ચિતા. માવજતની ચિંતા. પંક્ચરની ચિંતા. બગડી જવાની ચિંતા. ચોરાઈ જવાની ચિંતા ! કહેવું હોય તો એમ કહી શકાય કે એ સુવિધા આપે છે રાઈ જેટલી અને ચિંતા આપે છે પર્વત જેટલી.**

**અનુભવ આ જ હોવા છતાં કોણ જાણે કેમ, માણસ સાધનો પાછળ પાગલની જેમ ભાગી રહ્યો છે, ભટકી રહ્યો છે અને ભ્રમિત થઈ રહ્યો છે. એનાં સુખ-શાંતિ-ચેન બધું ય એણે સાધનોને ત્યાં ગિરવે મૂકી દીધું છે.**

✣ ✣ ✣

કેટલાક અગત્યના મુદ્દાઓ પર મારે કેટલીક કાયદાકીય માર્ગદર્શનની આવશ્યકતા હતી. એ માટે એક સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશનો સંપર્ક સાધતાં એમણે મળવા આવવાની તૈયારી દર્શાવી.

નિયત સમયે તેઓ મળવા આવ્યા અને મારે એમની સાથે વાતચીત શરૂ થઈ.



લગભગ એક કલાક ચાલેલ આ વાતચીતમાં એમના તરફથી મને ખૂબ સરસ માર્ગદર્શન તો મળ્યું પણ વાતચીત સમાપ્ત થયા બાદ મેં એમને એક પ્રશ્ન પૂછ્યો,

'આ માર્ગદર્શન મને આપતા તમે લગભગ એક કલાક જેટલો સમય અહીં વીતાવ્યો. પણ આટલો જ સમય તમે સંસારી માણસને એના સંસારના પ્રશ્નો ઉકેલવા આપો તો રૂપિયા કેટલા લો ?'

'એક કલાકના એક લાખ રૂપિયા'

'શું વાત કરો છો ?'

'હા. જ્યારથી આ દેશમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ આવી છે ત્યારથી તેઓ આવા બધા વિકલ્પો પાછળ છૂટથી લાખો રૂપિયા વેરી રહ્યા છે.'

આટલું કહીને તેઓ જવા માટે તૈયાર થયા ત્યારે મારી સાથે વાતચીત દરમ્યાન બેઠેલા એક શ્રાવકે એમનો મોબાઇલ ફોન નંબર માગ્યો.

'હું મારી સાથે મોબાઇલ નથી રાખતો'

'શું વાત કરો છો ?'

'હા. એ સાથે હોય છે તો સતત ત્રાસ જ અનુભવાય છે. અલબત્ત, ઘરે મોબાઇલ જરૂર રાખું છું.'

'ઘરના મોબાઇલનો નંબર આપો'

અને તેઓ જે નંબર બોલ્યા એમાં દસ આંકડા હતા.

'આ નંબર બરાબર નથી લાગતો'

'તમે એક કામ કરો. બહાર આવો. મારી ગાડીના ડ્રાઇવરને પૂછીને તમને કહું' એમ કહીને તેઓ પેલા શ્રાવકને બહાર લઈ ગયા અને ડ્રાઇવરને પૂછીને પોતાના ઘરના મોબાઇલનો નંબર શ્રાવકને લખાવી દીધો.

**સુપ્રીમના નિવૃત્ત ન્યાયાધીશને મોબાઇલ વિના બહાર નીકળવામાં વાંધો નથી આવતો. આજના ચિંટુ-પિંટુ મોબાઇલ વિના બહાર નીકળવા તૈયાર નથી !**

સરળ વ્યવહાર
જીવનને સરસ બનાવીને
રહે છે જ કે કેમ,
એની તો ખબર નથી
પરંતુ
ખુદને એ નિર્ભય રાખે છે
અને સામાને એ નિશ્ચિંત રાખે છે
એમાં તો કોઈ જ શંકા નથી.
પૂછી લેજો મનને,
એને સરળતા ફાવે છે
કે પછી વક્તા ?

**તમે લાકડીને જોઈ તો છે ને ? એ હોય છે તો સીધી પણ તમે એને મૂકો પાણીભરેલી તપેલીમાં અને પછી જુઓ એને. એ તમને વાંકી દેખશે. સીધી પણ લાકડી પાણીના માધ્યમે જેમ વાંકી દેખાય છે તેમ સાવ સીધા લાગતા પણ પ્રસંગો જો તમે કેવળ બુદ્ધિના માધ્યમે જ જોશો તો એ ય તમને વાંકા જ દેખાશે. કહેવું હોય તો એમ કહી શકાય કે બુદ્ધિને લગભગ તો વક્રતામાં જ રસ છે. નથી એને સરળ વ્યવહાર ફાવતો કે નથી એને સહજ વ્યવહાર ફાવતો.**

**પણ સબૂર !**

**બુદ્ધિ પાસે પ્રથમ હાસ્ય કદાચ તમને જોવા મળે પરંતુ અંતિમ હાસ્ય તો હૃદય પાસે જ હોય છે. વિશ્વકપની મૅચમાં બુદ્ધિ કદાચ 'સેમી ફાઈનલ' સુધી પહોંચી જવામાં સફળ બની પણ જતી હોય તો ય 'ફાઈનલ' માં જીતવાનું સદ્ભાગ્ય તો હૃદયને જ મળતું હોય છે.**

✣ ✣ ✣

લગભગ ૩૫ ની વયનો એ યુવક હતો. પ્રવચનમાં આવેલ 'સરળ વ્યવહાર' ની



વાત સાંભળીને પ્રવચન બાદ એ મળવા આવ્યો હતો. ચહેરા પર સૌમ્યતા દેખાય તો વાતચીતમાં નિખાલસતા અનુભવાય. સંપત્તિ વિપુલ છતાં નમ્રતા પ્રશંસનીય. વ્યક્તિત્વ આકર્ષક છતાં પવિત્રતા અનુકરણીય.એણે વાત શરૂ કરી.

'મહારાજ સાહેબ, **વ્યવહારમાં વક્રતા અમારે બહુધા તો ધંધામાં જ આચરવી પડતી હોય છે. માલની પડતર કિંમત હોય જુદી અને બતાવવાની જુદી. માલ ખરીદી લેવાની ઉતાવળ પણ રકમ ચૂકવવામાં ભારે લાપરવાહી. માલ બતાવવાનો જુદો અને પધરાવવાનો જુદો. ખાસ તો પૈસાના ક્ષેત્રે ભારે આંટીઘૂંટી, ચાલબાજી અને કાવાદાવા. પરંતુ કહેવા દો મને કે આ બાબતમાં હું ભારે નસીબદાર રહ્યો છું.'**

'કારણ ?'

'પપ્પાએ ઘડી આપેલ ચોક્કસ નીતિ'

'કઈ ?'

'કોઈ પણ વેપારીએ ઉઘરાણી માટે ક્યારેય ફોન નહીં કરવાનો ?'

'એટલે ?'

'એટલે આ જ કે ઉઘરાણીનો જે પણ સમય નક્કી થયો હોય એ સમય પર વેપારીને ઉઘરાણીની રકમ સામે ચડીને પહોંચાડી જ દેવાની.'

'આ વ્યવસ્થા બરાબર ચાલે છે ?'

'એકદમ બરાબર. આ વ્યવસ્થા ગોઠવાઈ જવાથી સૌથી મોટો લાભ એ થયો છે કે આડેધડ - તાકાત જોયા વિના માલનો ઑર્ડર આપવાનું બંધ થઈ ગયું છે. ખરીદશક્તિ હોય એટલો જ માલ ખરીદવાનો. આના કારણે મન સ્વસ્થ રહે છે, વેપારીઓ સાથેના સંબંધમાં મીઠાશ જળવાઈ રહે છે અને સૌથી મોટી વાત તો એ કે વેપાર જગતમાં સારી એવી શાખ ઊભી થઈ ગઈ છે.'

હાથીનું કદ વિશાળ,
એ હાથીને ચલાવનાર મહાવતના
શરીરનું કદ હાથીના કદ કરતાં નાનું.
એ મહાવતના હાથમાં રહેલ
અંકુશનું કદ એથી ય નાનું.
એ અંકુશનો વ્યવસ્થિત
ઉપયોગ કરી રહેલ મહાવતની બુદ્ધિ
તો સર્વથા અદશ્ય.
એ બુદ્ધિનું નિર્માણ કરી રહેલ મન
એથી ય વધુ અદશ્ય.
એ મન જેના તાબામાં છે એ આત્મા અદશ્ય
તો ખરો જ, સાથે અરૂપી પણ ખરો !

જવાબ આપો. તાકાત કોની વધુ ? સ્થૂળની કે સૂક્ષ્મની ? રૂપીની કે અરૂપીની ? આંખ સામે હોય એની કે આંખ પાછળ હોય એની ? શસ્ત્રધારકની કે નિઃશસ્ત્રની ? પુરુષાર્થની કે પુણ્યની ? શબ્દોની કે મૌનની ?

**યાદ રાખજો. બુદ્ધિ કબૂલ કરે કે ન કરે, મન માને કે ન માને, તર્ક સંમત થાય કે ન થાય, વિજ્ઞાન હા પાડે કે ના પાડે. તાકાતના ક્ષેત્રમાં સ્થૂલ કરતાં સૂક્ષ્મ જ આગળ હોય છે. રૂપી કરતાં અરૂપીની તાકાત જ વધુ હોય છે. શસ્ત્રધારક કરતાં નિઃશસ્ત્ર પાસે જ બળ પ્રચંડ હોય છે. પૈસા કરતાં પુણ્યની અને પુરુષાર્થ કરતાં આશીર્વચનની તાકાત જ વધુ હોય છે.**

વય ૬૫ આસપાસની લગભગ હશે એ ભાઈની. પ્રવચનમાં એમની હાજરી તો નિયમિત ખરી જ પરંતુ પ્રવચનમાં એમની બેસવાની જગા પણ લગભગ નિશ્ચિત. કોમળ હૃદય અને સરળ મન એ એમની આગવી મૂડી. શીતળ સ્વભાવ અને મધુર વચન એ એમની આગવી ઓળખ.



આજે પ્રવચન બાદ એ મારી પાસે બેઠા અને એમણે પોતાના જીવનમાં ટકી રહેલ ગુણવૈભવના કારણની વાત સામે ચડીને કહી.

'મહારાજ સાહેબ, વરસોથી વિશાળ પરિવારવાળા સંયુક્ત કુટુંબમાં રહેવાનું મારે બન્યું. જે દિવસે મારાં લગ્ન થયા એ દિવસે પરિવારના વડીલો પાસે આશીર્વાદ લેવાની પરંપરા અમારે ત્યાં વરસોથી ચાલી આવેલી. તદ્અનુસાર અમે બંને મારા દાદા પાસે આશીર્વાદ લેવા ગયા એ વખતે એમણે અમને બંનેને જે કાંઈ કહ્યું એ આજેય બરાબર યાદ છે. એમ કહું કે એ આશીર્વચનોના આધારે જ અમારાં જીવન સુંદર બન્યા તો એમાં જરાય અતિશયોક્તિ નથી.' આટલું બોલતા બોલતા એ ભાઈ ગળગળા થઈ ગયા.

'દાદાએ કયાં આશીર્વચનો કહેલા ?'

'અમે બંને એમના ચરણમાં ઝૂક્યા અને એમણે અમારા બંનેના મસ્તક પર વાત્સલ્યસભર હાથ તો ફેરવ્યો પણ પછી મારી સામે અમી નજર નાખીને એટલું જ કહ્યું કે-

'જો, સંપત્તિ આપીને હું તને આજે ખુશ કરવા નથી માગતો પરંતુ મારે તને બે આશીર્વચન એવા કહેવા છે કે જેનું પાલન તમે બંને જીવનભર જો કરતા રહેશો તો ન સુખમાં પાગલ બની જશો કે ન દુઃખમાં પીડિત બન્યા રહેશો. તમારી ઇચ્છા હોય તો એ વચનો કહું.'

'જરૂર કહો'

'મા-બાપ પ્રત્યેની કૃતજ્ઞતાને અભિવ્યક્ત કરતા રહેવામાં ક્યારેય પાછા પડશો નહીં અને પ્રભુના ઉપકારને સ્વીકારતા રહેવામાં ક્યારેય ઊણાં ઊતરશો નહીં. જન્મ અને જીવનનું દાન જો માબાપે કર્યું છે તો જીવનમાં બધી જ અનુકૂળતાઓ પ્રભુ તરફથી મળી છે. એ બંને સાથેના સંબંધમાં બુદ્ધિને ક્યારેય પ્રવેશવા દેતા નહીં. જીવન તમારા બંનેનાં નંદનવન બનીને જ રહેશે' બસ, એ આશીર્વચનો જ અમારા જીવનની શ્રેષ્ઠતમ મૂડી આજે બની રહ્યા છે.'

મોટાં કામો
કદાચ મોટા માણસો જ
કરી શકતા હશે
પરંતુ
મહાન કાર્યો તો
નાના માણસો પણ
કરી દેતા હોય છે.
તમે જો નાના છો,
તો હતાશ ન થશો.
મહાન કાર્યો કરવાનું વરદાન તમને
મળેલું જ છે.

મનની એક વિચિત્ર આદત ખ્યાલમાં છે ? એ કાયમ તમને પર્વતના શિખરે જ પહોંચવાની વાત કર્યા કરે છે. એ કાયમ તમને સાગરના તળિયાનો સ્પર્શ કરી આવવાનો પડકાર જ ફેંક્યા કરે છે. એ તમને કાયમ આસમાનના તારાઓને જ આદર્શભૂત રાખવાની વાત કર્યા કરે છે. ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે મનના શબ્દકોશમાં 'અધિક, કઠિન, ઉચ્ચ, પૂર્ણ' આવા જ શબ્દો છપાયેલા છે.

જ્યારે

**વાસ્તવિકતા એ છે કે તમે તમારી શક્તિ અનુસાર નાનાં નાનાં સત્કાર્યો પણ કરી શકો છો. મહાનતાના ક્ષેત્રે એક એક કદમ પણ તમે આગળ વધી શકો છો. અગિયારમા નંબરનો ખેલાડી એક એક રન લઈને જ જેમ સેન્ચ્યુરી પૂરી કરી શકે છે તેમ મજબૂત મનોબળવાળો આત્મા નાનકડાં નાનકડાં સત્કાર્યો કરતો રહીને પણ સ્વજીવનને સત્કાર્યોથી મઘમઘતું બનાવી જ શકે છે.** વાંચી છે ને આ પંક્તિ ?

When we can not do what we like, than we must like what we can do. આપણને ગમતું આપણે ન કરી શકતા હોઈએ ત્યારે આપણે જે કરી શકતા



હોઈએ એ આપણને ગમી જવું જ જોઈએ.

૬૬

'મહારાજ સાહેબ, આજે એક કમાલનો અનુભવ થઈ ગયો. ઠગોની નગરી ગણાતા દિલ્લીમાં આવો અનુભવ પણ થઈ શકે એ વાત મગજમાં બેસતી નથી.' એક યુવકે વાત કરી.

'શું અનુભવ થયો ?'

'બપોરના જાહેર પ્રવચનમાં સમયસર પહોંચી જવા માટે મેં એક ટૅક્સી કરી. ટૅક્સીમાં બેસતાંની સાથે જ ટૅક્સીવાળાએ પૂછ્યું,

'ક્યાં જવું છે ?'

'ગુજરાત એપાર્ટમેન્ટ'

'ત્યાં જ રહો છો ?'

'ના'

'ધંધાના કામે ત્યાં જવું છે ?'

'ના'

'અન્ય કોઈ કામે ?'

'ના'

'તો ?'

'ત્યાં અમારા એક મહારાજ આવ્યા છે ને, એમનું પ્રવચન સાંભળવા જવું છે.' બસ, મારા આટલા શબ્દો સાંભળતા જ એના ચહેરા પર ચમક આવી ગઈ. ટૅક્સી એણે ભગાવી. અહીં ઊભી રાખી. 'પૈસા કેટલા આપવાના છે ?' મેં પૂછ્યું,

**'છેલ્લા કેટલાય વખતથી હું તમારા જેવા અનેક મુસાફરોને અહીં પ્રવચન માટે લઈ આવ્યો છું. એક વાર તો મેં પોતે પણ તમારા મહારાજ સાહેબનું પ્રવચન સાંભળ્યું છે. બસ, એ દિવસથી મેં નક્કી કર્યું છે કે અઠવાડિયામાં એક વખત તો અહીં પ્રવચન સાંભળવા જે આવે એની રકમ મારે લેવી નહીં. આજે સાતમો દિવસ છે. તમારા પૈસા મારે લેવાના નથી.' આમ કહીને એણે ટૅક્સી ભગાવી મૂકી !**

સાગર

વાયા વાદળ

નદીને મળવા આવે છે.

સૂર્ય

વાયા દર્પણ

ભોંયરામાં પહોંચે છે.

મહાન આત્મા

વાયા હૃદય

નાના માણસના દિલમાં

સ્થાન જમાવી લે છે.

**જવાબ આપો. સુખની ચિંતા જ્યારે પણ કરી છે ત્યારે કેવળ 'સ્વ'ની જ કરી છે ? 'સ્વજન' ની જ કરી છે ? 'સજ્જન'ની પણ કરી છે ? 'દુર્જન'ની પણ કરી છે ? કે પછી 'સર્વજન'ની પણ કરી છે ? કદાચ જવાબ આ જ હશે કે સુખની ચિંતામાં 'સ્વ'ની સાથે વધુમાં વધુ 'સ્વજન' ને જ રાખ્યા છે પણ સજ્જન, દુર્જન કે સર્વજનના સુખની ચિંતા લગભગ તો નથી જ કરી.**

જ્યાં સુખમાં ય આપણે સહુને સમાવી નથી શકતા ત્યાં હિતમાં કે ધર્મમાં અનેકને આપણે સમાવી શક્યા હોઈએ એવી તો કલ્પના કરવી ય મુશ્કેલ જ છે ને ? અને એમાં ય જેઓ 'નાના' છે, 'નોકરો' છે, સમાજની દૃષ્ટિએ 'નકામા' છે એમનાં હિતને માટે કે સુખને માટે સંપત્તિનો સદ્‌વ્યય કરવા તૈયાર રહેવું એ કઠિન જ છે ને ? પણ, ક્યાંક ક્યારેક એવી વિરલ ઘટના જોવા મળે છે અને દિલ આનંદવિભોર બની જાય છે.

✣ ✣ ✣

એ ભાઈને ત્યાં સુંદર મજેનું ગૃહમંદિર છે. ખૂબ સારી સંખ્યામાં એ ગૃહમંદિરમાં ભાવિકો દર્શન-વંદન-પૂજનનો લાભ લઈ રહ્યા છે. મંદિરની વ્યવસ્થા સરસ રીતે સચવાઈ રહે એ ખ્યાલે એ ભાઈએ મંદિરમાં પૂજારી રાખ્યો છે. અલબત્ત, એની ઓળખ ભલે



પૂજારી તરીકે થતી હોય પણ એ ઘરમાં પૂજારીનું સ્થાન ઘરના સભ્યથી જરાય ઓછું નથી. કહેવું હોય તો એમ કહી શકાય કે પૂજારી એ ઘરમાં સર્વેસર્વા છે. ઘરના વડીલ ઘરની ચાવી તો ઠીક, તિજોરીની ચાવી પણ પૂજારીના હાથમાં સોંપી દેતા પળનો ય વિલંબ કરતા નથી.

બન્યું એવું કે એ ગૃહમંદિર જે વિસ્તારમાં છે એ મંદિરના વિસ્તારમાં અમારું ચાતુર્માસ હતું. પર્યુષણમાં થયેલ આરાધનાની અનુમોદનાર્થે પ્રભુભક્તિના મહોત્સવનું આયોજન થયું હતું. એ આયોજન અંતર્ગત રથયાત્રાનો વરઘોડો પણ નીકળવાનો હતો અને પ્રવચનમાં પ્રભુના રથના સારથિ બનવાની ઉછામણી શરૂ થઈ.

૫૦૦ મણ...૫૦૦૦ મણ...૭૫૦૦ મણ...૧૦,૦૦૦ મણ...૧૨,૫૦૦ મણ અને છેવટે ૧૫,૦૦૦ મણ આગળ ઉછામણી અટકી...એક વાર...બે વાર અને ત્રણ વાર બોલીને આદેશ અપાયો. આદેશ લેનાર ભાઈ એ હતા, જેમનું ગૃહમંદિર હતું.

પ્રવચન બાદ એ ભાઈ આસને મને મળવા આવ્યા.

'તમે ઉછામણી સરસ બોલ્યા'

'બોલવી જ હતી'

'સારથિ તમે બનશો ?'

'ના'

'તો ?'

'પૂજારીને બનાવીશ'

'શું વાત કરો છો ?'

**'મારા ગૃહમંદિરના પ્રભુને એ સંભાળે છે તો એની અનુમોદના માટે મારે આટલું તો કરવું જ જોઈએ ને ?'** એ ભાઈની આ ઉદાત્તવૃત્તિને હું મનોમન વંદી રહ્યો.

આંસુ લૂછવા
એ જો ઉત્તમ મનોવૃત્તિ છે.
આંસુ પાડવા
એ જો મધ્યમ મનોવૃત્તિ છે
તો
આંસુ પડાવવા એ તો
અધમતમ મનોવૃત્તિ છે.
સતત તપાસતા રહેજો જીવનશૈલીને.
આપણો નંબર શેમાં છે ?
ઉત્તમમાં, મધ્યમમાં કે પછી
અધમમાં ?

**યાદ રાખજો. કોમળ હૃદય સતત સામાના આંસુ લૂછતા રહેવામાં તત્પર હોય છે, દીન હૃદય સતત આંસુ પાડતું રહેતું હોય છે જ્યારે ક્રૂર હૃદય સતત બીજાને આંસુ પડાવતા રહેવાની જાણે કે તક જ શોધતું હોય છે. જીવન માનવનું પણ હૃદય જો કોમળ છે તો એ દૈવી જીવન છે, હૃદય જો દીન છે તો એ પશુજીવન છે પણ હૃદય જો ક્રૂર છે તો એ તો રાક્ષસી જીવન છે. રાક્ષસ પાસે શાંતિ શેની ? સમાધિ અને સદ્ગતિ શેની ? પશુ પાસે સત્ત્વ અને સદ્ગુણો શેના ? દેવ પાસે સંક્લેશ અને સંઘર્ષ શેના ?**

'મહારાજ સાહેબ, આજે એક સુકૃત કર્યું. એ સુકૃતનું કદ ભલે નાનું છે પરંતુ એના સેવને મેં જે આનંદ માણ્યો છે એ તો વર્ણનાતીત છે. આપ પણ એને જાણીને આનંદિત થઈ જશો' એક બહેને વાત કરી.

'કયું સુકૃત કર્યું ?'

'આજે બજારમાંથી કેટલીક વસ્તુઓની ખરીદી કરીને હું ઘર તરફ આવી રહી હતી અને અચાનક મારી બાજુમાં એક સાઈકલ રિક્ષા આવીને ઊભી રહી ગઈ. એ રિક્ષામાંથી બે યુવકો ઊતર્યા.



રિક્ષાવાળો કાંઈ સમજે એ પહેલાં તો એ બંને યુવકો ભાગીને રસ્તાની સામે બાજુની સોસાયટીમાં દાખલ થઈ ગયા. રિક્ષાવાળાએ ઘણી બૂમાબૂમ કરી પણ સાંભળે કોણ ?

'તું કહે તો એ સોસાયટીમાં જઈને એ બંને યુવકોને હું પકડી લાવું' એ રિક્ષામાં જ બેઠેલા એક ભાઈએ રિક્ષાવાળાને વાત કરી.

'આવડી મોટી સોસાયટીમાં એ યુવકો મળવાના ક્યાં થી ? તમે એને શોધી શકશો ક્યાંથી ?'

'મહેનત તો કરું'

'ના, જવા દો. હું અહીં ક્યાં સુધી ઊભો રહું ?' આટલું બોલતાં બોલતાં રિક્ષાવાળાની આંખોમાં આંસુ આવી ગયા.

'તું રડે છે ?'

**'શું કરું ? મારે એમની પાસેથી ૨૫ રૂપિયા લેવાના હતા. ખૂબ દૂરથી એ બંનેને અહીં સુધી હું લઈ આવ્યો અને ભણેલા-ગણેલા લાગતા એ બંને જણાએ મારા જેવા ગરીબ માણસ સાથે આવો હલકટ વ્યવહાર કર્યો. અમારા જેવા નાના માણસ પાસે બચત થોડી હોય છે કે અમે બે દિવસ સુધી ન કમાઈએ તો પણ ચાલે ? આજનું લાવીને આજ ખાવાનું. આ સ્થિતિમાં ૨૫ રૂપિયા જવા દેવા પડે એ શેં પોસાય ?'**

મહારાજ સાહેબ, મેં રિક્ષાચાલકની આ વાત સાંભળી અને પળના ય વિલંબ વિના પર્સમાંથી ૨૫ રૂપિયા કાઢીને એને આપીને એટલું જ કહ્યું,

'ભાઈ, લઈ લે આ ૨૫ રૂપિયા'

'બહેન, મારી રિક્ષામાં તમે તો બેઠાં ય નથી અને છતાં મને ૨૫ રૂપિયા આપવા માગો છો ? મારાથી એ રકમ લેવાય જ શી રીતે ?'

એની અનિચ્છા છતાં એના હાથમાં જ્યારે મેં ૨૫ રૂપિયા મૂકી જ દીધા ત્યારે એની આંખો સામે હું જોઈ ન શકી કારણ કે એ રડી રહ્યો હતો !

ચટણી
વાટવાના પથ્થરને
લાત લગાવવી એ જુદી વાત છે
અને
પ્રભુની પ્રતિમા
બનવાની સંભાવના ધરાવતા
પથ્થરને લાત લગાવવી
એ જુદી વાત છે.
જડની અવગણના
તો સમજાય છે પણ
જીવની અવગણના ?

**ભારે દુઃખની વાત એ છે કે આપણને જડની ઉપાસનામાં રસ છે જ્યારે જીવની અવગણનામાં ! જડ ખાતર જીવને તરછોડતા આપણને કોઈ હિચકિચાટ થતો નથી અને જીવ ખાતર જડનો ત્યાગ કરતા આપણને જાણે કે નવનેજાં પાણી ઊતરી જાય છે. અપેક્ષા તૂટતાંની સાથે જ જીવ આપણા તિરસ્કારનો વિષય બનવા લાગે છે અને જડ તરફથી ગમે તેટલી હેરાનગતિ અનુભવવા મળે છે તો ય એના પ્રત્યેની આપણી આસક્તિમાં કોઈ કડાકો બોલાતો નથી. ટૂંકમાં, જડરાગ અને જીવદ્વેષ એ જ જાણે કે આપણી જીવનશૈલી અને વિચારશૈલી બની ગયા છે.**

**જીવનને સાર્થક કરી દેવું છે ? એક જ કામ કરો. જીવને નંબર એક પર લાવી દો અને જડને નંબર બે પર મૂકી દો. પછી જુઓ. ચિત્તની પ્રસન્નતા કેવી આસમાનને સ્પર્શવા લાગે છે ?**

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, આજે ઑફિસેથી ઘરે આવતા જે કરુણ દશ્ય જોવા મળ્યું છે એ હજીય આંખ સામેથી હટતું નથી.' પ્રવચન બાદ મળવા આવેલ એક યુવકે વાત કરી.



## ૨૬ 'શું જોયું ?'

'રસ્તાની એક બાજુએ બે યુવકો શેરડીના રસવાળા પાસે ઊભા રહીને શેરડીનો રસ પીતા હતા. ત્યાં અચાનક એક દસેક વરસની બેબી ત્યાં આવીને ઊભી રહી ગઈ.'

'હટ્' એક યુવકે રાડ પાડી.

'મને રસ પીવડાવો ને ?'

'તને અને રસ ?'

'હા'

'અહીંથી જાય છે કે પછી...'

'રસનો એક ગ્લાસ...'

અને એ બેબી આગળ કાંઈ બોલે એ પહેલાં તો એ યુવકે એ બેબીના ગાલ પર તમાચો ઠોકી દીધો. બેબીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. મેં મારી સગી આંખે આ જોયું અને હું હલી ગયો. સંપત્તિનો આ નશો ? યુવાનીનો આ અવિવેક ? હું એ જગાએ પહોંચી ગયો. બેબી હજી ત્યાં જ ઊભી ઊભી રડી રહી હતી.

'તારે રસ પીવો છે ને ?'

'હા'

'નાનો ગ્લાસ કે મોટો ગ્લાસ ?'

'મોટો ગ્લાસ'

**અને મેં શેરડીવાળાને રૂપિયા દસ આપી બેબીને મોટો ગ્લાસ ભરીને રસ આપવા કહ્યું. જ્યારે બેબીએ એ રસનો ગ્લાસ મોઢે માંડ્યો ત્યારે એની આંખમાંથી તો આંસુ વહેવા જ લાગ્યા પણ એનાં આંસુ જોઈને મારી આંખો ય સજળ બની ગઈ.**

દુઃખદ આશ્ચર્ય તો એ થયું કે મારી આ ઉદારતાને બેવકૂફી માનતા પેલા બે યુવકો મારી સામે કતરાતી આંખે જોવા લાગ્યા ! જાણે કે હૃદયની કોમળતા દર્શાવીને મેં કોઈ ભારે અપરાધ કર્યો હતો !

સિંહના
દેખાતા દાંત
જો એના હાસ્યની જાહેરાત
નથી જ કરતા,
હાથીના
દેખાતા દાંત
જો એની સુરક્ષાની જાહેરાત
નથી જ કરતા
તો
લોભીના ચહેરા પર દેખાતું હાસ્ય
એની પ્રસન્નતાની જાહેરાત પણ
નથી જ કરતું ને ?

**ચાહે તમારી પાસે વિપુલ સંપત્તિ છે કે અમાપ સત્તા છે, ભરપૂર સમૃદ્ધિ છે કે સંખ્યાબંધ સામગ્રી છે. એને વળગેલાં ત્રણ કલંકો સતત આંખ સામે રાખજો. ૧. મોત પછી એમાંનું કાંઈ જ તમારી સાથે આવવાનું નથી. ૨. મોત સુધી પણ એ તમારી સાથે રહેશે જ એ નક્કી નથી અને ૩. જ્યાં સુધી એ તમારી સાથે રહેશે ત્યાં સુધી એ બધું તમને પ્રસન્નતાની જ અનુભૂતિ કરાવતું રહેશે એની કોઈ ગૅરન્ટી નથી.**

શું કરશો સામગ્રીઓના ખડકલા વધારતા રહીને ? શું કરશો અહં પુષ્ટ કરવા ખાતર વિપુલ સંપત્તિના અર્જન પાછળ માનવજીવનનો અમૂલ્ય સમય વેડફતા રહીને ? ગુલાબજાંબુ પેટમાં પધરાવતા ય ક્યાંક તો જો થોભી જ જાઓ છો, દૂધમાં સાકર નાખતા ય ક્યાંક તો જો હાથને અટકાવી જ દો છો તો સંપત્તિ ક્ષેત્રે ય મનને ક્યાંક તો 'રુક જાઓ'નો આદેશ આપી જ દો.

✣ ✣ ✣

'આ ફૅક્ટરી તમારી ?'



૭૬

ઉપાશ્રયના અભાવે એક દિવસ અમારે એક ભાઈની ફૅક્ટરીમાં રહેવાનું બન્યું હતું. ત્યાં એમણે પોતાના પરિચિતોને બોલાવ્યા હતા. એ સહુ વચ્ચે મેં પ્રવચન કર્યું અને પ્રવચન બાદ એ ફૅક્ટરી જેમની હતી એ ભાઈ મારી પાસે આવીને બેઠા. મેં એમને પૂછ્યું,

'આ ફૅક્ટરી તમારી ?'

'હા'

'રોજ અહીં આવો ?'

'ના'

'તો ?'

'માણસોથી કામ ચાલી જાય'

'તમારું ન આવવાનું કારણ ?'

'આવી કુલ ચાર ફૅક્ટરી છે'

'ચાર ?'

'હા'

'એ બધી જ ફૅક્ટરીઓ પર તમારે ધ્યાન તો રાખવું જ પડે ને ? એને સમય પણ આપવો તો પડે જ ને ? એના હિસાબ-કિતાબમાં મનને વ્યસ્ત પણ રાખવું જ પડે ને ? શા માટે આટલી બધી દોડધામ અને હૈયાહોળી ?'

'આપ કંઈક ફરમાવો'

'હવે પાંચમી ફૅક્ટરી તો નહીં જ'

અને એ જ પળે એ ભાઈ ઊભા થઈ ગયા અને એટલું જ બોલ્યા કે 'નિયમ આપી દો. ચાર ફૅક્ટરીમાં શક્ય હશે તો ઘટાડો કરીશ પણ હવે પાંચમી ફૅક્ટરી તો ક્યારેય નહીં.'

**આજે એ ભાઈએ ચારમાંથી એક ફૅક્ટરી ઓછી કરી નાખી છે. અને હજી બે ફૅક્ટરી ઓછી કરી નાખવાના પ્રયત્નમાં એ ભાઈ વ્યસ્ત છે. માત્ર ધંધો જ એમણે ઘટાડ્યો છે એવું નથી. ધંધો ઘટાડવાની સાથે ધર્મ પણ વધાર્યો છે.**

વિપુલ સંપત્તિ,
અમાપ સમૃદ્ધિ,
બેમર્યાદ સત્તા અને
અગણિત શક્તિઓ,
આમાનું કાંઈ પણ જો
આપણી પાસે છે તો
આપણે એટલું જ યાદ રાખવાનું છે કે
એ આપણને
'મદ' કરવા નથી મળ્યું પણ
'મદદ' કરવા જ મળ્યું છે.

**જવાબ આપો. મનમાં વૃત્તિ કઈ ઊઠે છે ? મારી પાસે જે પણ છે એ જગતના ઉપયોગમાં આવી જાય એ ? કે પછી જગત પાસે જે પણ છે એ મારું પોતાનું બની જાય એ ? મારું સુખ સહુનું સુખ બની જાય એ ? કે પછી સહુનું સુખ મારી પાસે આવી જાય એ ? સુખ સહુને આપતો રહું અને દુઃખ સહુનાં કાપતો રહું એ ? કે પછી સુખને છુપાવતો રહું અને દુઃખની જાહેરાત કરતો રહું એ ?**

યાદ રાખજો. વાદળ પાણી આપે છે, સૂરજ પ્રકાશ આપે છે, વૃક્ષ છાયા આપે છે, પુષ્પ સુવાસ આપે છે, ચન્દ્ર શીતળતા બક્ષે છે. આનો અર્થ ? આ જ કે પ્રકૃતિમાં સામ્રાજ્ય કેવળ ઉદારતાનું જ છે. પૂછવા જેવું તો આપણા હૃદયને છે. ત્યાં સામ્રાજ્ય કોનું છે ? કઠોરતાનું કે કોમળતાનું ? તપાસવા જેવું તો આપણા જીવનને છે. ત્યાં બોલબાલા કોની છે ? કૃપણતાની કે ઉદારતાની ? તપાસવા જેવું છે તો આપણા દિલને છે. ત્યાં પ્રતિષ્ઠા કોની થયેલી છે ? કૃતઘ્નતાની કે કૃતજ્ઞતાની ? એટલું જ કહીશ કે કઠોરતા, કૃપણતા અને કૃતઘ્નતા, એ મોતના જ પર્યાયવાચી શબ્દો છે. કારણ કે એનો શિકાર બનેલ આત્મા લોક જીભે તો ક્યારનો ય મરી ચૂકેલો હોય છે.

'મહારાજ સાહેબ, પ્રવચનોમાં આપના તરફથી મળી રહેલ પ્રેરણાનુસાર ચોગ્ગા



અને છગ્ગા જેવા બહુ મોટાં સુકૃતો ભલે હું શરૂ નથી કરી શક્યો પણ એક એક રન લેવા જેવા નાનાં નાનાં સુકૃતો તો મેં શરૂ કરી જ દીધા છે. એમ લાગે છે કે આમ કરતા કરતા તો જીવનમાં હું સુકૃતોની કદાચ બેવડી સેન્ચ્યુરી લગાવી દઈશ.' લગભગ ૩૨ વરસ આસપાસની વયવાળા એક યુવકે વાત કરી.

'નાનકડું સુકૃત કરતાં આનંદ ?'

'કલ્પનાતીત'

'કોઈ એવો યાદગાર પ્રસંગ ?'

'આજની જ વાત કરું ? પ્રવચનમાં અત્રે સમયસર પહોંચવું હતું અને ગાડી બગડી ગઈ હતી. સાઇકલ રિક્ષામાં આવવા સિવાય મારી પાસે બીજો કોઈ વિકલ્પ જ નહોતો. મુખ્ય રસ્તા પર આવ્યો. ભાવતાલ કર્યા વિના સાઇકલ રિક્ષામાં બેસી ગયો. અહીં આવ્યો. જેટલા રૂપિયા રિક્ષાવાળાએ માગ્યા એટલા એને આપી તો દીધા જ પણ રિક્ષા જ્યાં ઊભી રહી હતી ત્યાં નજદીકમાં જ એક ડેરી હતી. રિક્ષાવાળાને બે મિનિટ ઊભા રહેવાનું કહીને હું ડેરીમાં ગયો. ત્યાંથી લસ્સીનો ગ્લાસ લઈ આવ્યો અને રિક્ષાવાળાના હાથમાં આપ્યો.

'મારા માટે ?'

'હા'

'પણ કેમ ?'

**'આખો દિવસ તું પગેથી રિક્ષા ચલાવે છે તો તારા શરીરમાં તાકાત તો જોઈશે ને ? લસ્સી પી લે. તાકાત ટકી રહેશે તો લાંબા સમય સુધી તું રિક્ષા ચલાવી શકીશ.'**

'છેલ્લાં ચાલીસ વરસથી હું રિક્ષા ચલાવી રહ્યો છું. તમે મારા શરીરની જે ચિંતા કરી છે એ ચિંતા આજસુધીમાં કોઈએ કરી નથી. શેઠ, પ્રભુ આપને ખૂબ લાંબુ જીવન આપે' રિક્ષાવાળાની આ દુઆ મને માત્ર બાર રૂપિયાના લસ્સીના ગ્લાસના બદલામાં મળી ગઈ, હું કેટલો બધો નસીબદાર !

કરેલાં કાર્યોનું જગત પાસે
જો મૂલ્યાંકન કરાવવું છે
તો તમારે
સ્થૂળ કાર્યો જ પકડવા પડશે.
તમે
જો મૌલિક કાર્યો જ
કરવા માગો છો તો
તમારે સૂક્ષ્મ કાર્યો જ પકડવા પડશે.
પૂછતા રહેજો મનને.
મૂલ્યાંકનનું આકર્ષણ વધુ કે
મૌલિકનું આકર્ષણ વધુ ?

**ખબર નહીં કેમ પણ આ નક્કર વાસ્તવિકતા છે કે મનને સત્કાર્યોમાં રસ જરૂર છે પણ એ સત્કાર્યોની કદર થવી જ જોઈએ, એ સત્કાર્યો સેવનાર પોતાનો આદર થવો જ જોઈએ, એ સત્કાર્યોની જગતને જાણ થવી જ જોઈએ. એ સત્કાર્યોનું જગતે મૂલ્યાંકન કરવું જ જોઈએ, સત્કાર્ય સેવનનો યશ પોતાને જ મળવો જોઈએ આવી બધી વૃત્તિ પણ એ સાથે જ ધરાવે છે. આના કારણે બને છે એવું કે સહુની આંખો જોઈ શકે એવાં સત્કાર્યો જરૂર સેવાય છે પરંતુ સત્કાર્યસેવનના ફળ તરીકે જે આત્મિક આનંદ અનુભવાવો જોઈએ એ અનુભવથી આત્મા વંચિત જ રહી જાય છે.**

**સાચે જ વિરલ અનુભૂતિના સ્વામી બનવું છે ? મૂલ્યાંકનપ્રેમી મનના અવાજને અવગણતા રહો. એની સામે અંતઃકરણના અવાજને અનુસરતા રહો. જુઓ, મૌલિક કાર્યોની હારમાળા જીવનમાં સર્જાતી રહે છે કે નહીં ?**

✣ ✣ ✣

એક સમયે જેઓ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ખુરશી શોભાવી રહ્યા હતા તેઓ આજે ખાસ રૂબરૂ મળવા આવ્યા છે. ૧૧૦ કરોડ પ્રજાજનોને અસર કરી રહેલા



કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પર પ્રધાનો-ઑફિસરો-બુદ્ધિજીવીઓ-ન્યાયાધીશો વગેરે સાથે ચર્ચા-વિચારણા કરવા મારે અત્રે આવવાનું બન્યુ છે, એ વાત મેં એમને કહી. અને એમણે મને જે વાતો કરી એ એમના જ શબ્દોમાં.

‘મહારાજ સાહેબ, એક વાત આપને હું ભારપૂર્વક કહેવા માગું છું કે આ તો દિલ્લી છે. અહીંની આબોહવામાં રાજકારણની જાલિમ ગંદકી છે. છળકપટ, કાવાદાવા અને રાજરમત એ અહીંની તાસીર છે. આમ છતાં આપ ક્યારેય હતાશ ન થતા. કારણ કે આપ પ્રભુનું કાર્ય લઈને અહીં આવેલા એક સંત છો. હું પૂર્ણ આશા અને શ્રદ્ધા સાથે કહું છું કે આ દેશના આંતરિક માળખાને કોઈ પણ બચાવી શકશે તો સંત જ બચાવી શકશે. આમ કહેવા પાછળ મારી પાસે એક સબળ કારણ હાજર છે.’

‘શું ?’

‘છેલ્લાં કેટલાંય વરસોનાં મૅગેઝીનો કે છાપાંઓ આપ જોઈ લો. ટી.વી. પર આવતી ચેનલો વગેરે તપાસી જાઓ. આપને કોઈ પણ જગાએ કોઈ પણ સંતના ‘કૌભાંડ’ના સમાચાર છપાયેલા જોવા-જાણવા નહીં મળે.

**એક સંતસંસ્થાને છોડીને બાકીની કોઈ પણ સંસ્થા કે કોઈ પણ ક્ષેત્ર ઓછે-વત્તે અંશે કોક ને કોક બદીથી ખરડાયેલ છે જ. પછી એ બદી વ્યભિચારરૂપે હોય કે પૈસાના કૌભાંડરૂપે હોય.**

**બસ, આ હિસાબે જ મારે આપને કહેવું છે કે જરાય હતાશ થયા વિના પૂર્ણ ઉત્સાહ સાથે આપ આપના ‘મિશન’માં આગળ વધતા જ રહેજો. પ્રભુ આપની સાથે છે. આપને સફળતા મળીને જ રહેશે’**

**આ દેશના સુપ્રીમના મુખ્ય ન્યાયમૂર્તિની સંતસંસ્થા પ્રત્યેની આ આસ્થા જોઈને હું સ્તબ્ધ થઈ ગયો તો સાથોસાથ આનંદિત પણ થઈ ગયો.**

હું
બીજાના પાપે
વ્યથિત નથી થઈ શકતો
કારણ કે
મને મારા પાપની જ
વ્યથા નથી
પરંતુ
મારા દુઃખે હું દુઃખી હોવા છતાં ય
બીજાના દુઃખે જો હું
દુઃખની લાગણી નથી અનુભવતો તો મને
લાગે છે કે હું 'માણસ'માં પણ કદાચ નથી.

**આંખમાં પ્રવેશી ગયેલ ઘાસના તણખલાનો ત્રાસ મારી અનુભૂતિનો વિષય બની ગયા પછી સામાની આંખમાં ઘૂસી ગયેલા ઘાસના તણખલા પ્રત્યે હું ઉદાસીન રહી જ કેવી રીતે શકું ? દાઢના દુઃખાવાની જાલિમ વેદના અનુભવી લીધા પછી સામાને દાઢનો દુઃખાવો શરૂ થયાનું જાણ્યા પછી ય હું એને હસી કાઢવાની બાલિશતા દાખવી જ શેં શકું ? માથાના દુઃખાવા વખતે દીવાલ સાથે માથું ભટકાવી ચૂકેલ હું, સામાના માથાના દુઃખાવા વખતે મિત્રો પાસે ઊભા રહીને હું ગપ્પાં લગાવી જ શેં શકું ?**

**ટૂંકમાં, જે ક્ષેત્રની વેદના મેં અનુભવી છે, એ જ ક્ષેત્રની વેદના જ્યારે સામો અનુભવી રહ્યો છે ત્યારે એની વેદના પ્રત્યે આંખમીંચામણાં કરતા રહેવાનું મને ન જ પરવડવું જોઈએ.**

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, એક વિનંતિ કરવા આપની પાસે હું આવ્યો છું' લગભગ ૫૫ની આસપાસની વયના એક પ્રૌઢ પ્રવચન બાદ મળવા આવ્યા અને એમણે વાત કરી.

'બોલો, શું છે ?'



'પહેલાં આપની પાસે ક્ષમા માગી લઉં છું. કેમકે જે વિનંતિ કરવા હું આવ્યો છું એ વિનંતિ આપને કરી શકાય કે નહીં એની મને ખબર નથી પરંતુ મારા હૃદયના જે ભાવો છે એ આપની પાસે મારે વ્યક્ત કરવા જ છે.'

'નિઃસંકોચ બોલો'

'દિલ્લીમાં આપ અત્યારે અલગ અલગ સ્થળે વિચરી રહ્યા છો. કદાચ કોક એવી વ્યક્તિ આપની પાસે આવી જાય કે જેને ખુદને અથવા તો એના પરિવારના કોક સભ્યને 'બાય-પાસ'નું ઑપરશેન કરાવવું હોય અને એની પાસે એ અંગેની આર્થિક વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં ન હોય તો એવા પાંચ 'બાય-પાસ'નો ખર્ચ ઉપાડી લેવાની મારી ભાવના છે.'

'આવી ભાવના થવા પાછળનું કારણ ?'

'લગભગ આઠેક મહિના પહેલાં મેં પોતે 'બાય-પાસ' કરાવ્યું છે. ડૉક્ટર-હૉસ્પિટલ-દવા-ઑપરેશન વગેરેના ખર્ચા કેવા જાલિમ હોય છે એનો મને પોતાને બરાબર અનુભવ થઈ ગયો છે. પ્રભુની કૃપાના કારણે એ ખર્ચાને પહોંચી વળવા જેટલી આર્થિક સદ્ધરતા મારી પાસે હતી એટલે મને તો એમાં કોઈ વાંધો નથી આવ્યો.

પણ,

**આ તો એક પ્રકારની શારીરિક તકલીફ છે ને ? એ તકલીફ શ્રીમંતની જેમ ગરીબ માણસને ય થઈ શકે છે ને ? શ્રીમંત તો પૈસાની વ્યવસ્થાના કારણે એને પહોંચી વળે પણ ગરીબ માણસનું થાય શું ? બસ, આ એક જ વિચારના કારણે મારા મનમાં આ ભાવના પેદા થઈ છે' આટલું બોલતાં બોલતાં એ ભાઈ ગળગળા થઈ ગયા !**

**તમામ સુખી માણસો પાસે આ ભાવના હોય તો ?**

મારા
શરીરનું સ્વાસ્થ્ય
તમારા શરીર માટે લાભદાયક
કદાચ ન પણ બને,
મારા
મનની વિચારણા
તમારા મનની વિચારણા માટે અસરકારક
કદાચ ન પણ પુરવાર થાય
પરંતુ
મારા અંતઃકરણની નિર્મળતા
તમારા અંતઃકરણની મલિનતા માટે
પડકારરૂપ પુરવાર થાય
એવી પૂરી શક્યતા છે.

હા. આ દેશને માટે આ સંદેશ કોઈ નવો નથી. પરમાત્મા મહાવીરદેવના હૈયાની કરુણાએ ચંડકૌશિક સર્પના જાલિમ ક્રોધને રવાના થવા મજબૂર કરી જ દીધો છે. વિવેકાનંદના હૈયાની પવિત્રતાએ વાસનાગ્રસ્ત યુવતીના દિલની વાસનાને રવાના થવા મજબૂર કરી જ દીધી છે. બળદેવ મુનિવરના હૈયાના અહિંસક ભાવોએ જંગલનાં ક્રૂર પશુઓને ય અહિંસક બનાવી જ દીધા છે. વઢવાણવાળા રતિભાઈના હૈયાની અહિંસક નિર્ભયતા સામે ક્રૂર સર્પોએ પણ શરણાગતિ સ્વીકારી જ લીધી છે.

ટૂંકમાં, 'ભાવ ભાવનો જનક બનીને જ રહે છે' ની મહર્ષિઓની આર્ષવાણીને આ દેશના અનેક લોકોએ સ્વજીવનમાં અનેકવાર અમલી બનાવી જ છે.

✣ ✣ ✣

લોકસભામાં એક અતિ મહત્ત્વના હોદ્દા પર બિરાજમાન એક પ્રધાનના પી.એ. સવારના પહોરમાં જ મળવા આવી ગયા. કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પર એમની સાથે



ચર્ચા-વિચારણા તો થઈ જ પણ એ ચર્ચા-વિચારણા દરમ્યાન બે મહિના પહેલાં જ એમના જીવનમાં જે એક પ્રસંગ બની ગયો એની એમણે જે વાત કરી એ સાંભળીને તો હું આનંદવિભોર બની ગયો. એમણે જે વાત કરી એ એમના જ શબ્દોમાં.

'મહારાજ સાહેબ, છેલ્લાં આઠેક વરસથી દરરોજ સવારના ત્રણ વાગે ઘરેથી નીકળીને આ બાજુના વિસ્તારમાં હું આવું છું. છ વાગ્યા સુધી કસરત કરું છું અને પછી ચાલતો ઘરે પહોંચી જાઉં છું.

હમણાં થોડાક સમય પહેલાં બન્યું એવું કે હું પાંચેક વાગે રસ્તાની એક બાજુ ઊભો રહીને કસરત કરી રહ્યો હતો અને અચાનક બે ખૂંખાર કૂતરા, ખબર નહીં ક્યાંથી આવી ચડ્યા, સીધા જ મારા પર કૂદવા સજ્જ થઈ ગયા.

એક તો સમય વહેલી સવારનો હતો એટલે આજુબાજુ કોઈ નહોતું. બીજું, મારો રોજનો આ ક્રમ હતો એટલે મારા હાથમાં લાકડી જેવું કોઈ સાધન પણ નહોતું અને ત્રીજું એ બંને કૂતરાઓ સાથે એનો કોઈ માલિક પણ નહોતો કે જે એને મારા પર હુમલો કરતા અટકાવી શકે.

મને ખાતરી થઈ ગઈ કે નથી તો અહીંથી ભાગી છૂટવાની હવે કોઈ તક કે નથી તો એમના હુમલાથી બચી જવાની કોઈ તક, પણ અચાનક મને યાદ આવી ગઈ પ્રેમની પ્રચંડ તાકાત અને મેં એનો પ્રયોગ કરી લેવાનો કરી દીધો નિર્ણય.

**હું એ બંને કૂતરા સામે હાથ જોડીને ઊભો રહી ગયો અને મોટે મોટેથી 'ૐ નમઃ', 'ૐ નમઃ' એમ બોલવા લાગ્યો. સર્જાયું પરમ આશ્ચર્ય. એ જ પળે એ બંને કૂતરાં મારા પગ પાસે બેસી ગયા અને મારા પગ ચાટવા લાગ્યા. મેં અત્યંત વહાલ સાથે એ બંનેનાં મસ્તક પર હાથ ફેરવ્યો. બસ, એ દિવસથી માંડીને રોજ એ બંને કૂતરા મારા કસરતના સમયે અત્રે આવી જાય છે અને મારા પ્રેમાળ હાથનો સ્પર્શ પામીને રવાના થઈ જાય છે !**

લાકડું જમીન પર
ભલે ને વજનદાર છે,
એની નીચે
પાણી આવી જાય છે
અને
એ લાકડાને
અન્ય સ્થળે લઈ જવાનું
એકદમ આસાન બની જાય છે.
કાર્ય ભલે ને ખૂબ કઠિન છે,
એ કાર્યને પ્રભુકૃપાનું બળ
મળી જાય છે અને કઠિન પણ લાગતું
એ કાર્ય સરળ બની જાય છે.

મારી આંખનું બળ વધારવા ચશ્માંને શરણે જવામાં મને કોઈ જ વાંધો આવતો નથી. લાકડીના શરણે જઈને હાથનું બળ વધારી દેવા હું સદાય તત્પર રહું છું. પોતાનું પાશવી બળ વધારવા ગુંડો છરાના શરણે ચાલ્યા જવામાં પળનો ય વિલંબ કરતો નથી. પડોશી દેશને કાયમ માટે દબાણ હેઠળ રાખવા દેશના વૈજ્ઞાનિકો બૉમ્બના સર્જન માટે સદાય તત્પર રહે છે. હાથમાં રહેલ વજનના ભારને હળવો કરવા માણસ વાહનના શરણે ચાલ્યા જવામાં કોઈ સંકોચ અનુભવતો નથી.

પણ સબૂર !

સુખના સમયમાં સદ્‌બુદ્ધિ ટકાવી રાખવા, દુઃખના સમયમાં સમાધિ જાળવી રાખવા, સારા દિવસોમાં સત્કાર્યો કરી લેવા, પ્રલોભનોની ઉપસ્થિતિમાં દુષ્કાર્યોથી જાતને દૂર રાખવા ક્યારેય પ્રભુના શરણે ચાલ્યા જવાનું આપણે વિચાર્યું ખરું ?

✥ ✥ ✥

આ દેશના સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ લગભગ ૪૫ મિનિટ બેસીને



૬૬

ગયા છે પણ એ સમય દરમ્યાન એમણે જે પણ સાત્ત્વિક વાતો કરી છે એ અત્યારે ય મગજમાંથી હટવાનું નામ જ નથી લેતી. જે દેશમાં રાષ્ટ્રપતિપદ, વડાપ્રધાનપદ અને સુપ્રીમના મુખ્ય ન્યાયમર્તિનું પદ, એ ત્રણ પદ અતિ અગત્યનાં અને મહત્ત્વનાં ગણાય છે એમાનું એક પદ પામી ચૂકેલ વ્યક્તિ પોતાના કાર્યકાળ દરમ્યાન પણ આટલી સાત્ત્વિક શ્રદ્ધા ધરાવીને બેઠી હોય એ જાણી હૈયું સાચે જ આનંદવિભોર બની ગયું છે. આમ તો એમની સાથે મારે અનેક વિષયો પર વાતો થઈ પણ એમણે કરેલ એક અતિ અગત્યની વાત એમના જ શબ્દોમાં :

'મારા કાર્યકાળ દરમ્યાન આમ તો મારે અલગ અલગ ક્ષેત્રના અનેક પ્રકારના અલગ અલગ ચુકાદાઓ આપવાના આવ્યા. એમાંના કેટલાક ચુકાદાઓ સંપત્તિ ક્ષેત્રના હતા તો કેટલાક ચુકાદાઓ જમીન ક્ષેત્રના હતા. કેટલાક ચુકાદાઓ બંધારણના અર્થઘટનાં અંગેના હતા તો કેટલાક ચુકાદાઓ સંસ્થાઓના નીતિનિયમો અંગેના હતા. પણ જે ચુકાદાઓ દેશની સંસ્કૃતિ અંગેના હતા, આ દેશને પૂર્વજો તરફથી વારસામાં મળેલ કેટલાંક મૂલ્યો અંગેના હતા એ ચુકાદાઓ અંગે હું આપને એટલું જરૂર કહી શકું કે

'એ બધા જ ચુકાદાઓ મને પ્રભુએ લખાવ્યા છે.'

'શું વાત કરો છો ?'

'સાવ સાચું કહું છું. કારણ કે આજે પણ નવરાશની પળોમાં હું મેં જ આપેલા એ ચુકાદાઓ વાંચું છું તો માની નથી શકતો કે આવા ચુકાદાઓ મારી બુદ્ધિથી લખાયા હોય કે મારી આવડતથી મેં લખ્યા હોય.'

'એ ચુકાદાઓમાં કાંઈ વિશેષતા છે ?'

'હા. એ ચુકાદાઓમાં એક શબ્દ પણ કોઈ ઘટાડી શકે તેમ નથી કે એક શબ્દ પણ કોઈ વધારી શકે તેમ નથી. વળી, એ ચુકાદાઓનું કોઈ અલગ અર્થઘટન પણ કરી શકે તેમ નથી અને સૌથી મોટી વાત તો એ છે કે એ ચુકાદાઓએ સંસ્કારપ્રેમીઓને પાગલ પાગલ બનાવી દીધા છે.'

સ્વિચ દેખાય છે,
ગ્લોબ દેખાય છે
પણ
સ્વિચ અને ગ્લોબ વચ્ચે રહેલ
વાયર કનેક્શન ?
નરી આંખે
પુરુષાર્થ દેખાય છે,
સફળતા દેખાય છે,
પણ
પુરુષાર્થ અને સફળતા વચ્ચે રહેલ
પુણ્ય ?
એ પુણ્યના જનક પરમાત્મા ?

ચર્મચક્ષુ તો કૂતરા પાસે ય હોય છે અને વિચારચક્ષુ તો ગુંડા પાસે ય હોય છે. વિવેકચક્ષુ તો સજ્જન પાસે ય હોય છે પરંતુ શ્રદ્ધાચક્ષુ ? એના સ્વામી બનવા માટે તો આસ્તિકતાની સાથે ધાર્મિકતા હોવી ય એટલી જ જરૂરી છે. એના સ્વામી બનવા માટે તો દૃશ્યની પાછળ રહેલ અદૃશ્યનો સ્વીકાર કરવાની હિંમત હોવી ય એટલી જ જરૂરી છે. કરી લો આત્મનિરીક્ષણ. આવાં દુર્લભતમ શ્રદ્ધાચક્ષુનું આપણી પાસે સ્વામિત્વ ખરું ? એના સહારે જીવનમાં અનુભવાતી સ્વસ્થતા આપણી પાસે હાજર ખરી ?

✣ ✣ ✣

એ ડૉક્ટર ખ્યાતનામ છે. દવાખાનું એમનું ધમધોકાર ચાલે છે એ તો છે જ પણ એમના હાથમાં જશરેખા કમાલની છે. એમની પાસે આવનાર દરેક દર્દીને એમની સારવારમાં અને એમના નિદાનમાં ગજબનો વિશ્વાસ છે.

સાંજના સમયે એ ડૉક્ટર પોતાના મિત્ર સાથે મળવા આવ્યા છે અને વાતચીત દરમ્યાન મેં એમને એક પ્રશ્ન પૂછ્યો છે.



‘આપની સારવાર પામેલ એક પણ દર્દીનું અકાળે મોત ?’

૬૬

‘શું વાત કરો છો ?’ મેં પૂછ્યું,

‘સાવ સાચી વાત કરું છું. ઉંમરલાયક દર્દ ને કે સર્વથા અસાધ્ય રોગના શિકાર બની ગયેલ દર્દીને હું ભલે નથી બચાવી શક્યો પણ સાધ્ય રોગવાળા કે યુવાન દર્દીઓ તો મારી સારવારથી અચૂક રોગમુક્ત થઈ જ ગયા છે. અલબત્ત, એની પાછળનું રહસ્ય જુદું જ છે.

‘શું રહસ્ય છે ?’

‘એ સમયે મારી વય હશે લગભગ ૨૮ આસપાસની. હૉસ્પિટલમાં રહેલ જે પણ દર્દીનું ઑપરેશન શરૂ થવાનું હોય એ તમામને ક્લૉરોફૉર્મ આપવાની જવાબદારી મારા શિરે હતી. હું ઑપરેશન થિયેટરમાં દાખલ થાઉં અને જુદા જુદા ટેબલ પર સૂતેલા દર્દીઓને ધડાધડ ક્લૉરોફૉર્મ આપી દઉં.

એક દિવસ આ રીતે હું દર્દીઓને ક્લૉરોફૉર્મ સુંઘાડી રહ્યો હતો અને એમાં ઑપરેશન માટે દાખલ થયેલ એક ત્રીસેક વરસના સંન્યાસીની નજર મારા પર પડી. એમણે મને પોતાની નજીક બોલાવ્યો.

‘ડૉક્ટર સાહેબ, એક વાત કરું ?’

‘બોલો’ મારા જવાબમાં તોછડાઈ હતી.

‘ક્લૉરોફૉર્મ આપતા પહેલાં પ્રભુને યાદ કરો છો ?’

‘પ્રભુને મારે યાદ કરવા જોઈએ કે પછી દર્દીએ ?’ મેં પૂછ્યું,

**‘ડૉક્ટર સાહેબ, જે પ્રભુએ તમારા હાથમાં આટલી બધી તાકાત મૂકી છે અને તમારા શિરે આટલી મોટી જવાબદારી મૂકી છે એ પ્રભુને તમે જ જો યાદ નહીં કરો તો શક્ય છે કે આવતી કાલે પ્રભુ તમારા હાથમાંથી તાકાત જ પાછી ખેંચી લે.’**

**મહારાજ સાહેબ, એ દિવસથી માંડીને આજ સુધી દરેક દર્દીને તપાસતા પહેલાં પ્રભુને યાદ કરી લઉં છું. સફળતા મારા હાથને મળે છે પણ મારા હાથ પાછળ હાથ તો પ્રભુનો જ છે.**

પેટ
ભોજનને પોતાનામાં પ્રવેશ આપી શકે છે પણ
લાકડાને નહીં.
દૂધ
સાકરને પોતાનામાં પ્રવેશ આપી શકે છે પણ
લીંબુનાં ટીપાંને નહીં.
લોખંડ
આગને પોતાનામાં પ્રવેશ આપી શકે છે પણ
પાણીને નહીં.
પણ હૃદય ?
આ જગતના સજ્જન-દુર્જન, અમીર-ગરીબ,
પાપી-પુણ્યશાળી, કમજોર-બહાદુર,
મહાન-અધમ, ગુણવાન-દોષિત સર્વજીવોને
પોતાનામાં પ્રવેશ આપી શકે છે.

**દાતરડા જેવો પ્રશ્ન એ છે કે આપણે મનની આજ્ઞામાં રહીને જીવન પસાર કરી રહ્યા છીએ કે પછી હૃદયની આજ્ઞા મુજબ આપણું જીવન ચાલી રહ્યું છે ? સરવાળા-બાદબાકી-ગુણાકાર અને ભાગાકાર કરતા રહેવામાં જ જેને રસ છે એ મન જ આપણાં જીવનનું ચાલકબળ છે કે પછી જે હૃદયને નથી ગણિતમાં રસ કે નથી ગણિતની નિશાનીઓમાં રસ, એ હૃદય જ આપણાં જીવનનું ચાલકબળ બની રહ્યું છે ? યાદ રાખજો,**

મનને 'હું'ના વિસ્તારમાં સફળતા જરૂર મળી શકે છે પરંતુ 'હું' ના રૂપાંતરણની ક્ષમતા તો કેવળ હૃદય પાસે જ છે. મન ચહેરા પરના હાસ્યને જીવંત રાખવામાં કદાચ ફાવતું રહે છે પણ પ્રસન્નતાને દીર્ઘાયુ બક્ષવાની ક્ષમતા કેવળ હૃદય પાસે જ છે.

✣ ✣ ✣

પ્રવચન બાદ પિતા અને પુત્ર, બંને એક સાથે મળવા આવ્યા છે. પિતાની વય



૪૬

કદાચ ૬૫ આસપાસની છે તો પુત્રની વય ૩૫ આસપાસની છે.

'મહારાજ સાહેબ, પપ્પાને કહો, હૃદયને થોડુંક વધુ ઉદાર બનાવે' દીકરાએ વાતની શરૂઆત કરી.

'કેમ શું થયું ?' મેં પૂછ્યું,

'થાય શું ? એમની સીમિત ઉદારતાને એમણે હવે તિલાંજલિ આપી દેવાની જરૂર છે.'

'એવો કોઈ અનુભવ થયો ?'

'થોડાક વખત પહેલાં બન્યું એવું કે પપ્પાએ સકળ સંઘના સ્વામી વાત્સલ્યનું આયોજન કર્યું હતું. જમણવારમાં ત્રણ મીઠાઈ અને ત્રણ ફરસાણ હતા. રસોઈ સ્વાદિષ્ટ તો બની જ હતી પણ પપ્પાના હૃદયના ભાવો તો એના કરતાં ય વધુ સ્વાદિષ્ટ હતા.

રંગેચંગે સ્વામીવાત્સલ્ય પતી ગયું અને પહેલેથી જ કરેલ ગણતરી મુજબ ગરીબોને એક બાજુ બેસાડીને ભોજન પીરસવાનું શરૂ કર્યું. બસ, અહીં પપ્પા કૃપણ બની ગયા.'

'શું થયું ?'

'ગરીબોને અપાતા ભોજનમાં પપ્પાએ એક જ મીઠાઈ અને એક જ ફરસાણ આપવાનું શરૂ કર્યું.'

'પછી ?'

'પછી કાંઈ નહીં. પપ્પાની આ કૃપણતા સામે મેં બળવો કર્યો. એ દિવસે મેં ઉપવાસ લગાવી દીધો. બીજે દિવસે ય મેં ઉપવાસ કરી લીધો. આખરે પપ્પા ઝૂક્યા. ત્રીજે દિવસે ગરીબો માટે ત્રણ મીઠાઈ-ત્રણ ફરસાણવાળો નવો જમણવાર પપ્પાએ ગોઠવ્યો અને ત્યારે જ મેં પારણું કર્યું.

મહારાજ સાહેબ, આર્થિક સદ્ધરતા સરસ હોય ત્યારે ય ઉદારતાને સીમિત રાખવામાં કોઈ બુદ્ધિમત્તા તો નથી જ, આ વાત પપ્પાના હૃદયમાં જડબેસલાક બેસાડી દો.

દીકરાના આ સૂચન પર પપ્પા મરક મરક હસી રહ્યા હતા.

અહંકારના
'અ' ને સાથે રાખવાની
ના પાડવા જો
આપણે તૈયાર છીએ
તો જ સમર્પણનો
'સ' આપણી સાથે
રહેવા તૈયાર થાય છે.

સાવ સીધું-સાદું આ ગણિત છે. વેશ્યા સાથેના સંબંધને ચાલુ રાખીને કોઈ પણ યુવક સુશીલ યુવતીને 'પત્ની' તરીકે પામવામાં સફળ નથી જ બની શકતો. લબાડ મિત્રો સાથેની દોસ્તીને અકબંધ રાખીને કોઈ પણ યુવક કોક ખાનદાન યુવકને કલ્યાણમિત્ર તરીકે પોતાના જીવનમાં સ્થાન આપવામાં સફળ નથી જ બની શકતો. બસ, એ જ ન્યાયે 'હું' ના હુંકારને સલામત રાખીને કોઈ પણ આત્મા કોઈ પણ ઉત્તમ વ્યક્તિના ગુણવૈભવને પામવામાં સફળ નથી જ બની શકતો.

**ભારે દુઃખની વાત એ છે કે જે અહંકારે દીવાલ બનીને આપણને પ્રભુથી દૂર જ કરી દીધા છે, આગ બનીને આપણા સદ્‌ગુણોના લીલાછમ બગીચાને ભસ્મીભૂત જ કરી નાખ્યો છે, વાવાઝોડું બનીને આપણા સુસંસ્કારોના સુશોભિત ગૃહને ધરાશાયી જ કરી નાખ્યું છે એ અહંકાર પ્રત્યે આજે ય આપણાં મનમાં કોણ જાણે કેમ પણ કૂણી જ લાગણી છે.**

સાચે જ અલ્પ પુરુષાર્થે અને મામૂલી પાત્રતાએ વિરાટ ગુણવૈભવના સ્વામી બની જવું છે ? તોડો અહંકાર સાથેની દોસ્તી. જુઓ, જીવનમાં ચમત્કાર કેવો સર્જાય છે !

✣ ✣ ✣

કદાચ ૩૫/૪૦ સભ્યોનું એ સંયુક્ત કુટુંબ છે. નાનો ભાઈ કોણ અને મોટો ભાઈ કોણ ? દેરાણી કોણ અને જેઠાણી કોણ ? કયો દીકરો દેરાણીનો અને કયો દીકરો જેઠાણીનો ? એ ભેદ સમજવો ત્રાહિત વ્યક્તિ માટે જ્યાં અશક્યપ્રાયઃ છે એ પરિવારના કેટલાક સભ્યો બપોરના સમયે મારી પાસે બેસવા આવ્યા હતા. એ પરિવારમાં જળવાઈ રહેલ પ્રેમ,



૫૬

પ્રસન્નતા અને પવિત્રતાની વાતો એમના જ મુખે જ્યારે મને સાંભળવા મળી ત્યારે હું સ્તબ્ધ થઈ ગયો.

'પરિવારમાં ક્યારેય ક્લેશ ?'
'બિલકુલ નહીં !'
'કોઈને ય અસંતોષ ?'
'પ્રશ્ન જ નથી'
'ઓછું આવી જવાની વાત ?'
'જરાય નહીં'
'ખોટું લાગી જવાની વાત ?'
'સ્વપ્નમાં ય નહીં'
'રહસ્ય શું ?'
'મમ્મી'
'એટલે ?'

'મમ્મીનો હિમાલયના શિખરને સ્પર્શતો ઉદાત્ત સ્વભાવ. શેરડીની મીઠાશને શરમાવી દેતું વચનનું માધુર્ય અને પૃથ્વીની સહનશીલતાને યાદ કરાવી દેતી સહિષ્ણુતા. શું કહીએ અમે આપને ? આ ઘરમાં મમ્મીની ઇચ્છા, મમ્મીનું વચન અને મમ્મીનો અભિપ્રાય જ FINAL ગણાય છે.

**આપને જાણીને આશ્ચર્ય થશે કે બબ્બે-અઢી કરોડના બંગલામાં અમે રહીએ અને છતાં આ ઘરમાં ટી.વી. નથી. નાનાં બાળકો મમ્મી પાસે રોજ બેસે છે. મમ્મી એમને સુંદર મજેની વાર્તાઓ સંભળાવે છે. નથી બાળકો ટી.વી.ની માગણી કરતા કે નથી અમને કોઈને ય ટી.વી. વસાવવાની ઇચ્છા થતી. ટૂંકમાં કહીએ તો મમ્મીએ આ ઘરમાં પ્રસન્નતાનું એવું કલ્પવૃક્ષ ઉગાડ્યું છે કે એની છાયામાં બેઠેલા અમને કોઈને ય ગલતની કોઈ ઇચ્છા જ થતી નથી.'**

વહી રહેલ

નદીને તમે રણ સુધી

પહોંચાડી શકો છો

પરંતુ

એક પણ સૂકું હૃદય

આજ સુધીમાં

પ્રભુ સુધી પહોંચી શક્યું નથી.

કઠોર હૃદય એ સૂકું હૃદય છે,

કૃતઘ્ન હૃદય એ સૂકું હૃદય છે

અને

કૃપણ હૃદય એ પણ સૂકું હૃદય છે.

**ઉપકારબુદ્ધિ જ ન જાગે એ હૃદયમાં પ્રભુ પધરામણી ? ઉપકારસ્મૃતિમાં જેને રસ જ નથી એ હૃદયમાં પ્રભુપ્રવેશ ? ઉપકારની તક ઝડપવા જ જે તૈયાર નથી એ હૃદયમાં પ્રભુપ્રતિષ્ઠા ? સર્વથા અશક્ય.**

યાદ રાખજો. મંદિરમાં પ્રતિષ્ઠિત થયેલ પ્રભુ પાસે પહોંચી જવું એ જ પ્રભુમિલન નથી. એ જ પ્રભુ સાંનિધ્ય નથી. એ જ પ્રભુભક્તિ નથી. જે જીવોને પ્રભુએ પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે, જે જીવોના મંગળની પ્રભુએ કામના કરી છે એ તમામ જીવોને આપણા હૃદયમાં આપણે સ્થાન આપીએ, એ જીવોના દોષોને અને દુઃખોને દૂર કરવા આપણે શક્ય પ્રયાસો કરીએ એ ય પ્રભુભક્તિ છે.

✣ ✣ ✣

ધર્મના ક્ષેત્રમાં એ ડૉક્ટર નવા નવા જ જોડાયા છે. યુવાન છે. ચહેરા પર ચમક છે તો સાથોસાથ નમ્રતા પણ છે. પગમાં કંઈક કરી છૂટવાનો તરવરાટ છે તો હૃદયમાં કોમળતા પણ છે. પ્રવચનમાં માત્ર દસેક દિવસથી જ એ આવી રહ્યા છે. પણ આજે પ્રવચન બાદ એ મળવા આવ્યા છે. મને કંઈક કહેવા માગતા હોય એવો એમના મોઢા પર ભાવ જોઈને



મેં સામેથી એમને પૂછ્યું,

૨૬

'કાંઈ કહેવું છે ?'

અને એ પછી એમણે જે કાંઈ કહ્યું એ એમના જ શબ્દોમાં.

'મહારાજ સાહેબ, ચારેક દિવસ પહેલાં જ હૉસ્પિટલમાં એક ઍક્સિડન્ટનો કેસ આવ્યો. ભાઈ હતા. ઈજા એવી ભારે હતી કે એમને બચાવી લેવા બંને પગ કાપી નાખવા પડે એવી સ્થિતિ હતી. મેં ઑપરેશન ચાલુ કર્યું. એક પગ તો કાપી જ નાખ્યો પણ બીજા પગની સ્થિતિ મને એવી લાગી કે થોડીક સાવધગીરી દાખવું અને મારી સૂઝબૂઝ કામે લગાડી દઉં તો બીજો પગ હું અચૂક બચાવી શકું.

પ્રભુનું સ્મરણ કરીને મેં બીજા પગનું ઑપરેશન શરૂ કર્યું અને ચમત્કાર સર્જાયો. એમનો એ પગ બચી ગયો. જરૂરી કાપકૂપ કરી, પાટાપીંડી કરી એમને ઑપરેશન થિયેટરની બહાર લાવ્યા. અત્યારે એમને એકદમ સારું તો છે પણ એક વિચાર મારા મનમાં એ આવ્યો કે,

'ભલે એમને થયેલ ઍક્સિડન્ટમાં હું જવાબદાર નથી પણ એમનો એક પગ કાપવો તો મારે જ પડ્યો ને ? શા માટે હું ઑપરેશનની મારી ફી જતી ન કરી દઉં ?'

બસ, આ વિચાર આવતાંની સાથે હું એમની પાસે આવ્યો. અને એમની સાથે વાત શરૂ કરી.

'હૉસ્પિટલમાં કેટલી રકમ આપવી પડશે એનો તમને કોઈ અંદાજ છે ખરો ?'

'હા'

'કેટલા ?'

'લગભગ બે લાખ'

'એ રકમની વ્યવસ્થા...'

'મિત્રો-સંબંધીઓ પાસેથી માગીને કરી લીધી છે' એ બોલ્યા, 'ઑપરેશનની મારી એક લાખની ફી હું જતી કરું છું' મારા મુખેથી નીકળેલા આ શબ્દો સાંભળતા જ એમની આંખોમાંથી વહી ગયેલા હર્ષનાં આંસુ જોયા પછી મને એમ લાગ્યું કે મારા હૃદયની કઠોરતાનુ સાચું ઑપરેશન કરીને ગુરુદેવે કમાલ કરી દીધી છે !

સરોવર
ભલે ને એનું એ જ છે.
તમે એમાં કાંકરી નાખો છો.
એ વમળો પેદા કરીને ડૂબી જાય છે
તમે એમાં પાંદડું મૂકો છો.
વમળો પેદા કર્યા વિના
સરોવરના પાણી પર એ તરતું રહીને
સરોવરની શોભા વધારતું રહે છે.
સંબંધના સરોવરમાં
મુખમાંથી નીકળતા શબ્દો કોનું પ્રતિનિધિત્વ
ધરાવી રહ્યા છે ?
કાંકરીનું ? કે પાંદડાનું ?
ગંભીરતાથી તપાસતા રહેજો.

**પુષ્પ ક્યારેય પથ્થરકાર્ય નથી કરતું. પથ્થર ક્યારેય માખણકાર્ય નથી કરતો. આગ ક્યારેય જળકાર્ય નથી કરતી. ઍસિડ ક્યારેય ચંદનકાર્ય નથી કરતું. અત્તર ક્યારેય વિષ્ટાકાર્ય નથી કરતું અને લોખંડ ક્યારેય પુષ્પકાર્ય નથી કરતું. પણ શબ્દો ? એ પુલકાર્ય પણ કરે છે અને દીવાલકાર્ય પણ કરે છે. એ દીપાવલી કાર્ય પણ કરે છે અને હોળીકાર્ય પણ કરે છે. જીવનને એ સળગાવી પણ દે છે તો શણગારી પણ દે છે. આત્માને એ ઉત્તમતાના શિખરે પણ બિરાજમાન કરી શકે છે તો અધમતાની ખાઈમાં પણ ધકેલી શકે છે અને એટલે શબ્દો પાસે ખૂબ સાવધગીરીપૂર્વક કામ લેવું પડે છે.**

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, દીકરાએ કમાલ કરી દીધી છે' પુત્ર અને પુત્રવધૂ સાથે રોજ પ્રવચનમાં આવી રહેલ લગભગ ૬૫ ની વયનાં એક બહેને વાત કરી.

'શું થયું ?'



'થાય શું ? મારી ખોપરી એણે ઠેકાણે લાવી દીધી છે.'

'એટલે ?'

'મારો સ્વભાવ પહેલેથી જ તુચ્છ. નાનકડી વાતને મોટું સ્વરૂપ આપ્યા વિના મને ચેન ન પડે. પાંચ રૂપિયા માટે હું ઘરને માથે પણ લઈ લઉં તો એકાદ સાડી કબાટમાંથી ઓછી થયેલી દેખાય તો પુત્રવધૂનું દિલ તોડી નાખતા પળની ય વાર ન લગાડું. રૂમાલ ખોવાઈ જાય તો ય જાલિમ દુર્ધ્યાનમાં ચડી જાઉં અને ચાનું પ્રમાણ વધી જાય તો ય બેચેન બેચેન બની જાઉં.

પણ દીકરાએ કમાલ કરી નાખી છે. મારી એક એક ફરિયાદ એણે અલગ રસ્તે જ હલ કરવા માંડી છે. આપ એ રસ્તાઓ જાણો તો આપને ય થઈ જાય કે પ્રવચનોની અસર એણે સાચે જ મન પર લીધી છે.'

'કયા રસ્તાઓ એ અપનાવવા માંડ્યો છે ?'

'રૂપિયા ગુમ થયાની હું ફરિયાદ કરું છું, એ રૂપિયા મારા હાથમાં પકડાવી દે છે. સાડી ઓછી થયા બદલ હું દુર્ધ્યાનમાં ચડી જાઉં છું, એ મને નવી સાડી લાવી આપે છે. પુત્રવધૂ પર કોક કારણસર હું ગરમ થઈ જાઉં છું, દલીલ કર્યા વિના એ ક્ષમા માગી લે છે. ચા વધી જાય છે એ ઘરના માણસને ચા પીવડાવી દે છે.

ટૂંકમાં, મારા એક પણ પ્રકારના અસંતોષને કે મારી એક પણ પ્રકારની ફરિયાદને એ દલીલબાજી દ્વારા કે ખુલાસાઓ કરવા દ્વારા ટકવા જ દેતો નથી. બધાયનો સ્વીકાર અને બધાયનું નિરાકરણ.

પરિણામ આનું એ આવ્યું છે કે મારો તુચ્છ સ્વભાવ ભલે સુધર્યો નથી પરંતુ ઘરનું વાતાવરણ તો અચૂક સુધરી ગયું છે. આખરે આગ તો બંને લાકડાં સૂકાં હોય છે ત્યારે જ લાગે છે ને ? હું ભલે સૂકા લાકડાં જેવી જ રહી છું. પુત્ર અને પુત્રવધૂ બંને લીલા લાકડાં જેવા બની ગયા છે. ઘરમાં ક્લેશ-સંક્લેશની આગ હવે લાગતી જ નથી.

અસામાન્ય
બનવાની વાત આવતાં જ
ઉત્તેજિત બની જતું મન,
સર્વમાન્ય અને સર્વસામાન્ય
બનવાની વાત આવતાં જ
ટાઢુંબોળ જો બની જતું હોય તો
સમજી લેવું કે
'પ્રેમ'ના ક્ષેત્રની શ્રીમંતાઈ
આપણાંથી હજી લાખો યોજન દૂર છે.

**અસામાન્ય બની જવાની વાત મનને એટલા માટે જામે છે કે એમાં અહંકારને પુષ્ટ કરી શકાય છે. 'સંપત્તિમાં હું નંબર એક પર છું. કંઠમાં મારો અન્ય કોઈ હરીફ જ નથી. બંગલો મારા જેવો આકર્ષક બીજા કોઈનો ય નથી. આ વિસ્તારમાં ૪૦ લાખની ગાડી મારા એકલા પાસે જ છે' હા, આ વૃત્તિ જ બની રહે છે અહંકારના શરીર માટે ભોજનરૂપ જ્યારે સર્વમાન્ય બનવા માટે તમારે તૈયાર રહેવું પડે છે સર્વસામાન્ય બનવા માટે અને સર્વસામાન્ય બનવા માટે તમારે આવી જવું પડે છે અહંકારના શિખર પરથી નમ્રતાની તળેટી પર. ટૂંકમાં, સહુ મારા જ બન્યા રહે એ છે અસામાન્ય બન્યા રહેવાનો ધખારો અને હું સહુનો બન્યો રહું તથા મારું સહુનું બન્યું રહે એ છે સર્વમાન્ય અને સર્વસામાન્ય બન્યા રહેવાની ઉદાત્તવૃત્તિ.**

'મહારાજ સાહેબ, ૪૫ વરસની જિંદગીમાં પ્રથમ વાર જ એક એવો આનંદવર્ધક પ્રસંગ ઘર આંગણે ઊભો કર્યો કે જેનો આનંદ આજે ય હૈયામાં સમાતો નથી.'

'પ્રસંગ ઊભો કર્યો એટલે ?'

'એટલે આ જ કે એ પ્રસંગને પતાવવાની મારા શિરે કોઈ જવાબદારી પણ નહોતી કે મારા પર એ પ્રસંગ પતાવવાનું કોઈ દબાણ પણ નહોતું. માત્ર આપે એ અંગે પ્રવચનમાં એક વાર ઈશારો કર્યો હતો એટલે એ પ્રસંગ મેં સામે ચડીને ઊભો કર્યો.





'દુકાનના અને ઘરના નોકરોને ભેગા કરીને પૂછ્યું કે તમે બધાએ છેલ્લી મીઠાઈ ક્યારે ખાધેલી ?'

'પછી ?'

'કોકે જવાબ આપ્યો, અઠવાડિયા પહેલાં તો કોકે જવાબ આપ્યો, બે મહિના પહેલાં.'

'પછી ?'

'પછી શું ? મેં કહી દીધું એ તમામને કે આજે મારે તમને સહુને મીઠાઈ ખવડાવવી છે પણ કઈ મીઠાઈ ખાવી છે એ તમારે મને કહેવાનું છે.'

મારી આ વાત સાંભળીને સ્તબ્ધ થઈ ગયેલા સહુ એક-બીજાની સામે જોવા તો લાગ્યા પણ મૌન પણ થઈ ગયા. મેં એમને પુનઃ કહ્યું, 'જરાય શરમાયા વિના કે સંકોચ રાખ્યા વિના જે મીઠાઈ ખાવી હોય એ કહો.'

'લાડવા' એક જણ બોલ્યો.

'મોહનથાળ' બીજો બોલ્યો.

'બરફી' ચોથો બોલ્યો.

'પેંડા' ત્રીજો બોલ્યો.

'રસગુલ્લા' પાંચમો બોલ્યો.

અને સહુને મેં ભરપેટ રસગુલ્લાં તો ખવડાવ્યા જ પરંતુ એ સહુએ જ્યારે મને આમ કરવા પાછળનું કારણ પૂછ્યું અને મેં એના કારણમાં 'તમો સહુ મારા ઘરને અને ધંધાને સાચવો છો તો મારે તમારા મનને ક્યારેક તો સાચવવું જોઈએ ને ?' એમ કહ્યું ત્યારે એ સહુની આંખોમાં આવી ગયેલા હર્ષનાં આંસુ જોયા ત્યારે મને એમ લાગ્યું કે પ્રેમનો આ પ્રયોગ કરવામાં હું આટલાં બધાં વરસો મોડો કેમ પડ્યો ?'

સંપત્તિના
સંગ્રહનું ગણિત તો સમજાય છે,
જળના
સંગ્રહનું ગણિત પણ સમજાય છે,
દવાના
સંગ્રહનું ગણિત પણ મગજમાં બેસે છે,
ભોગ-સામગ્રીના
સંગ્રહને સમજવામાં ય કાંઈ વાંધો નથી આવતો.
પણ કરેલા ઉપકારોને ય
મનમાં સંઘરી રાખવા પાછળનો આશય
શો હોઈ શકે ? સમજાતું નથી.

**જવાબ આપો. આજ સુધીમાં જેના જેના પણ ઉપકારો આપણે લીધા છે એ તમામને આપણે સ્મૃતિપથ પર રાખ્યા છે કે જેના જેના પર આપણે ઉપકારો કર્યા છે એ તમામને આપણે સ્મૃતિપથ પર રાખ્યા છે ? એક બીજો જવાબ આપો. વીતેલાં વરસો દરમ્યાન આપણે અન્યોન્ય તરફથી લીધેલા ઉપકારોની સંખ્યા વધુ છે ? કે પછી અન્યોન્ય પર આપણે કરેલા ઉપકારોની સંખ્યા વધુ છે ? બંને પ્રશ્નોના જવાબ કદાચ આ જ હશે કે બીજા પર આપણે કરેલા ઉપકારો જ આપણા સ્મૃતિપથ પર છે પછી ભલે આપણા પર બીજાઓએ કરેલા ઉપકારોની સંખ્યા વધુ છે !**

બહાર આવવું છે આ કરુણદશામાંથી ? એક કામ ખાસ કરો-સ્મૃતિપથ પર લીધેલા ઉપકારોને જ રાખો અને કરેલા ઉપકારો સ્મૃતિપથ પર હોય તો એને કાં તો ભૂંસતા જાઓ અને કાં તો ભૂલતા જાઓ.

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, કહેવું હોય તો એમ કહી શકાય કે અમારા દાદાજીને પરોપકારનું વ્યસન વળગેલું હતું. મદદ કરવાની આવતી તકને તો તેઓ ઝડપી જ લેતા હતા પણ



મદદ કરવાની તકને તેઓ શોધવા નીકળતા હતા.

એમનો વ્યસનરૂપ બની ગયેલ પરોપકારનો આ સ્વભાવ ભલે અમારે માટે ત્રાસદાયક નહોતો બનતો પણ એટલું તો ચોક્કસ કહું કે અમારા માટે આનંદદાયક પણ નહોતો બનતો. કારણ કે કેટલીક વ્યક્તિઓ દાદા પાસે એવી પણ આવી જતી હતી કે જે દાદાના ઉદારતાના સ્વભાવનો રીતસરનો ગેરલાભ જ ઉઠાવતી હતી.

દાદાના કાને અમે અનેક વાર આ વાતો નાખી પણ હતી પણ હસીને તેઓ અમારી એ વાતને ઉડાડી દેતા હતા. અમે બહુ દબાણ કરતા તો તેઓ કહેતા હતા કે,

'જેને જેને પણ હું મદદ કરું છું એ તમામની નોંધ હું રાખું જ છું. તમને ભરોસો ન બેસતો હોય તો જોઈ લો આ ચિઠ્ઠીઓ.' એમની આ વાત પછી અમારે કાંઈ જ બોલવાનું રહેતું નહોતું.

અને એક દિવસ.

દાદાનો દેહ શાંત થઈ ગયો. અનેકને છાયા આપી ચૂકેલો એક વિરાટ વડલો જાણે કે ધરાશાયી થઈ ગયો. બધી જ આવશ્યક ક્રિયાઓ પતી ગયા બાદ એક દિવસ દાદાની તિજોરી ખોલી. એમાં રકમના નામે તો કાંઈ જ નહોતું પણ જીવન દરમ્યાન દાદાએ જેને જેને પણ સહાય કરી હતી એ તમામનાં નામો સાથે એમની સામે રકમનો આંકડો પણ લખ્યો હતો. પણ આશ્ચર્ય ! તિજોરીમાં અમને સહુને ઉદ્દેશીને લખાયેલ એમની એક ચિઠ્ઠી પણ હતી.

'તમારા સહુના સંતોષ ખાતર જેમને જેમને પણ મેં સહાય કરી હતી એ સહુનાં નામો-રકમ સાથે-ની નોંધ આ તિજોરીમાં છે પણ મારા સ્વર્ગવાસ બાદ તમારે એ તમામ નોંધ ફાડી જ નાખવાની છે. નથી તો તમારે કોઈની ય પાસેથી એ રકમ લેવાની કે નથી તો તમારે એ કોઈનાં ય નામોની કોઈની ય પાસે જાહેરાત કરવાની.' આવા હતા અમારા દાદા !

મોટો
ધર્મ કરવો મુશ્કેલ છે
અને
નાનાં પાપો છોડવા
મુશ્કેલ છે
એમ કહો છો ને ?
જવાબ આપો.
જીવનમાં
મોટાં પાપોનો ત્યાગ અને
નાના ધર્મોનું સેવન
ચાલુ થઈ જ ગયું છે
એ નક્કી ?

**મનની આ જ તો વિચિત્રતા છે ને ? જે એના હાથમાં નથી એના માટે એ હવાતિયાં મારતું રહે છે અને જે એના હાથમાં છે એની ય ઉપેક્ષા કરતું રહે છે. પાંચ કરોડનું દાન એ કરી શકે તેમ નથી છતાં એના માટે એ વલખાં મારતું રહે છે અને બસો-પાંચસોનું દાન એ કરી શકે તેમ છે અને છતાં એના પ્રત્યે એ આંખમીંચામણાં કરતું રહે છે. બ્લ્યુ ફિલ્મોનો જીવનભર માટે ત્યાગ કરી દેવો હોય તો એ અંગેનું સત્ત્વ એની પાસે ઉપલબ્ધ જ છે છતાં પ્રતિજ્ઞાપૂર્વક એ જાલિમ પાપનો ત્યાગ કરી દેવા એ ઉલ્લસિત બનતું નથી અને સ્ત્રી માત્ર સામે ન જોવું એ એના માટે શક્ય નથી છતાં એ અંગેનાં એ ઓરતાં સેવતું રહે છે.**

**પણ સબૂર ! જીવનને સાચે જ જો વિકાસના માર્ગ પર દોડતું કરી દેવા માગો છો તો આ એક જ કામ કરો. જે ધર્મસેવન અને પાપત્યાગ શક્ય છે એમાં પ્રવૃત્ત થઈ જાઓ અને જે પાપત્યાગ તથા ધર્મસેવન આજે તમને અશક્ય જેવા લાગે છે એના અંગેની ભાવનાથી ચિત્તને ભાવિત કરતા જાઓ.**

'પ્રવચન મંડપની બહાર નીકળતા લોકોના હાથમાં એક-એક રૂપિયો મને જોવા





મળે છે તો એ રૂપિયો એમના હાથમાં ક્યાંથી આવે છે ?' પ્રવચન મંડપની બહાર એક શાકવાળો બેઠો છે અને એ પ્રવચન સાંભળીને મંડપની બહાર આવેલા એક શ્રોતાને આ પ્રશ્ન પૂછે છે.

'અમારે ત્યાં એને પ્રભાવના કહેવામાં આવે છે'

'એટલે ?'

'એટલે બીજું કાંઈ નહીં. જે પણ ભાગ્યશાળીઓ પ્રવચન સાંભળવા આવતા હોય એ તમામનું બહુમાન કરવાની કોઈની ઇચ્છા હોય એ ભાગ્યશાળી પ્રવચનમંડપની બહાર ઊભા રહીને પોતાની ભાવના મુજબ સહુના હાથમાં કંઈક ને કંઈક આપતા રહે. બસ, એનું જ નામ પ્રભાવના.'

'એક રૂપિયો પણ આપી શકાય ?'

'હા'

'બધા લોકો એ રૂપિયો લે ?'

'હા'

'આવી પ્રભાવના કોઈ પણ કરી શકે ?'

'હા'

'હું પણ કરી શકું ?'

'જરૂર'

અને એ શાકવાળાએ પર્યુષણાના દિવસોમાં જ જ્યારે એક રૂપિયાની પ્રભાવના કરી ત્યારે પ્રભાવના લેનાર શ્રોતાઓ કદાચ સ્તબ્ધ જ હતા પરંતુ શાકવાળાના ચહેરા પર જે વિસ્મયભાવ અને આનંદભાવ હતો એ તો કલ્પનાતીત જ હતો.

**શાકવાળાનું આ સત્કાર્ય કદાચ ૧૨૦૦-૧૫૦૦ રૂપિયાનું જ હશે પણ એ સત્કાર્ય પાછળ એના દિલમાં ભાવનાનાં જે ઘોડાપૂર ઊમટ્યા હતા એને સમજવા માટે તો અચ્છા અચ્છા શ્રીમંતોનાં દિલ પણ ટૂંકા પડી ગયા હતા !**

નગરના
બંધ દરવાજા
દંતશૂળથી ખૂલી જાય છે
એ વાત સાચી પણ
એ દંતશૂળ પાછળ હાથી તો
હોવો જ જોઈએ છે.
કેટલાંક અસંભવિત જેવા લાગતાં સત્કાર્યો
સમ્યક્ પુરુષાર્થથી સફળ જરૂર થાય છે
પણ
એ સમ્યક્ પુરુષાર્થ પાછળ
પ્રભુની કરુણાનું, ગુરુદેવની કૃપાનું અને
અનેક આત્માની શુભકામનાઓનું બળ
તો હોવું જ જોઈએ છે.

**વિજ્ઞાનયુગનો આ અભિશાપ છે કે, એણે 'અદશ્ય' પરની વ્યક્તિની આસ્થાના લીરેલીરા ઉડાડી મૂક્યા છે. આંખેથી દેખાય એ જ સાચું અને બુદ્ધિમાં બેસે એ જ સાચું, બસ, આ આગ્રહે વ્યક્તિની પરમ પરની આસ્થાને ઠીક ઠીક પ્રમાણમાં ખળભળાવી નાખી છે. પરિણામ આનું એ આવ્યું છે કે આંખેથી નથી દેખાતું એવું અને બુદ્ધિમાં નથી બેસતું એવું ઘણું બધું જીવનમાં કે જગતમાં બને છે ત્યારે એ વ્યક્તિ પોતાના મનને નથી તો સ્વસ્થ રાખી શકતી કે નથી તો સમાધાનપ્રિય બનીને મનને પ્રસન્ન રાખી શકતી.**

**પ્રાપ્ત માનવજીવનને સાર્થક કરી દેવું છે ? સફળ બનાવી દેવું છે ? સરસ કરી રાખવું છે ? આંખોની અને બુદ્ધિની મર્યાદાને આંખ સામે રાખીને અતીન્દ્રિય અને અદશ્યના સ્વીકાર માટે ય મનને સજ્જ રાખો.**

❖ ❖ ❖

પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી



મહારાજની પાવન આજ્ઞાથી મારે અહીં દિલ્હી આવવાનું બન્યું. ૧૧૦ કરોડની આ દેશની પ્રજાનાં સુખ-હિત અને કલ્યાણની નીતિ જેઓ બનાવી રહ્યા છે એમની ગલત નીતિઓમાં સુધારો કરાવવા અને સમ્યક્ નીતિઓની જાણકારી આપવા મારે અહીં પ્રયત્નશીલ બનવાનું હતું.

કુલ મુદ્દાઓ ત્રીસેક હતા. સ્કૂલોમાં જાતીય શિક્ષણની શરૂઆત, મધ્યાહ્ન ભોજનમાં બાળકોને ઈંડાં આપવાની યોજના, માંસનિર્યાત, ચેરિટેબલ સંસ્થાઓ પર ૩૦% કર, ટી.વી. પર સેન્સર બોર્ડની જરૂરિયાત, પાંજરાપોળોને સબસીડી, ધર્માદા સંસ્થાઓમાં સરકારી અધિકારીઓના હસ્તક્ષેપ, અશ્લીલ ચેનલો વગેરે.

આ તમામ મુદ્દાઓ પર અલગ અલગ અધિકારીઓ વગેરે સાથે મારી ચર્ચા-વિચારણા ચાલુ હતી. પણ એ અધિકારીઓ, રાજનેતાઓ, આઈ.એ.એસ. ઑફિસરો, વકીલો, ન્યાયાધીશો, પત્રકારો વગેરેને મારા સુધી લઈ આવવાનું ભગીરથ કાર્ય જે એક ભાઈ કરી રહ્યા હતા એ ભાઈએ એક દિવસ મારી સમક્ષ આવીને વાત કરી.

'મહારાજ સાહેબ, આટ આટલા મહિનાઓની જહેમત પછી પણ અને આટઆટલી વ્યક્તિઓ સાથેની ચર્ચા-વિચારણા બાદ પણ કાંઈ નક્કર પરિણામ અનુભવાતું નથી. મને એક નિયમ આપી દો.'

'શેનો ?'

'આપના આટલા બધા મુદ્દાઓમાંના એકાદ મુદ્દાનું પણ સંતોષજનક પરિણામ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી મારે અન્ન બંધ. કારણ કે આવા ત્યાગ વિના અંતરાયો તૂટવા મુશ્કેલ છે.'

અને આશ્ચર્ય !

**એમણે લીધેલ આ અન્નત્યાગના નિયમ બાદ માત્ર બે મહિના કરતાં ય ઓછા સમયમાં એક મુદ્દાનું એવું સુંદર નિરાકરણ થઈ ગયું કે જેના નિરાકરણની કોઈ સંભાવના જ દેખાતી નહોતી !**

**કોણ કહે છે, અદશ્ય બળ સહાયક નથી બનતું ?**

ધર્મથી મને શું મળે,
તો હું રાજી ?
સામગ્રી ?
સંપત્તિ ?
સત્તા ?
સામર્થ્ય ?
શક્તિ ?
સદ્‌ગુણ ?
સમાધિ ? કે પછી
સદ્‌બુદ્ધિ ?

**સાકર મળે પણ જીભ ન મળે તો ? બૂટ મળે પણ પગ ન મળે તો ? પૈસા મળે પણ સાથે વ્યસન મળે તો ? રૂપ મળે પણ વારસામાં વિકારો મળ્યા હોય તો ? સત્તા હોય પણ મન અવિવેકનું શિકાર બનેલું હોય તો ? સામર્થ્ય મળે પણ સોબત અકલ્યાણમિત્રો સાથે હોય તો ? શક્તિ મળે પણ વારસો કુસંસ્કારોનો હોય તો ? સદ્‌ગુણો મળે પણ સાથે દંભ હોય તો ? સમાધિ અનુભવાતી હોય પણ એના આધારમાં અનુકૂળતાઓની પ્રાપ્તિ જ હોય તો ?**

ટૂંકમાં, એક સદ્‌બુદ્ધિ જ એવું પરિબળ છે કે જે કોઈ પણ પ્રકારના પુણ્યના ઉદયમાં આત્માને પાપી બનવા દેતું નથી કે કોઈ પણ પ્રકારના પાપના ઉદયમાં આત્માને દુર્ધ્યાનના કે દુર્ભાવના શિકાર બનવા દેતું નથી. પાગલ બનવું હોય તો સદ્‌બુદ્ધિ પાછળ જ પાગલ બનજો. પુરુષાર્થ કરવો હોય તો સદ્‌બુદ્ધિ અર્જિત કરવા પાછળ જ કરજો.

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, છેલ્લા કેટલાય વખતથી મન એક પ્રકારના બોજ હેઠળ દબાયેલું હતું. કાલે સાંજના એ સાવ હળવું ફૂલ થઈ ગયું છે' પ્રવચનમાં રોજ આવી રહેલા એક જૈનેતર યુવકે વાત કરી.



## ૬૪ 'શેનો બોજ હતો ?'

'એક પાર્ટી પાસે સલવાઈ ગયેલ રકમ પુષ્કળ પ્રયાસો પછી ય પાછી આવતી નહોતી.'

'બોજ એનો હતો ?'

'ના'

'તો ?'

આપના પ્રત્યેક પ્રવચનમાં પ્રેમની વાતો આવતી હતી, જતું કરવાની હિંમત કેળવવાની વાત આવતી હતી, સ્વીકારભાવના સ્વામી બની જવાની વાત આવતી હતી, જીવો પ્રત્યેના સદ્‌ભાવને ટકાવી રાખવાની વાત આવતી હતી.

પણ,

ઉઘરાણીની રકમનો આંકડો એટલો બધો મોટો હતો કે મન કોઈ પણ હિસાબે એ બાબતમાં સમાધાન કરી લેવા તૈયાર થતું જ નહોતું. અને સાચું કહું તો મન પર બોજ ઉઘરાણીની રકમ પાછી નહોતી આવતી એનો નહોતો પણ આટઆટલાં પ્રવચનો સાંભળ્યા પછી ય મનને હું ઉઘરાણીની રકમ છોડી દેવા સમજાવી શકતો નહોતો એનો હતો.

'પછી ?'

**'પછી શું ? ગઈકાલના પ્રવચનમાં આપે કહેલ વાત મોત પછી સાથે ન આવનારી સંપત્તિ મેળવવા, ટકાવવા અને વધારવા મોત પછી સાથે આવનારા સંક્લેશો-દુર્ભાવો અને કષાયો કરતા જ રહેવામાં સિવાય બેવકૂફી બીજું કશું જ નથી. સંપત્તિ અહીં જ રહી જવાની છે પણ એ સંપત્તિ ખાતર કરેલા સંક્લેશો મોત બગાડીને આત્માને દુર્ગતિમાં ધકેલી દેવાના છે. સંપત્તિ ખાતર મન બગાડતા પહેલાં લાખ વાર વિચાર કરજો.' બસ, આ શબ્દોએ મને ખળભળાવી નાખ્યો. ઘરે આવીને એ પાર્ટી પર રકમની માંડવાળ કરી દીધાનો ફોન કરી દીધો અને એ જ પળે મન પરનો બોજ જાણે કે સાવ જ ઊતરી ગયો. આપનાં પ્રવચનો ફળ્યા. આપની કૃપા ફળી કે જેના પ્રભાવે મારામાં આ સદ્‌બુદ્ધિ આવી ગઈ.'**

કઠોરતા,
આપવા જ નથી દેતી,
કૃપણતા,
આપી નથી શકતી.
ઉદારતા,
આપી દેતા વાર નથી લગાડતી
પણ
કોમળતા તો
આપ્યા વિના રહી જ નથી શકતી.

**તપાસતા રહેવાની જરૂર છે આપણી જીવનશૈલીને - ત્યાં પ્રધાનતા શેની છે ? સંગ્રહની કે ત્યાગની ? ભોગની કે ભાગની ? બુદ્ધિની કે હૃદયની ? વિચારોની કે લાગણીની ? સુખની કે આનંદની ? સ્વાર્થની કે પરાર્થની ? ગણિતની કે કાવ્યની ? રાજી થવાની કે રાજી રાખવાની ?**

**જો જીવનશૈલી 'હું' આધારિત જ હોય તો સમજી રાખવા જેવું છે કે એ જીવનમાં કદાચ સુખનું સૌંદર્ય હશે પણ સદ્ગુણોની સુવાસ તો નહીં જ હોય. એ જીવન 'ઓળખ' વાળું જરૂર હશે પણ પ્રસન્નતાવાળું તો હરગિજ નહીં જ હોય. એ જીવન અહંકારવાળું જરૂર હશે પણ આનંદવાળું તો નહીં જ હોય.**

**સાચે જ જીવનને સાત્ત્વિક આનંદથી હર્યું-ભર્યું બનાવી દેવું છે ? ભોગમાંથી ભાગમાં આવી જાઓ અને એમાં પગ જામી જાય પછી સત્ત્વ કેળવીને ત્યાગમાં કૂદી પડો.**

✣ ✣ ✣

'આ લે ૧૦/૧૦ ની બે નોટ. શેરડીના રસના એક ગ્લાસના રૂપિયા પંદર લઈને બાકીના પાંચ રૂપિયા પાછા આપી દે' શેરડીનો રસ પીવા ગયેલ યુવકને ત્યાં જે અનુભવ થયો એ અનુભવની એણે કરેલ વાત એના જ શબ્દોમાં.

'મહારાજ સાહેબ, શેરડીના રસવાળાએ મારા હાથમાં રહેલ ૧૦ ની બે નોટ લઈ



૬૪

તો લીધી પણ એની પાસે પાંચની એક નોટ નહોતી કે જે એ મને પાછી આપી શકે.

એ બાજુમાં રહેલ બે-ત્રણ જગાએ ૧૦ ની નોટ લઈને ફરી વળ્યો પણ ક્યાંય એને ૧૦ ની નોટનાં છૂટાં ન મળ્યા. એ પાછો આવ્યો.

'શેઠ, એક વાત કરું ?'

'શું ?'

'તમને રસનો અડધો ગ્લાસ આપી દઉં ?'

'પણ કેમ ?'

'મને ૧૦ ના છૂટાં નથી મળતાં'

'તું એક કામ કર'

'શું ?'

'પાંચ રૂપિયા તું જ રાખી લે.'

'પણ.'

'પણ કાંઈ નહીં. મારા તરફથી એના ચા-પાણી પી લેજે.'

'એમ મારાથી પાંચ રૂપિયા રાખી થોડા લેવાય ? આપ બે મિનિટ અહીં ઊભા રહો. હું હજી બીજી જગાએ ૧૦ ના છૂટા લેવા જઈ આવું.'

'ના. હવે તારે ક્યાંય જવાનું નથી. પાંચ તારે રાખી જ લેવાના છે' આમ કહીને ત્યાંથી આગળ જવા મેં જ્યાં પગ ઉપાડ્યા ત્યાં એણે મને એટલું જ કહ્યું કે

'શેઠ, વરસોથી આ જગાએ ઊભો રહીને હું આ ધંધો કરી રહ્યો છું. આ રીતે પાંચ રૂપિયા કોઈએ મને રાજીખુશીથી આપી દીધા હોય તો આપ પહેલા છો' આટલું બોલતા બોલતા એ ગળગળો થઈ ગયો !

**મહારાજ સાહેબ, મોંઘવારી એટલી જાલિમ છે કે પાંચ રૂપિયામાં કાંઈ જ નથી આવતું પણ મને અનુભવ થઈ ગયો કે નાના માણસના મુખ પર સ્મિત પ્રગટાવવા માટે પાંચ રૂપિયા પણ કાફી છે.'**

દીપક,
એને પ્રજ્જવલિત રાખવા માટે એમાં
તેલ કે ઘી
સતત પૂરતા જ રહેવું પડે છે.
વસ્ત્ર,
એને ઊજળું રાખવા માટે
વારંવાર એને ધોતા જ રહેવું પડે છે.
રોગ,
એને રવાના કરવા માટે સતત એને
વારંવાર દવાઓનું સેવન
કરતા જ રહેવું પડે છે.

**ધર્મ, ચાહે એ દાનરૂપ છે કે વ્રત-નિયમરૂપ છે, તપશ્ચર્યારૂપ છે કે સ્વાધ્યાયરૂપ છે, સામાયિકરૂપ છે કે પરોપકારરૂપ છે એને ચાલુ રાખવા માટે પ્રેરણાની અને પ્રોત્સાહનની સતત જરૂર પડ્યા જ કરે છે.**

**પાપ, ચાહે એ ક્રોધના સેવનરૂપ છે કે ટી.વી.માં આવતાં બીભત્સ દૃશ્યો જોવારૂપ છે, ચાહે એ નિંદારૂપ છે કે ચાહે કાવાદાવારૂપ છે, એને જીવનમાંથી તગેડી નાખવા માટે પ્રેરણાની તો જરૂર પડ્યા જ કરે છે પરંતુ સાથોસાથ કઠોર અનુશાસનની પણ જરૂર પડ્યા કરે છે.**

**કારણ ? ધર્મ નવો છે, પ્રેરણા અને પ્રોત્સાહનના ઘી વિના એ દીપકને પ્રજ્જવલિત રાખવામાં સફળતા મળે તેમ નથી. પાપો જૂનાં છે. પ્રેરણા અને અનુશાસનના માધ્યમ વિના જીવનમાંથી એને વિદાય આપવામાં ફાવટ આવે તેમ નથી.**

✣ ✣ ✣

એ સંયુક્ત પરિવાર છે. ત્રણ ભાઈઓ. એમની ત્રણ પત્નીઓ, સાત બાળક-અને પિતાજી. સહુ વચ્ચે સંપ ગજબનાક. આત્મીયતા અને પ્રેમ પણ ગજબનાક. કયા બાળકના





કોણ પપ્પા છે ? અને કઈ મમ્મી છે ? એની ખબર પણ ન પડી શકે એ હદે સહુનો એક-બીજા પ્રત્યેનો સદ્ભાવ અને એક-બીજા વચ્ચે સહયોગ. પ્રવચનમાં બાળકોને છોડીને પૂરો પરિવાર આવે. શનિવારે અને રવિવારે સ્કૂલોમાં રજા હોવાથી બાળકો પણ પ્રવચનમાં આવે.

બન્યું એવું કે પ્રવચનમાં એક દિવસ બાળકોએ એકાસણાંનું પચ્ચક્ખાણ માગ્યું. હું આશ્ચર્યમાં પડી ગયો. રમવા-ભણવાની સાવ નાની ઉંમર અને વગર તિથિએ શનિવાર જેવા દિવસે બાળકોએ એકાસણું કેમ કર્યું હશે ? મેં બાળકોની બાજુમાં બેઠેલા એમના દાદાની સામે નજર કરી અને એમણે મને કહ્યું કે ‘સાહેબ, આ બધાં જ બાળકો દર શનિવારે એકાસણું કરે છે. આપ પચ્ચક્ખાણ આપી જ દો.’

મેં પચ્ચક્ખાણ આપી તો દીધું પણ પ્રવચન બાદ બાળકોને લઈને એમના દાદા રૂબરૂ મળવા આવ્યા ત્યારે એમણે મને જે વાત કરી એ એમના જ શબ્દોમાં.

‘મહારાજ સાહેબ, બાળકોના જીવનમાં ધર્મ લાવવા માટે એમને માત્ર પ્રેરણા જ ન કરો, પ્રોત્સાહન પણ આપો. ઇનામ પણ આપો. આ વાત પ્રવચનમાં આપના મુખે સાંભળ્યા બાદ ઘરે જઈને બાળકોને એકઠા કરીને કહી દીધું કે રાત્રિભોજન જે નહીં કરે એને ૧૦ રૂપિયાનું ઇનામ, એકાસણું કરશે એને ૫૦ રૂપિયાનું, આયંબિલ કરશે એને ૮૦ રૂપિયાનું અને ઉપવાસ કરશે એને ૧૦૦ રૂપિયાનું ઇનામ મારા તરફથી મળશે.’

બસ, **એ દિવસથી અમારા ઘરમાં રાત્રિભોજન બંધ છે અને દર શનિવારે બધાં જ બાળકો એકાસણાં કરે છે. સૌથી વધુ આનંદ અને આશ્ચર્યની વાત તો એ છે કે એમને ઇનામમાં જે પણ રકમ મળી છે એ બધી જ રકમનો વ્યય એમણે ધર્મકાર્યોમાં જ કર્યો છે.’**

કોણ કહે છે, કુમળા છોડને સાચી અને સારી દિશામાં વાળી દેવામાં આજના કાળે સફળતા નથી મળતી ?

સંગને
જે સત્સંગ બનાવી શકે,
દ્રવ્યને
જે સદ્દ્રવ્ય બનાવી શકે,
મતિને
જે સન્મતિ બનાવી શકે,
આધિને
જે સમાધિ બનાવી શકે અને
બુદ્ધિને
જે સદ્બુદ્ધિ બનાવી શકે
એની મોત પછીની ગતિ,
સદ્ગતિ બનીને જ રહે છે.

**ભલેને, હાથમાં ડૂબી જવાના સ્વભાવવાળી લોખંડની ખીલી છે. એને લાકડા સાથે જોડી દઈને પાણીમાં તરાવી શકાય છે. ભલે ને, સામે રહેલ બાટલીમાં વિષ છે. કુશળ વૈદ પોતાની આવડતથી એનું ઔષધિમાં રૂપાંતરણ કરી શકે છે. ભલે ને, સ્વામિત્ત્વ વિપુલ સંપત્તિનું છે, ઉદારતાના માધ્યમે એને કલ્યાણકર બનાવી શકાય છે. ભલે ને હાથમાં ધારદાર છરી છે, કુશળ સર્જ્યન ડૉક્ટર એના સમ્યક્ ઉપયોગ દ્વારા દર્દીને રોગમુક્ત કરી શકે છે.**

**ટૂંકમાં, તમારી પાસે શું છે, એ જેટલું મહત્ત્વનું છે એના કરતાં તમે કોણ છો એ વધુ મહત્ત્વનું છે. તમારા જીવનમાં તમે કોને પ્રવેશ આપ્યો છે એ જેટલું મહત્ત્વનું છે એના કરતાં અનેકગણું મહત્ત્વનું તો એ છે કે તમે તમારા મનમાં કોને પ્રવેશ આપ્યો છે ?**

✣ ✣ ✣

‘અચાનક અત્યારે કેમ ?’ પરિવાર સાથે આવેલા એક નવયુવકને બપોરના સમયે વંદનાર્થે આવેલ જોઈને મેં પૂછ્યું.



૫૪

‘આ બાજુ પ્રભુનાં દર્શન કરવા અમે આવ્યા હતા’

‘અત્યારે ?’

‘હા’

‘પણ આજે તો રવિવાર છે’

‘દર રવિવારે અમે આવીએ છીએ’

‘શું વાત કરે છે ?’

મારા આ આશ્ચર્યનો એ કાંઈ જવાબ આપે એ પહેલાં એની ધર્મપત્નીએ મને જવાબ આપ્યો.

‘મહારાજ સાહેબ, મારા વેવિશાળની વાત ચાલતી હતી ત્યારે જ મેં મમ્મીને કહી દીધું હતું કે એક મહિનામાં ઓછામાં ઓછા ચાર વાર મને જે દાદાસાહેબના દેરાસરે દર્શન કરવા લઈ જાય એની જ સાથે તું મારો સંબંધ નક્કી કરજે.’

‘પછી ?’

‘પછી શું ? એમની સાથે મારો સંબંધ નક્કી થવાની વાત જ્યારે એકદમ આગળ વધી ગઈ હતી ત્યારે એમને મેં ખુદે પૂછી લીધું હતું.

‘મારી શરત ખ્યાલમાં છે ?’

‘કઈ ?’

‘એક મહિનામાં ચાર વાર તો દાદાસાહેબનાં દેરાસરે મને દર્શન કરવા લઈ જવું જ પડશે.’

‘હા. તારી એ શરત તો મને માન્ય છે જ પણ વધુમાં હું તને વચન આપું છું કે મહિનાના ચાર રવિવાર ઉપરાંત દર પૂનમે પણ તને હું ત્યાં દર્શન કરવા લઈ જઈશ.’

મહારાજસાહેબ, લગ્ન કર્યાને વરસો વીતી ગયા પણ ક્રમ આજ સુધી બરાબર અખંડ રીતે જળવાઈ રહ્યો છે !

**સંબંધ બાંધતા પહેલાં આવી ‘શરત’ મૂકતા આત્માઓ આજના કાળે આંગળીના વેઢે ગણાય એટલા પણ હશે કે કેમ એમાં શંકા છે.**

સમ્યક્ ઉપદેશ
પાપથી દૂર રાખવામાં કદાચ
સફળ ન પણ બને,
સત્સંગને પણ
પાપથી આત્માને દૂર રાખવામાં
સફળતા કદાચ ન પણ મળે
પરંતુ
શરમ એ
એક એવું શ્રેષ્ઠતમ પરિબળ છે કે
જેની આંખમાં
એ હાજર હોય છે એને એ
પાપથી દૂર રાખીને
જ રહે છે.

**ચીનની આ કહેવત ખ્યાલમાં છે ? 'જેની આંખોમાંથી શરમનું જળ સુકાઈ ગયું હોય એની દોસ્તી ક્યારેય ન કરશો' કારણ ? બેશરમ વ્યક્તિ સ્વયં તો કોઈ પણ જાતના હિચકિચાટ વિના પાપો કરતી જ રહેશે પણ પોતાના પરિચયમાં રહેનારને ય પાપોમાં પ્રવૃત્ત થવા માટે એ નિર્લજ્જ બનાવતી રહેશે. જ્યાં નિર્લજ્જતાનો પગપેસારો થઈ ગયો ત્યાં એક પણ પાપસેવન બાકી નહીં રહે. બે જ કામ કરો. બેશરમ સાથે રહો નહીં અને સ્વયં બેશરમ બનો નહીં.**

'ઈંડાં ?'

'નથી'

'ખલાસ થઈ ગયા ?'

'ના'



૨૪

'તો ?'

'હવે અહીં ઈંડાં નહીં મળે'

'ક્યારેય નહીં ?'

'ના'

'પણ કારણ કાંઈ ?'

'આવતી કાલે અહીંયાં કોક સંત આવવાની વાત છે. અહીં રસ્તાઓ પર એમના આગમનને વધાવતા બેનર્સ લગાડાયા છે. એમના પ્રવેશ માટેની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે અને અતિ મહત્ત્વની વાત તો એ છે કે એ સંતનાં પ્રવચનો મારી આ પાનની દુકાનને અડીને જ થવાના છે.

અલબત્ત,

એ સંતને મેં હજી સુધી જોયા નથી. આવતી કાલે અત્રે પધારશે ત્યારે મને એમનાં દર્શન થશે પણ સાંભળ્યું છે કે એમનાં પ્રવચનો સાંભળવા જેવા હોય છે. તક મળશે ત્યારે હું પ્રવચન તો સાંભળીશ જ પણ મને એમ લાગે છે કે એ સંતની અત્રે પધરામણી થાય એ પહેલાં જ મારે મારી દુકાનમાંથી ઈંડાંના વેચાણ પર પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ. બસ, એ ખ્યાલે જ અહીંથી ઈંડાં દૂર કરી દીધા છે'

'કાયમ માટે ?'

'હા. અત્યારે તો એવી જ ઇચ્છા છે કે આ હિંસક ચીજનું વેચાણ ક્યારેય કરવું જ નહીં પણ આગળની વાત તો હું અત્યારે નથી કરતો. અત્યારે તો એ સંતની અહીં પધરામણી થાય ત્યારથી માંડીને અત્રે ઉપસ્થિત રહે ત્યાં સુધી હું આ દુકાનમાં ઈંડાં મૂકવા નથી માગતો.'

જે સ્થળે મારું ચાતુર્માસ થવાનું હતું એ સ્થળેથી ચાતુર્માસ પ્રવેશના આગલા દિવસે મને મળવા આવેલા ત્રણ-ચાર યુવકોએ જ્યારે આ પ્રસંગની વાત કરી ત્યારે મારી આંખમાં હર્ષનાં આંસુ આવી ગયા.

**શું આ પ્રભાવ આ ધરતી પર મળી ગયેલા જન્મનો જ હશે ? એ સિવાય વગર દર્શને અને વગર ઉપદેશ શ્રવણે આ સત્ત્વ ફોરવવાનું મન થાય જ શી રીતે ?**

પૈસા
બચાવવા કરતાં ય
પુણ્ય બચાવવામાં વધુ
સત્ત્વ જોઈએ છે
તો
પુણ્ય બચાવવા કરતાં ય
મનનાં પરિણામ
બચાવવામાં તો અનેકગણું સત્ત્વ અને
અનેકગણી જાગૃતિ જોઈએ છે.

**તપાસતા રહો જીવનને. આપણે વધુ જાગ્રત અને વધુ સાવધ શેમાં છીએ ? માત્ર આ જ જનમમાં કામ લાગતા પૈસા બચાવવામાં ? આવતા જનમમાં કામ લાગતા પુણ્યને બચાવવામાં ? કે પછી જનમોજનમને સુધારી દેવાની પ્રચંડ ક્ષમતા ધરાવતા મનના પરિણામને બચાવવામાં ?**

**કહેવું હોય તો અપેક્ષાએ એમ કહી શકાય કે નાસ્તિક એ છે કે જેને કેવળ પૈસા બચાવવામાં જ રસ છે. આસ્તિક એ છે કે જેની નજર પુણ્ય બચાવવા તરફ પણ છે જ્યારે ધાર્મિક એ છે કે જે મનનાં પરિણામ બચાવવા સતત સાવધ છે અને જાગ્રત છે. મનનાં પરિણામને સાચવી લેવા એક વાર એ પૈસાને પણ ગૌણ કરી દે છે તો પુણ્યને ગૌણ કરવા ય એ તૈયાર રહે છે.**

✣ ✣ ✣

'ક્યાં જવું છે ?'

હાથ ઊંચો કરીને સાઈકલ રિક્ષાને ઊભી રાખી દેનાર યુવકને રિક્ષાચાલકે પૂછ્યું,

'ગુજરાત એપાર્ટમેન્ટ'

'બેસી જાઓ'

'રૂપિયા ?'



## ૭૪ 'પંદર આપજો' 'પંદર ?'

'હા'

દરરોજ પ્રવચન સાંભળવા સાઈકલ રિક્ષામાં આવતો એ યુવક રિક્ષાચાલકના મુખે 'પંદર રૂપિયા'નો ભાવ સાંભળતા પળવાર તો આશ્ચર્યચકિત થઈ ગયો પણ એની સાથે દલીલબાજીમાં ઊતર્યા વિના સાઈકલ રિક્ષામાં એ બેસી ગયો. ગુજરાત એપાર્ટમેન્ટ આવતાં એ સાઈકલ રિક્ષામાંથી ઊતર્યો તો ખરો પણ રિક્ષાવાળાને એણે પૂછ્યું,

'કોઈ મજબૂરી છે ?'

'આમ કેમ પૂછવું પડ્યું ?'

'હું છેલ્લા દોઢેક મહિનાથી દરરોજ સાઈકલ રિક્ષામાં અહીં આવું છું અને દરેક રિક્ષાચાલકે મારી પાસેથી ૨૦ રૂપિયા માગ્યા છે અને મેં દરેકને ૨૦ રૂપિયા આપ્યા છે.

'હું પણ ૨૦ રૂપિયા જ લઉં છું'

'તો પછી મારી પાસે ૧૫ રૂપિયા જ કેમ ?'

'શેઠ, દીકરો બીમાર હોવાના કારણે ગઈ કાલે આખો દિવસ મારે ઘરમાં જ રહેવું પડ્યું અને આજે ય બપોરના બારેક વાગે મારે ઘરે પહોંચી જવાનું છે. દીકરા માટે દવા લાવવાના મારી પાસે પૈસા નથી. જો ભાવ-તાલ કરું અને ઘરાક ચાલ્યો જાય તો હું દીકરાની દવા કરી શી રીતે શકું ? બસ, આ જ કારણસર મેં તમને અહીં આવવાના ૧૫ રૂપિયા જ કહ્યા.' આટલું બોલતા બોલતા રિક્ષાચાલકની આંખમાં આંસુ આવી ગયા.

**'મહારાજ સાહેબ, પળની ય વાર લગાડ્યા વિના એના હાથમાં મેં ૫૦ની નોટ પકડાવી તો દીધી પણ અત્યારે ય હું એ સ્પષ્ટ નક્કી કરી શકતો નથી કે ૫૦ની નોટ લઈને એ વધુ પ્રસન્ન થયો હતો કે ૫૦ની નોટ એને આપીને મેં વધુ પ્રસન્નતા અનુભવી હતી ?'**

ઈચ્છાને
'જરૂરિયાત' બનાવનારો
જો જીવનમાં
દુઃખી દુઃખી થઈ જાય છે તો
વિલાસને
'જરૂરિયાત'માં
ગોઠવી દેનારની હાલત તો
એવી થઈ જાય છે કે
રોજેરોજ એ
પ્રેમ, પ્રસન્નતા અને સ્વસ્થતા-એ
ત્રણેયને ગુમાવતો
જ રહે છે.

**એક મોબાઈલ પાસે છે જ પણ નવી ડિઝાઈનવાળો મોબાઈલ બજારમાં આવ્યાનાં સમાચાર કાને પડે છે અને એ મોબાઈલ ખરીદી લેવા મન તૈયાર થઈ જ જાય છે. ઘર આંગણે બે ગાડી ઊભી જ છે પણ નવા મૉડલની ગાડી બહાર પડે છે અને મન એ ગાડી ખરીદી લેવા ઉત્તેજિત થયા જ કરે છે. કબાટમાં પંદર જોડી કપડાં છે જ પણ બજારમાં કપડાંની નવી ફૅશન બહાર આવે છે અને એ ફૅશનનાં કપડાં ખરીદી લીધા વિના મનને ચેન જ નથી પડતું.**

**પરિણામ ? સંપત્તિનો દુર્વ્યય તો ખરો જ પણ કરોડો રૂપિયા ખર્ચીને ય ન મેળવી શકાય એવા માનવજીવનના કીમતી સમયનોય દુર્વ્યય ! સુસંસ્કારોના હ્રાસની સાથે પુણ્યકર્મનો ય હ્રાસ ! જીવન અશાંત, મોત બેકાર અને પરલોક બરબાદ ! આ ખતરનાક રસ્તેથી વહેલી તકે પાછા ફરી જવા જેવું છે.**

✣ ✣ ✣

'મહારાજ સાહેબ, આપ સાધુ બની ગયા છો એટલે આપને માટે જરૂરિયાત પર



જ અટકી જવું કદાચ સહેલું હશે પરંતુ જે સંસારમાં અમે જીવી રહ્યા છીએ એ સંસારમાં અમારે માટે જરૂરિયાત પર જ અટકી જવાનું કઠિન જ નથી, સર્વથા અશક્ય જ છે.'

'કારણ ?'

'મોભાને અનુરૂપ તો અમારે જીવવું જ પડે છે'

**'જવાબ આપો. મોભાને અનુરૂપ જીવન જ જીવો છો કે પછી ધર્મ પણ મોભાને અનુરૂપ જ કરો છો ?'**

'એટલે ?'

'ઉડાઉપણું જ મોભાને અનુરૂપ કે ઉદારતા પણ મોભાને અનુરૂપ જ ?'

'ઉડાઉપણું જ મોભાને અનુરૂપ'

'એક કામ કરશો ?'

'શું ?'

'અત્યારે માત્ર કપડાંની વાત જ લઈએ. મોભાને અનુરૂપ તમારે નવાં કપડાં કદાચ ખરીદવા પણ પડે તો ય નક્કી કરી દો કે આજની તારીખે તમારી પાસે જેટલી જોડી કપડાં છે એટલી જોડી કપડાં જ તમારે રાખવાના !'

'એટલે ?'

'જેટલી જોડી નવાં કપડાં લાવો, એટલી જોડી જૂનાં કપડાં તમારે જરૂરિયાતમંદોને આપી દેવાના. નવાં કપડાં લાવવાના તમારા ઓરતાં ય પૂરાં થઈ જશે અને કપડાંની જોડી ન વધારવાની મારી પ્રેરણા ય અમલી બની જશે.'

'મહારાજ સાહેબ, જેટલી જોડી નવાં કપડાં લાવું એના કરતાં બમણી જોડી જૂનાં કપડાં મારે જરૂરિયાતમંદોને આપી દેવા એવો નિયમ આપી દો'

પ્રવચનસભામાં એ ભાઈએ જ્યારે આ નિયમ માગ્યો ત્યારે આખી પ્રવચનસભાએ એ ભાઈના આ સત્ત્વને ભારોભાર અનુમોદનાથી વધાવી લીધું.

શ્રદ્ધા
ચમત્કાર સર્જે છે કે કેમ,
એની તો ખબર નથી
પરંતુ
શ્રદ્ધા સ્વયં ચમત્કાર છે
એ તો શંકા વિનાની વાત છે
કારણ કે
એમાં આંખેથી ન દેખાતી અને
મનમાં ન બેસતી વાતો પર
વિશ્વાસ મૂકી દેવાનો હોય છે.
અને એટલે જ
શ્રદ્ધા ચમત્કારથી ઓછું કશું જ નથી.

**વિજ્ઞાનયુગે બીજાં જે પણ નુકસાનો કર્યા હોય તે, પણ એણે શ્રદ્ધા ક્ષેત્રે કડાકો બોલાવી દેવાનું જે જાલિમ નુકસાન કર્યું છે એને ભરપાઈ કરતાં તો અચ્છા અચ્છા ધર્મગુરુઓને ય નવનેજાં પાણી ઊતરી રહ્યા છે. 'આંખેથી જો દેખાતું નથી અને તર્કથી જો મગજમાં બેસતું નથી તો એ ચીજ આ જગતમાં છે જ નહીં એમ માની લો' હા. આ છે વિજ્ઞાનની આધારશિલા. એણે પર્વતને તોડીને અણુમાં રૂપાંતરિત કરી દીધો પણ એક પણ આત્માને એ પરમાત્મા ન બનાવી શક્યું. કારણ કે રૂપી પદાર્થ એને સ્વીકાર્ય છે પરંતુ અરૂપી એવો આત્મા એને સ્વીકાર્ય નથી.**

**પણ સબૂર !**

**કેવળ તર્કના સહારે દિવસનો એક કલાક પણ પસાર કરવો તમારા માટે શક્ય નથી જ્યારે શ્રદ્ધાના સહારે તમે આખી જિંદગી આસાનીથી ખેંચી શકો છો અને એટલે જ જીવનનું ચાલકબળ તર્કને ન બનાવતા શ્રદ્ધાને જ બનાવવા જેવું છે.**

✣ ✣ ✣



## ૬૪ 'તમે એક કામ કરો' 'શું ?'

'આ સોની નોટ પર હાથ મૂકી દો'
'પણ શેના માટે ?'
'તમને ફ્રેક્ચર થયું છે ને ?'
'હા'
'ઑપરેશન માટે હૉસ્પિટલમાં..'
'હમણાં જ જવાનું છે'
'વેદના ?'
'ખૂબ છે'
'ઑપરેશન ?'
'જોખમી છે.'

'બસ, એટલા માટે જ કહું છે કે આ સોની નોટ પર તમે હાથ મૂકી દો. એ નોટ લઈને હું જાઉં છું સીધો પાંજરાપોળમાં. જીવદયાના કાર્યમાં આ રકમ વપરાઈ જશે. આ વેદના તમારે ભોગવવાની આવી છે એના મૂળમાં એક જ વાત છે. ગત જન્મોમાં તમે જાણ્યે કે અજાણ્યે જીવહિંસા કરી છે, જીવોને પીડા આપી છે, જીવોને દૂભવ્યા છે. અત્યારે તમે જીવોને શાતા આપી દો. શક્ય છે કે એનાથી બંધાતું પુણ્ય તમને પીડામાં રાહત આપીને જ રહે'

એ ભાઈના મગજમાં આ વાત બેસી ગઈ. પેલા ભાઈએ ધરેલી સોની નોટ પર એમણે હાથ મૂક્યો. હૉસ્પિટલમાં દાખલ થઈ ગયા. એ જ દિવસે સાંજના ઑપરેશન થિયેટરમાં એમને લઈ ગયા.

અને કલ્પનામાં ય નહોતો એવો ચમત્કાર સર્જાયો. ચારેક કલાક ચાલનારું ઑપરેશન એક જ કલાકમાં પૂર્ણ થઈ ગયું. જુદાં જુદાં ચારેક સ્થળો પર સળિયા નાખવા પડે તેમ હતા એના બદલે એક પણ સ્થળ પર સળિયો નાખવો ન પડ્યો અને કમાલની વાત તો એ થઈ કે માત્ર પંદરેક દિવસમાં એ ભાઈ ચાલતા થઈ ગયા !

**'બુદ્ધિના ક્ષેત્ર કેરા સીમાડા જ્યાં અટકી ગયા,**
**તે પછીના પ્રદેશોને શ્રદ્ધા સંતો કહી ગયા.'**

વિસ્મય,

કૂતુહલ,

જિજ્ઞાસા,

આશ્ચર્ય,

આનંદ,

નિર્દોષતા,

નિશ્ચિંતતા અને

નિર્મળતા.

કદાચ આ તમામનો

સરવાળો એટલે જ

બાળપણ.

આ દુઃખદ વાસ્તવિકતા છે કે ઉંમર વધતા શરીર તો વિકસિત થતું જ રહે છે પરંતુ બાલ્યવયમાં સુલભ વિસ્મયભાવ વગેરેની વૃત્તિઓમાં ગજબનાક કડાકો બોલાતો જ રહે છે. આ કડાકો બોલાવામાં પ્રધાનફાળો જો કોઈનો ય હોય તો એ છે આજની શિક્ષાપદ્ધતિનો. એ બુદ્ધિને ધારદાર જરૂર બનાવી રહી છે પરંતુ હૃદયની સંવેદનશીલતાને તો એ ખતમ જ કરી રહી છે. બાળકને એ હોશિયારી જરૂર આપી રહી છે પરંતુ એની પાસેથી એ ડહાપણ અને ભોળપણને તો આંચકી જ રહી છે. બાળકને એ બૌદ્ધિક તાકાત તો આપી જ રહી છે પરંતુ એની પાસે રહેલ સરળતાની નિર્દોષ તાકાત તો એ ઝૂંટવી જ રહી છે.

**અધ્યાત્મ જગત એમ કહે છે કે મોટા ભલે ગમે તેટલા બનો, બાળપણ તો ટકાવી જ રાખો. આજનું વિજ્ઞાન એમ કહે છે કે બાળપણમાં જ તમે મોટા બની જાઓ ! આમ છતાં ક્યાંક ક્યાંક બાળપણ, ભોળપણ અને ડહાપણ ત્રણેય એક જગાએ જોવા મળે છે ત્યારે દિલ પ્રસન્નતાથી તરબતર થઈ જાય છે.**

✣ ✣ ✣

રાતના સમયે પ્રતિક્રમણ બાદ પોતાના પપ્પાની સાથે આવેલા એક છ વરસના



બાળકને મેં પૂછ્યું,

૦૫

'બોલ, શું છે ?'

'તમારી સાથે આ નાના મહારાજ છે ને, એમણે દીક્ષા ક્યારે લીધી ?'

'બે વરસ થયા'

'અત્યારે એમની ઉંમર કેટલી ?'

'તેર વરસ'

'અગિયાર વરસે દીક્ષા લીધી ?'

'હા'

'એમને એમનાં મા-બાપ યાદ આવે જ નહીં ?' બાળકનો આ પ્રશ્ન સાંભળીને હું સ્તબ્ધ થઈ ગયો.

'તું એક કામ કરીશ ?'

'શું ?'

'નાના મહારાજને હું અહીં જ બોલાવી લઉં છું. તું એમને જ પૂછી લે.' મેં મારી સાથે રહેલા નાના મહારાજને - કે જે સ્વાધ્યાય કરી રહ્યા હતા - મારી પાસે બોલાવ્યા.

'મહારાજ સાહેબ, તમને તમારાં મા-બાપ યાદ આવે ?'

'ના'

'કેમ ?'

'ગુરુદેવ અમને પ્રેમ જ એટલો બધો આપે છે કે મમ્મી-પપ્પા મને યાદ આવતાં જ નથી. બોલ, તારે દીક્ષા લેવી છે ?'

'ના'

'કેમ ?'

'મારે તો ક્રિકેટર બનવું છે'

'તારા પપ્પાને દીક્ષા આપી દઈએ ?'

**'હા. એમને આપી દો. એ દીક્ષા લઈ લે તો મને આખો દિવસ ક્રિકેટ રમવા તો મળે !' બાળકનો આ જવાબ સાંભળીને એના પપ્પા સહિત સહુ ખડખડાટ હસી પડ્યા !**

**ભારતની રાજધાની**
**દિલ્લી છે**
**પરંતુ**
**દુર્ગુણોની રાજધાની તો**
**મન છે અને**
**સદ્‌ગુણોની રાજધાની તો**
**અંતઃકરણ છે.**
**જો જીવનને**
**મનની જ આજ્ઞામાં રાખશો**
**તો દુર્ગુણોથી જીવન ગંધાતું રહેશે**
**અને**
**જીવનને જો**
**અંતઃકરણની આજ્ઞામાં રાખી**
**દેશો તો સદ્‌ગુણોથી જીવન**
**સુવાસિત બન્યું રહેશે.**
**આવો, જીવનની પવિત્રતાને**
**નિશ્ચિત કરી દેવા મનનું સાંભળવાનું**
**બંધ કરી દઈએ.**
**અંતઃકરણનું સાંભળવાનું  શરૂ કરી દઈએ.**
**કલ્પનાતીત ચમત્કાર સર્જાઈને જ રહેશે.**

## દિલ્લી,  દિલવાળાની...

બેડોળ પણ પથ્થર કુશળ શિલ્પીના હાથમાં આવી જાય છે અને સુંદર પ્રતિમાના આકારમાં એ રૂપાંતરિત થઈ જાય છે. બીમાર પણ દર્દી કુશળ ડૉક્ટરના હાથ નીચે સારવાર પામે છે અને તંદુરસ્તીના સૌભાગ્યને એ પામી જાય છે. કર્માધીન અને કુસંસ્કારાધીન પણ આત્મા સદ્‌નિમિત્તો, સદ્‌આલંબનો, સત્પ્રેરણાઓ, સદ્‌વાંચન અને સત્સંગ પામે છે અને પોતાના જીવનને એ સમ્યક્ વળાંક આપીને જ રહે છે.

✣ ✣ ✣

દિલ્લી ! જ્યાં આ દેશના સમસ્ત પ્રજાજનોનાં સુખની, હિત [?] ની અને કલ્યાણ [?] ની નીતિઓ નક્કી થાય છે, જ્યાંના વાતાવરણમાં રાજકારણનો માહોલ ઠાંસીઠાંસીને ભર્યો છે ‘ઠગોની નગરી દિલ્લી’ આવી પણ જેની ઓળખ છે’ તો ‘દિલ્લી દિલવાળાની’ આવી પણ જેની ઓળખ છે એ દિલ્લીમાં પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીની પાવન આજ્ઞાથી અને મંગળ આશીર્વાદથી મારે આવવાનું બન્યું અને અહીં જે કાંઈ જોવા, જાણવા, સાંભળવા, અનુભવવા મળ્યું એને શબ્દદેહ આપવાનો મેં અહીં પ્રયાસ કર્યો છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો અહીં અનેક રાજકારણીઓને, વકીલોને, ન્યાયાધીશોને, આઇ.એ.એસ. ઑફિસરોને, ડૉક્ટરોને, ઉદ્યોગપતિઓને મારે મળવાનું બન્યું છે. મને એમનામાં સરળતાનાં, સહૃદયતાનાં, સૌજન્યનાં, સદ્‌ભાવનાનાં દર્શન થયા જ છે. આ મંગળ અનુભવોના આધારે હું એમ માનતો થયો છું કે જો એ સહુના કાન સુધી સમ્યક્ વાતો પહોંચાડવામાં આવે તો અચૂક આ દેશનું ભાવિ ઉજ્જવળ પણ છે. અને નિર્મળ પણ છે. પ્રજાજનોનો શીલ-સદાચારનો વારસો સુરક્ષિત પણ છે અને વર્ધમાન પણ છે.

અહીં અનુભવેલા સત્ય પ્રસંગોના આલેખનમાં અતિશયોક્તિનો પ્રયોગ અજાણતાં ય મારાથી થઈ ગયો હોય કે શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ અજાણતાં ય કાંઈ લખાણ થઈ ગયું હોય તો એનું હું અંતઃકરણપૂર્વક ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં માગું છું.

**દ. આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ**